# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૨૩ અંક-૧૨ મો.
વર્ષ-૨૪ અંક—૧ લો.

તન્ત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી.

ભાદ્રપદ-માસ
આશ્વિન-માસ

अतीतसम्प्रतौ काले, चाऽऽयतौ कोऽप्यगाद् भवात् । याति यास्यति नो मोक्षं, सिद्धचक्रतपो विना ॥१॥
श्रीपालमयणे भव्यं, हेतुं प्राप्योत्तरोत्तरे । सिद्धचक्रप्रभावेण, भवान्निर्वाणमेष्यतः ॥२॥
अमरकीर्तिः॥

**ભાવાર્થ:**—શ્રી સિદ્ધચક્રની આરાધના વિના કોઇપણ આત્મા સંસારથી ભૂતકાળમાં મોક્ષે ગયો નથી, વર્તમાનકાળમાં જતો નથી, અને ભવિષ્યકાળમાં જશે નહિ; (તેજ) શ્રી સિદ્ધચક્રના પ્રભાવથી શ્રીપાળ અને મયણાસુંદરી ઉત્તરોત્તર ભવોમાં ભવ્ય સાધન-સામગ્રી-સંયોગોને પ્રાપ્ત કરી અન્તમાં અવ્યાબાધ સુખનું આસ્વાદન કરશે. "અમરકીર્તિ"

## સકલ-સંઘને સૂચના.

આલેખનકાર:—પ૦ પૂ૦ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિજી મહારાજ

**આચરણાની પ્રાધાન્યતા.**

ત્રિકાલાબાધિત-અવિચ્છિન્ન પ્રભાવશાળી શ્રી વીરવિભુના શાસનમાં શ્રી જૈન શ્વે૦ મૂ૦ શ્રી તપાગચ્છમાં વર્તમાન ચારે પ્રકારનો સકલ શ્રી સંઘ શ્રી દેવસૂરિજી મહારાજની પરંપરાને આચરનારો છે. અને તેથીજ ચતુર્વિધ શ્રી સંઘને શ્રી દેવસૂરગચ્છવાળા કહેવામાં આવે છે એ ધ્યાનમાં રાખવું. તે આ૦ વિજયદેવસૂરિજી વિ. સં. ૧૭૧૩ની સાલમાં કાળધર્મ પામ્યા ત્યાંસુધી અને તે પછી પણ લગભગ ૨૭૯ વર્ષ સુધી તેઓશ્રીએ પ્રવર્તાવેલી આચરણા અખંડપણે ચાલી હતી અને ચાલે છે.

સકલ ચતુર્વિધ શ્રી સંઘને જૈન શાસનમાન્ય શાસ્ત્રોના વચન પ્રમાણે અનુષ્ઠાનોને આરાધવાના બે આધારો હોય છે. એક આધાર તો પૂ૦ શ્રી ગણધરાદિ વિરચિત **આગમાદિનો,** અને બીજો આધાર સંવિગ્ન ગીતાર્થ ભગવંતોની **આચરણાનો** છે; કે જે આચરણાને શ્રી ભગવતીજી, શ્રી સ્થાનાંગ-સૂત્ર, અને વ્યવહાર સૂત્રમાં **જીત આચાર** તરીકે જણાવેલો છે, અને એક અપેક્ષાએ તેનું સર્વોત્કૃષ્ટ પ્રબલપણું છે. એટલુંજ નહિં પણ વ્યવહાર સૂત્રની વૃત્તિમાં **આચરણા-જીત-અને ઉચીત એ**

[ વધુ માટે જુઓ ટાઇટલ પેજ ત્રીજું ]

વિ. સં. ૨૦૧૩.
વી. સં. ૨૪૮૩.
ઇ. સ. ૧૯૫૭.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ
C/o નરેશચન્દ્રભાઇ ચીમનલાલ સંઘવી,
ઠે. ગલેમંડી, ગોળશેરી-સુરત (W. Rly)

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
આ અંકના-
રૂ. ૧—૨—૦

# નૂતન વર્ષમાં પ્રવેશ.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિનું મુખપત્ર શ્રી સિદ્ધચક્ર માસિક છે.** આ માસિક ચાલુ વર્ષનો અંક બારમો પ્રસિદ્ધ કરીને ત્રેવીસમા વર્ષની પરિસમાપ્તિ અનુભવે છે. સાથે સાથે વર્ષ ૨૪ નો પ્રથમ અંક એટલે સંયુક્ત (વર્ષ–૨૩નો ૧૨ મો, વર્ષ ૨૪ નો પ્રથમાંક) બે અંક સાથે આપવાનો નિર્ણય હમારી સમિતિએ કર્યો છે. કારણકે **"જૈન જનતા સાવધાન"** નામની પુસ્તિકા કે જેમાં "નવા મતના પ્રચારનું સચોટ નિરસન છે," તે પુસ્તિકાનું લગભગ પાંચ ફાર્મ ઉપરાંત લખાણ સળંગ–સંપૂર્ણ આપવાનો ઇરાદો હોવાથી આ માસિકનો સંયુક્ત અંક રૂપે પ્રગટ થાય છે તેની ગ્રાહકોએ નોંધ લેવી.

પરિસમાપ્ત પામતા વર્ષ ૨૩ ના ટા. પેજ ચોથા ઉપર **"અસત્યના પ્રચારકને"** આ હેડીંગથી **પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજીએ** નવામતના પ્રચારક શ્રી મહાવીર શાસનના તંત્રીને સચોટ જવાબ આપેલ છે. એટલુંજ નહિં પણ નવા મતવાળાઓ તરફથી પ્રગટ થયેલું અને પ્રગટ થતું સાહિત્ય કે જેમાં વધુ પડતા વિષમય–અસત્ય–વાગ્સંભારના પ્રતિબિંબરૂપ છે, તે બધા સાહિત્યના પ્રતિકારરૂપે આ માસિકના વર્ષ–૨૩ ના ટાઇટલ પેજો અને સમાલોચનાઓ સત્યના ગવેષકોને અવશ્યમેવ વાંચવાની ભલામણ છે.

હમારી સમિતિ અને હમારા માસિકનો (સિદ્ધચક્ર માસિકનો) ઉદ્દેશ અને કાર્યપ્રદેશ પ્રભુ-શાસનની આબાદી, વૃદ્ધિ અને સંરક્ષણના પ્રસંગોને અનુસરે છે. અને સમિતિના મુખપત્ર તરીકે શ્રી સિદ્ધચક્ર માસિક દરેક માસની તા. ૧૭ મીએ પ્રસિદ્ધ થાય છે. શાસનસંરક્ષણાદિ માટે અમારૂં હિતકારિ પ્રકાશન પણ કોઇની લાગણીને દુભવનારૂં બન્યું હોય તે ક્ષંતવ્ય ગણીને આ માસિક ચોવીસમા વર્ષ રૂપ નૂતન વર્ષમાં પ્રવેશ કરે છે. સુજ્ઞેષુ કિં બહુના.

---

## (ટાઇટલ પેજ ત્રીજાથી ચાલુ)

સમાચારમાં, સંદેશમાં, મહાવીરશાસનમાં અને જૈન જાગૃતિમાળાના પાંચે મણકાઓમાં આવતું લખાણ અનેકવાર અસત્યરૂપે અને શાસ્ત્ર–પરંપરાના લોપકરૂપે પુરવાર થયેલું લખાણ પુનઃ પુનઃ પ્રગટ થયું છે–થાય છે. છતાં "હાર્યો જુગારીઓ બમણું ખેલે" અગર હિટલરના જમાનામાં ડો. ગોબેલ્સની જેમ આપણા નવા મત સંબંધિ પણ અસત્યનો પ્રચાર લાભદાયિ છે એમ માનીને દરેકે દરેક સાહિત્યમાં તેઓ તરફથી (તે નવામત તરફથી) શાસ્ત્રના ભાવો વિચાર્યા વગર, પૂર્વાપરની તપાસણીના ખ્યાલ વગર અને સૂત્ર કયા પ્રકારનું છે એની ઓળખાણ કર્યા વગર મનગમતા અર્થો કરીને લખ્યા કરવું એ ભવભીરૂ આત્માઓને લવલેશ લાભદાયક નથીજ. આરાધનામાં પર્વતિથિનો ક્ષય કરનાર આ એકજ "નવીન તિથિમત" છે. નવામતની ઉત્પત્તિ શી રીતે થઇ ?, કેવા સંયોગોમાં થઇ ?, ભુલ સુધારવાને બદલે અનેક ભૂલોની ભયંકર આંધીમાં કેમ સપડાયા ?, **સ્વ. આત્મારામજી મહારાજે ભા. સુ. ૫ નો ક્ષય માન્યો નથી એ આજ પણ પુરવાર થઈ શકે તેમ છે.** અને તે સ્વ૦ આત્મારામજી મહારાજે ભા. સુદ ૫ નો ક્ષય કર્યો નથી, અને ઉપરથી તેઓશ્રી પોતાના કાગળમાં જણાવે છે કે "૪+૫ ભેગાં કરીએ તો પંચમી પર્વની કરણી કયાં કરવી ?" આ વિગેરે

[વધુ માટે જુઓ પાનું ૮ મું]

॥ श्री वर्द्धमानपुरी मंडन श्री आदिनाथाय नमो नमः ॥

# નવામતના પ્રચારનું સચોટ નિરસન

લેઃ—મુનિ હંસસાગર.

## નવામતની શરૂઆત.

આપણો શ્રી દેવસૂર તપગચ્છ સમસ્ત સંઘ, આ વાતમાં તો સર્વસંમત છે કે—**"આપણા ધર્મપ્રિય શ્રી સંઘમાં છેલ્લા વીશ વર્ષથી ધર્મીવર્ગને પીડતા કલેશનું મૌલિકમૂળ, સં. ૧૯૯૨ના શ્રાવણ માસે મુંબઇ લાલબાગમાંથી શાસ્ત્ર અને પરંપરાથી સદંતર વિરૂદ્ધ નીકળેલો નવો તિથિમત છે."** કે-જે મત, પોતાના ગુરૂ આદિનીય સલાહ અને સંમતિ લીધા વિના આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ સ્વેચ્છાએ કાઢેલ છે. તે મતમાં આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી અને આ. શ્રી વિજયપ્રેમસૂરિજી તો પાછળથી અને શીરજોરીના પરીણામે ભળ્યા છે, અને પરવશ ગણાતા ભોળા વયોવૃદ્ધ આ. શ્રી વિજયસિદ્ધિસૂરિજી મ. તો રહી–રહીને ૧૯૯૬માં ભળી જવાની સ્થિતિમાં મૂકાએલા છે. એટલે કે–શિષ્યે મત કાઢયો અને ગુરૂ આદિ વડિલોએ તેને માન્યો ! એવો અવળી ગંગા સમો તે વિચિત્ર નવો મત છે.

## નવા મતના પ્રચારકો.

આ. શ્રી વિજયરામચંદ્રસૂરિના તે મતને શાસનપક્ષે અનેક વખત નિર્મૂળ ઠરાવી આપેલ છે, એ જગપ્રસિદ્ધ હકીકત છે. છતાં પોતાના તે નિરાધાર ઠરેલા મતનેય સાચો લેખાવવા સારૂ તેઓશ્રી 'હાર્યો જુગારી બમણું રમે' એ ઉક્તિ અનુસાર સમાજમાં વારંવાર જૂઠાં સાહિત્યો બહાર પાડતાજ રહ્યા છે, તે ખેદજનક છે. તેઓ તરફથી તાજેતરમાં પણ પ્રથમ મુંબઇ સમાચાર તા. ૧૩–૬–૫૭માં કોઇ **'ડી. સી. કાપડીયા'**ના નામે એક લેખ જાહેર થયેલ છે. તે લેખમાં સંવત્સરી અંગે અનેક અસંબદ્ધ વાતો પ્રગટ કરવામાં આવી છે. તે પછી વળી એજ લેખનું શીર્ષક પલટીને, તે લખાણને ત્રણ ગણું વધારીને અને તેના લેખકનું પણ **'ડી. સી. શાહ, કીંગ સરકલ, માટુંગા, મુંબઇ'** એ તરીકે નામ પલટીને તેમના તા. ૧૬–૬–૫૭ના મહાવીર-શાસન પત્રમાં તે લેખને પ્રસિદ્ધ કરેલ છે! એ પછી તે લેખને અહિંના (વઢવાણ સીટી)ના પ્રેસમાં ટ્રેકટ તરીકે છપાવીને પણ મોકળા હાથે પ્રચારવામાં આવી છે! કહે છે કે–આ કાર્ય મુંબઈ-લાલબાગમાં ચાતુર્માસ રહેલા **શ્રી મુક્તિવિજયજી** કરી રહેલ છે! તે ગમે તે હો, પરંતુ તેઓ તરફથી એ બહુરૂપી લેખમાં પોતાની **ભા. શુ. ૪×૫ને ગુરૂવારની સંવત્સરીની માન્યતાને છૂપાવીને તિથિ વિનાના કેવળ ગુરુવારનીજ સંવત્સરીને સાચી દેખાડવાનો દાંભિક પ્રયાસ કરવામાં આવેલ છે**, તેમજ પૂ. આ. મ. શ્રી વિજયનેમિસૂરિજી મ. ની હતી તે આચરણા મુજબ સં. ૧૯૮૯ સુધી તો પોતે પણ 'ચંડાંશુ૦ માંના ભા. શુ. ૫ ના ક્ષય વખતે બીજા પંચાંગની ભા. શુ. ૬ નોજ ક્ષય કર્યો છે' તે સત્ય બીનાને ઈરાદાપૂર્વક ઉડાવી દેવામાં આવેલ છે! એ પાપ તેઓશ્રીને કેમ નથી ખટકતું ? અને ઉપરથી ગુરુવારની માન્યતાની અસત્ય આળ તળે પૂ૦ વયોવૃદ્ધ જ્ઞાનગંભીર આ.

મ. શ્રી વિજયોદયસૂરિજી ઉપર અસત્ય હકીકત સ્વીકારેલ હોવાના અસત્ય આક્ષેપોની ઝડી વર્ષાવવાનું ગાઢ પાપ શું કામ કર્યું છે? કે જે ભવભીરૂ આત્માને શોભનીય નથી. તેઓની આવી અસત્ય પ્રોપેગેન્ડાથી કલ્યાણકામી સમાજે ખૂબજ ચેતતા રહેવા જેવું છે.

આ વાત એટલેથીજ નથી અટકી, પરંતુ તે પછી પણ તેઓના મહાવીરશાસન પત્રના અર્ધસ્વામી ગણાતા **આ. શ્રી અમૃતસૂરિજી** મ૦ ની લેખાતી **શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા** તરફથી તેના ગ્રંથાંક '૩૨' તરીકે 'તિથિચર્ચાના વિષયમાં સત્યનું સ્પષ્ટીકરણ' નામની એક ૬ ફોર્મ પ્રમાણ બૂક પણ અહિં (વઢવાણ સીટી) નાજ પ્રેસમાં છપાવીને તુરતો તુરત બહાર પાડવામાં આવેલ છે! કે જેમાંની સર્વ બીનાઓ નિરાધાર અને અસત્ય પ્રાયઃ છે. અને તે બૂકનાં પેજ ૬૭ થી ૮૦ સુધીમાં 'ડી. સી. શાહ'ના નામે પ્રસિદ્ધ થએલ એજ ટ્રેકટને ફરીથી પણ છાપીને પ્રચારવામાં આવેલ છે! આ અજબ પદ્ધતિનો મિથ્યા પ્રચાર, સમાજશાંતિના પ્રસંગે પણ તેઓશ્રીએ આ રીતે ચોગરદમ આદરી દીધેલ છે, તે જોતાં 'નવામતને હવે જો વેગ નહિ આપીએ તો સમાજમાં સ્થાનજ નહિ રહે' એવો તેઓશ્રીને સખત ભય લાગ્યો જણાય છે! શાસનદેવ સદ્બુદ્ધિ આપો. [સં. ૨૦૧૩ના અશાડ સુદ ૧ શુક્રવારના લેખ તરીકે શ્રી અમદાવાદ દાનમંદિરથી મુનિશ્રી **પદ્મવિ૦** ની સહીથી **સંદેશ-મું. સ.** અને અશાડ વદ ૪ ના તેમના **મહાવીર શાસન** વગેરે પેપરોમાં 'આ. શ્રી **વિજયપ્રેમસૂરિજી** મ૦ ના પત્ર' ના નામે પ્રસિદ્ધ થએલ પાખંડ પૂર્ણ લખાણે પણ એજ દિશામાં પ્રગતિ સાધેલ છે. તેમાંની માયાજાળનો પણ આંશિક ઘટસ્ફોટ તો અત્ર થઇજ જતો હોવાથી અને પોતે અનેક વખત સમાધાન માટે કહેવડાવી ચૂકયા છે, છતાં પોતે માનેલ સાચા મતને ખોટો અને સદંતર ખોટા તરીકે માનેલા નવામતને સાચો કહેવાની અનારાધક દશાને સમાજભરની શરમ તજીને તેવી ખુલ્લી રીતે બતાવી શકવાની હિંમત કરી શકયા હોવાથી તે પત્રમાંના શેષ લખાણને અત્ર બેજવાબદાર જનની ચેષ્ટા ગણીને ઉપેક્ષવામાં આવે છે.]

## વિ. સં. ૧૯૫૨ની સત્ય ઘટના.

શ્રી શાસન સુધાકર પત્ર વર્ષ ૧૦માના તા. ૨૪-૯-૪૯ના અંક ૯ ના પેજ ૫૭ થી ૫૯ ઉપર [સં. ૧૯૫૨ના ભા. શુ. પાંચમના ક્ષયે ભા. શુદ ૩ નો ક્ષય માનીને કેટલા પૂજ્ય મુનિવરોએ, કેટલા શહેરોએ અને કેટલાં સ્થાને શ્રી સંઘોએ ભા. શુ. ચોથના દિવસે સંવત્સરી કરી હતી? એ હકીકત, નામ-ગામ-સ્થાન વગેરે સંપૂર્ણ વિગતથી આપણને માહિતગાર કરતી] સં. ૧૯૫૨ની સંવત્સરી પ્રસંગની 'શ્રી સાંકળચંદ હઠીશંગ સિદ્ધારથ' ના નામની (આજથી ૬૧ વર્ષ પૂર્વેની) પ્રાચીન પત્રિકા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે પત્રિકા વાંચનારા સહુ કોઇ સ્પષ્ટ જાણી ચૂકેલ છે કે—"સં. ૧૯૫૨માં ભા. શુદ ૫ ના ક્ષયે ભા. શુદ ૩ નો ક્ષય કરીને ભા. શુદ ચોથના દિવસે સંવત્સરી કરનાર તરીકે એકલા પૂજ્ય સાગરજી મ૦ જ ન્હોતા; પરંતુ એ સાથે તે મુજબનીજ આચરણા કરનારા આ૦ શ્રી વિજયસિદ્ધિસૂરિજી મ૦, આ. શ્રી વિજયકનકસૂરિજી મ૦ ના ગુરૂ શ્રી જીતવિજયદાદા, સન્મિત્ર કપૂરવિજયજી, પં. શ્રી આનંદવિ૦ મ૦, ઇંદોરમાં શ્રી શાંતિવિ૦ મ૦ અને બીજા પણ મુનિરાજો, તથા તેઓશ્રીની નિશ્રાના શ્રી પેટલાદ-ઈન્દોર-રાધનપુર વગેરે અનેક ગામોના સમસ્ત સંઘો, સુરત વડાચૌટાનો સંઘ, સુરત ગોપીપુરાના શ્રાવકો, તથા ભાવનગરના શ્રાવક મગનલાલ બેચર,

અમદાવાદ વિદ્યાશાળાના શ્રાવક ડાહ્યાભાઈ, શેઠ મનસુખભાઇ ભગુભાઈ વગેરે અનેક સ્થળે ચાતુર્માસ રહેલા અનેક સાધુ મહારાજો તેમજ હજારો શ્રાવકવર્ગો પણ હતા." (આ પછી તે વખતે આમાંથી કેટલો મુનિસમુદાય બાકી રહેલો હતો ? તે સંખ્યા જેઓ જાણતા હોય તેઓને તે વખતે તેટલા મુનિ સમુદાયેજ 'ભા. શુદ ૫ ના ક્ષયે ચંડાંશુ૦ ને છોડીને બીજા પંચાંગમાંની ભા. શુદ ૬ નો ક્ષય પકડીને પ્રવર્ત્તેલ હોઈ શકે,' એ પણ જાણવું સુગમ થયું હતું.)

પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયદાનસૂરિજી મ૦, પોતાના વિવિધ પ્રશ્નોત્તર ભાગ બીજાના પેજ ૨૮૦ ઉપર તે સં. ૧૯૫૨ની સંવત્સરી બાબત જણાવે છે કે—"સં. ૧૯૫૨ની સાલમાં પણ આ પ્રમાણે હતું, અને શ્રી **તપગચ્છના મોટા ભાગે** ભા. શુદ ૬ નો ક્ષય માની ભા. શુદ ૪ની સંવત્સરી કરી હતી." તેથી સ્પષ્ટ છે કે-**શ્રી તપગચ્છના તે કહેવાતા મોટા ભાગ** સિવાયનો બાકીનો લેખાવાતો થોડો ભાગ તે આ ઉપર જણાવેલ સાંકલચંદ હઠીશંગ સિદ્ધારથની પત્રિકાના આધારે સ્પષ્ટ જણાવી આપેલ છે, તે છે. અર્થાત "તે વખતે ભા૦ શુદ ૫ના ક્ષયે ચંડાંશુ૦ ને નહિંજ છોડીને ભા૦ શુદ ૩નો ક્ષય કરીને ચોથે સંવત્સરી કરનાર પૂ૦ સાગરાનંદસૂરિજી મ૦ આદિ અનેક મુનિ સમુદાય તેમજ અનેક શહેરોના હજારો શ્રાવકો હતા, અને ચંડાંશુ૦ છોડી દેવા પૂર્વક બીજું પંચાંગ પકડી તેમાંની ભા. શુદ ૬ નો ક્ષય માનીને ચંડાંશુ૦ નીજ ભા. શુદ ચોથે સંવત્સરી કરનાર પૂ૦ પં૦ શ્રી ગંભીરવિ૦ મ૦, લવારની પોળવાળા પૂ૦ પં૦ શ્રી પ્રતાપવિ૦ મ૦, પૂ૦ પં૦ શ્રી દયાવિમલગણિ અને પૂ૦ આત્મારામજી મ૦ વગેરેનો સમુદાય વગેરે તથા તેઓશ્રીની નિશ્રાના અનેક શહેરો તેમજ ગામોના હજારો શ્રાવકવર્ગો હતા."

અને એથીજ એજ પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજી મ૦ ને પોતાના એજ વિવિધ પ્રશ્નોત્તર ભાગ બીજાના પેજ ૩૦૩ ઉપર આ બાબત વધુ સ્પષ્ટ પ્રકાશ પાડવાની ફરજ પડી છે કે—"આ પ્રમાણે સં. ૧૯૫૨ તથા ૧૯૬૧ માં પણ હતું, અને તે સમયે (શ્રી સંઘના મોટા ભાગે નહિ પણ) **શિષ્ટજનોએ** છઠનો ક્ષય અંગીકાર કરીને શુદી ચોથની સંવત્સરી આરાધી હતી."

**અસત્યનું પ્રચાર કાર્ય.**

'શ્રી સાંકળચંદ હઠીશંગ સિદ્ધારથ' ની તે સં. ૧૯૫૨ની પત્રિકાના ઉપરોક્ત રેકૉર્ડ ઉપરથી અને તે રેકોર્ડ ઉપર મહોરછાપ મારતા નવામતી આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજીના દાદાગુરૂ પૂ૦ વિજયદાનસૂરિજી મ૦ ના (ઉપર મુજબના) બબ્બે વખતના લખાણને વાંચીને સુજ્ઞબંધુઓ સહેજેજ સ્વીકારે તેમ છે કે-"નવામતી આ૦ શ્રી વિજયઅમૃતસૂરિજી મ૦ ની લેખાતી 'શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા' ના ગ્રંથાંક ૩૨ તરીકે તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ તે '**તિથિચર્ચાના વિષયમાં સત્યનું સ્પષ્ટીકરણ**' નામની ૬ ફોર્મ પ્રમાણ બૂકના પેજ ૧, ૧૫ થી ૧૬ તથા ૨૭ તથા ૪૭ ઉપર છપાએલ સં. ૧૯૫૨ ની સંવત્સરી પ્રસંગનાં લખાણો ઇરાદાપૂર્વકનાં માયામૃષાપૂર્ણ જૂઠાણાંજ છે, અને તે સાથેજે નક્કી થશે કે-તેઓ હરદમ અસત્ય પ્રચાર વડે પ્રભુશાસનની છડેચોક કુસેવાજ કરી રહેલ છે." મજકુર બૂકમાં પ્રસિદ્ધ થએલ 'તિથિચર્ચાના વિષયમાં સત્યનું સ્પષ્ટીકરણ' શિર્ષક બંને લેખો તેઓએ જ્યારે મહાવીરશાસન પત્રમાં પ્રસિદ્ધ કરેલા હતા, ત્યારે તેના સજ્જડ જવાબો પત્રિકા નં. ૨ તથા પત્રિકા નં. ૭ દ્વારા મારા નામથી આપવામાં આવતાં તે બદલ તેઓને આજસુધી લોચા વાળવાની સ્થિતિમાં મૂકાઇ જવું પડયું હતું, એ

વાત ભૂલી જઇને તેઓ આજે પાછા એજ બે લેખોને પોતાની આ તદ્દન તર્કટી ટ્રેકટમાં આપવાની હિંમત વાપરી શકયા છે, એ તેમની યોગ્યતા બદલ શબ્દો નથી. તે બૂકમાં પેજ ૪૬ ઉપર પેરા ૪ માં 'શ્રી સિદ્ધચક્ર પાક્ષિકમાંનાં શંકા-સમાધાનો કાપી કુપીને કૃત્રિમ બનાવીને છાપેલ છે' એ મારા જવાબમાંના વાકય બદલ લોચા વાળે છે કે—"સિદ્ધચક્ર વરસ, અંક, સમાધાન વગેરે નંબરવાર દર્શાવેલ છે; એટલે આ તો નક્કર સત્ય હકીકત છે." તેના બદલામાં તેઓને કયા શબ્દોમાં માયામંદિર કહેવા ? વર્ષ-અંક-સમાધાન વગેરે તો નંબરવાર દર્શાવેલ છે, પરંતુ સિદ્ધચક્રમાં અપાએલ તે તે સમાધાનો તો તેઓએ અડધા પડધા કાપીકૂપીને પોતાને અનુકૂળ વિભાગ પૂરતાજ આપ્યા છે, તેથી તે નક્કર સત્ય નહિં પણ અસત્ય હકીકત છે. આ વસ્તુ એમજ છે એમ જાણવા છતાં જેઓ પકડાઇ ગએલા પાપનો પણ આ જૂઠી રીતે આવા દાંભિક બચાવ કરે છે, તેને આરાધક કેમ મનાય ?

તેઓશ્રીના આ રીતના ચોગરદમ જોરશોરથી શરૂ થયેલા અસત્ય પ્રચારના પ્રતીકારની વિચારણા ચાલતી હતી, તેવામાં જુલાઈની ૩૦ મીએ અમદાવાદથી પોષ્ટદ્વારા તેઓશ્રી તરફના જૈન જાગૃતિ લેખમાલાના ૧ થી ૫ મણકા (નવામત માટે હવે નવકારવાળી લેવાનું સૂચવનારા પારા) આવી મળ્યા ! જેના લેખક-અનિલકુમાર છે, પણ તે સાહિત્ય સાદ્યંત વાંચતાં તો લેખક ચોકખા અનલકુમાર ભાસ્યા ! કારણ કે—"આ મણકાઓમાં-તેઓશ્રીએ બીજા બીજા પ્રચારની જેમ સં. ૧૯૫૨ ના સંવત્સરી પ્રસંગ આદિની વાતો તો સદંતર બનાવટી તરીકે આલેખીજ છે; પરંતુ 'નવામતે ઢગલાબંધ શાસ્ત્રપાઠોનોય મજબુત આધાર છે' એ પ્રકારે જનતાને ભ્રમજાળમાં સંડોવવા માટે સંખ્યાબંધ શાસ્ત્રપાઠો આપવાનો પણ ડોળ બતાવેલ છે ! પરંતુ તેઓ માટે શરમજનક છે કે-તેઓએ તે શાસ્ત્રપાઠોને અડધા-પડધા કરી નાખીને અને કોઈ કોઈ પાઠોમાંથી શાસ્ત્રકારના મૌલિક શબ્દોનેજ ઉડાવી દેવાનું ઘોર પાપ સેવીને પણ પોતાના નવામતને ઘણા સાચા પાઠોનો પણ આધાર છે એમ જનતાને સદંતર જૂઠી રીતે બતાવવાનો મેઘાડંબર કરવામાં આવેલ છે ! એટલુંજ નહિ પણ તે ત્રુટક અને ખંડિત પાઠોના અર્થો પણ અસત્ય કરીને અને તે જૂઠા અર્થોનો ભાવ પણ કૌંસમાં પોતાની જૂઠી માન્યતા મુજબનો લખી બતાવીને સ્વકીય બાલિશતાને મૂર્તિમંત સ્વરૂપ આપવામાં આવેલ છે !" કહે છે કે-'એ રીતે ત્રુટક તથા ખંડિત પાઠો અને અર્થો યોજી આપનાર શ્રી ભાનુવિ૦ તથા શ્રી મુક્તિવિ૦ છે, અને તે વસ્તુને મીઠી ભાષામાં યોજી આપનાર શ્રી ધીરજલાલ છે !' તે ગમે તે હો, પણ તેઓએ આવું લોકોત્તર સમાજને શાસ્ત્રપાઠોના ઓઠા તળે છેતરવાનું અધમકાર્ય કરતાં ખરેખર શરમાવું ઘટે છે.

## જૈન જાગૃતિ લેખમાળાના ક્રમશઃ મણકાઓમાંના અસત્યનું ઉદ્ઘાટન.

**(૧) મણકા પહેલાના પેજ ૨૦ ના પેરા** બીજાની 'જો ધાર્યું હોત તો શ્રી સિદ્ધસેન દિવાકરે૦' થી માંડીને પેજ ૩૧ ની અંતિમ 'એટલે અમારે જોરથી કહેવું પડે છે.' એ પંક્તિ પર્યંતનું ગર્ભિત રીતે કેવળ આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજીને ઉદ્દેશીને કરવામાં આવેલ લખાણ, 'હવે માત્ર શ્રી ચારિત્રવિ૦ નેજ તેઓ તજી દે, તોયે અમો તેઓને આજ્ઞામાં લઈ લેવા પૂર્વક તેઓના સ્વીકારેલ મતને આલી રાખવા તૈયાર છીએ' એમ કબુલાત દર્શક જણાતું હોવાથી

આ પહેલો મણકો શાસનના અહિતનું પ્રથમ પગથીયું લેખી શકાય તેમ છે.

(૨) **મણકા બીજાના પેજ** ૨૪ ના પેરા બીજાની 'પરંતુ અમારી દૃષ્ટિએ આ પરિસ્થિતિનું ખરૂં કારણ૦' થી માંડીને અંતિમ પેજ ૨૮ ના પહેલા પેરાની 'તેઓ આટલી હદે જવા માટે તૈયાર છે ખરા ?' એ છેલ્લી પંક્તિ સુધીનું લખાણ પણ આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજીને 'તેઓને સમુદાયમાં મેળવી લેવાને પોતાની આંતરિક ઈચ્છા, એ રીતે છે' એમ ગર્ભિત રીતે જણાવી દેનારૂં છે, અને તે પછીના છેલ્લા પેરાનાં લખાણથી 'જો એમ કબૂલ હોય તો 'નવોમત અમોને માન્યજ છે' એમ આ બીજા મણકા પછીથી જે ત્રણ મણકા પ્રસિદ્ધ કરવાના છીએ તેમાંના લખાણથી ખાત્રી આપીએ છીએ,' એમ પણ ગર્ભિતરીતે સંકેત અપાયેલ જણાતું હોવાથી આ બીજો મણકો પણ પ્રભુશાસનનાં અહિતનું બીજું પગથીયું લેખી શકાય તેમ છે.

(૩) **ત્રીજા મણકાના પેજ** ૬ ના બીજા પેરામાં શ્રાદ્ધવિધિગ્રંથના નામે જે 'કલ્યાણકોની તિથિઓનો સમાવેશ પણ પર્વતિથિઓમાં કરવાનો છે.' એમ બે વખત લખ્યું છે, તે શાસ્ત્રના નામે જનતાને ભરમાવનારૂં ઈરાદાપૂર્વકનું અસત્ય-સેવન છે. જિજ્ઞાસુએ એ અધિકાર શ્રાદ્ધવિધિના પૃષ્ઠ ૨૫૨ ઉપર જોઈ લેવા વિનંતિ છે. **કલ્યાણક પર્વીઓ એ કાર્યપર્વીઓ હોવાથી મરજીયાત આરાધવાની હોય છે, અને મહીનાની બાર પર્વીઓ એ કાલપર્વીઓ હોવાથી ફરજીયાત આરાધવાની હોય છે. કલ્યાણકો એક દિવસે બે-ત્રણ-ચાર પણ આરાધી શકાય છે, જ્યારે બાર પર્વીમાંની કોઈપણ પર્વી એક દિવસે એકજ આરાધવાની હોય છે. કલ્યાણક પર્વીઓ અને બાર પર્વીઓ વચ્ચે આટલો મોટો તફાવત છે.** અને તેથીજ શ્રાદ્ધવિધિકાર તો શું, પરન્તુ કોઈપણ શાસ્ત્રકાર તે મરજીઆત ગણાતી પર્વ-તિથિઓનો ફરજીઆત ગણાતી બાર પર્વીમાં સમાવેશ કરવાનું કહેતાજ નથી. શ્રાદ્ધવિધિમાં તે સ્થળે શ્રી નેમનાથ પ્રભુએ શ્રી કૃષ્ણમહારાજને મૌન એકાદશી ઉત્કૃષ્ટ જણાવી છે, તે મૌન એકાદશી પણ બાર પર્વીમાંનીજ એક પર્વતિથિ છે અને બારેય તિથિ કરતાં તે તિથિએ કલ્યાણકો પણ ઘણાં થયા હોવાથી તેને બાર પર્વીમાં વધુ ઉત્કૃષ્ટ કહેલ છે.

(૪) તે મણકા પેજ ૭ ઉપરના પેરા બીજામાં **'આ પર્વતિથિઓમાં** વ્રત-પચ્ચક્ખાણ વગેરે કરવાથી શુભગતિનું આયુષ્ય બંધાય છે.' એમ લખ્યું છે, તે સર્વશાસ્ત્રથી વિરુદ્ધ છે. શાસ્ત્રકારો કલ્યાણકપર્વો અને અઠ્ઠાઈપર્વોને આશ્રયીને આયુષ્યનો બંધ થતો હોવાનું જણાવતા નથી, પણ મહીનાની બાર પર્વીને આશ્રયીને આયુષ્યનો બંધ થતો હોવાનું જણાવે છે. કારણકે-ભાવિ આયુષ્યનો બંધ પણ ચાલુ આયુષ્યના ત્રીજા ત્રીજા ભાગે પડે છે અને બાર પર્વીમાની પર્વતિથિ પણ ત્રીજા ત્રીજા દિને આવીને ઉભી રહે છે.' (કલ્યાણકાદિ પર્વીઓ ત્રીજા ત્રીજા દહાડે આવતી નથી.) જુઓ આચારોપદેશ ગ્રન્થ.

(૫) તે મણકાના પેજ ૧૩ના પહેલા પેરામાં જે 'ઉત્તર-આપણાં પંચાંગોમાં તિથિઓની હાનિ અને વૃદ્ધિ બાબતમાં માન્યતાનો મુખ્ય ફેર આવે છે,' xxxxxઆજે જે પંચાંગો નીકળી રહ્યાં છે ને જેનો આપણા સમાજમાં પ્રચાર છે, તે બધા લૌકિક મત મુજબનાં છે,' એમ લખાણ થયું છે ને આભિનિવેશિક મિથ્યાત્વથી પરિપૂર્ણ છે. કારણ કે-આપણા સમાજમાં જે પંચાંગોનો પ્રચાર છે, તે પંચાંગોમાં લૌકિક

ટીપ્પણામાં આવતી પર્વતિથિઓની હાનિ અને વૃદ્ધિનો આપણા 'क्षये पूर्वा' શાસ્ત્રથી સંસ્કાર કરી નાખવા પૂર્વક તે તે ક્ષીણ અને વૃદ્ધિ પર્વતિથિને (ટીપ્પણામાંની અપર્વતિથિના સ્થાને) ઉદયાત તરીકે બનાવવામાં આવતી હોવાથી આપણાં પંચાંગો હરગીજ લૌકિક નથી; લોકોત્તરજ છે.

(૬) તેજ મણકાના પેજ ૧૪ પંક્તિ ૪ થી ૭ "ચાન્દ્ર અને સૌર સંવત્સરના પ્રત્યેક બબ્બે મહિને એકેક અહોરાત્ર ઘટે અને એકેક અહોરાત્ર વધે, કે જેનો ઉલ્લેખ આગમોમાં અવમરાત્ર અને અતિરાત્ર તરીકે કરવામાં આવ્યો છે." આ લખાણમાં 'પ્રત્યેક બબ્બે મહિને એકેક અહોરાત્ર ઘટે' એમ જણાવવા વડે તેમણે અવમરાત્ર=તિથિક્ષયને અહોરાત્ર કરેલ છે. એ હિસાબે 'બબ્બે મહિને એક અહોરાત્ર વધે' એમ જણાવવા વડે દિનવૃદ્ધિને અહોરાત્ર કહેવાને બદલે અતિરાત્ર=તિથિવૃદ્ધિને અહોરાત્ર કહેલ છે. (જુઓ એ ત્રીજા મણકાનું પેજ ૨૯ પહેલા પેરા પંક્તિ ૨ થી) એ ભૂલ છે, અવમરાત્રનો શાસ્ત્રીય અર્થ તિથિક્ષય અને અતિરાત્રનો શાસ્ત્રીય અર્થ દિનવૃદ્ધિ છે' તેની સમજના અભાવે સર્વત્ર 'અહોરાત્ર' કરીને ચાલે, તેવા અજ્ઞાની માણસને તેમના ગુરૂજીએ શાસ્ત્રગ્રહણનો સખત નિષેધ કરવો ઘટે છે, અથવા તો પોતાને આવડતો હોય તો 'य एकषष्टितमोऽहोरात्रस्तस्मिन्नेकषष्टितमा द्वाषष्टितमा च तिथिर्निधनमुपगतेति द्वाषष्टितमातिथिर्लोके पतितेति व्यवह्रियते' એ શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ ગ્રંથના પૃ. ૨૧૭ ઉપરના પાઠનો અર્થ સમજાવીને, 'જૈન મત પ્રમાણે તિથિ ઘટે પણ કદિ વધે તો નહિજ' એમ નક્કર બોધ પીરસીને પછીજ બોલવાની રજા આપવી ઘટે છે. તે પેજની ફુટનોટમાંના પહેલા પાઠમાં જણાવેલ 'तेवीसतिमे' ને બદલે 'तेवीसवीमे' અશુદ્ધ લખ્યું છે, તે અને બીજા પાઠમાં જણાવેલ 'वीसतिमे' ને બદલે 'वीसमेइमे' અશુદ્ધ લખ્યું છે, તે શબ્દો સુધારી લેવા ઠીક છે.

(૭) તે મણકાનાં પેજ ૧૪ ની અંતિમ પંક્તિથી લઈ પેજ ૧૫ ની પહેલી પંક્તિમાં લખ્યું છે, કે-"અને તે તે પર્વ તિથિના ક્ષય વખતે એની આરાધના માટે પૂર્વ તિથિ લેવાતી" એ વાકય સદંતર જૂઠું છે. 'પૂર્વ તિથિનો ક્ષય કરીને તેનાં સ્થાને ક્ષીણ પર્વ તિથિ લેવાતી' એ વાકય સાચું છે. દશાશ્રુતસ્કંધ વગેરેની નિર્યુક્તિઓમાં તેમજ નિશીથચૂર્ણિ વગેરે ચૂર્ણિઓમાં 'अबिवड्ढितसंवच्छरे जत्थ अहिअमासो पडति तो आसाढपुण्णमाओ वीसतिराते भणति ठिआमोत्ति' એ પ્રમાણે આવતા પાઠો સ્પષ્ટ જણાવે છે કે-'યુગને અંતે આવતા બીજા આષાઢ માસની પૂર્ણિમાનો જૈન ગણિતને આધારે ક્ષય આવતો હોવા છતાં તે ક્ષીણ પૂર્ણિમાવાળા દિવસને આષાઢ શુદ ૧૫ તરીકેજ માનેલ છે, અને જણાવેલ પણ છે.' તેથી લૌકિક ટીપ્પણામાંની પર્વતિથિના ક્ષય વખતે આપણા સમાજમાં એની આરાધના માટે પૂર્વની તિથિ ન્હોતી લેવાતી પરંતુ પૂર્વ તિથિનો ક્ષય કરી તેના સ્થાને ક્ષીણ પર્વ તિથિને ઉદયાત્ પર્વતિથિનું નામ આપ્યા બાદજ તે તિથિ પર્વતિથિ તરીકે આરાધના માટે લેવાતી જે શાસ્ત્રીય પ્રથાનું અનુસરણ અવિચ્છિન્નપણે વર્તમાનમાં પણ પ્રવર્ત્તે છે. સં. ૧૯૯૦ વર્ષ ૬ શ્રાવણ વદ ૯ તા. ૨-૯-૩૪ના તેમના જૈન પ્રવચનના પેજ ૧૭૭ ઉપર પણ 'ભા. સુદ ત્રીજનો ક્ષય કરવાનો છે' એમ સ્પષ્ટ લખેલું છે.

(૮) તે મણકાનાં પેજ ૨૧ ના પેરા બીજામાં 'तिहिवाए पुव्वतिही०' ગાથાનો (જેમકે-આઠમનો ક્ષય હોય તો સાતમ જે ઉદય તિથિ છે તે ગ્રહણ

કરીને આઠમ તિથિ આરાધવી×××) એ અર્થ કરેલ છે, તે શાસ્ત્રકારે જણાવેલ અર્થથી ઇરાદાપૂર્વક ખોટો કરેલ છે. શાસ્ત્રકાર તો એ શ્લોકથી 'આઠમનો ક્ષય હોય તો સાતમને આઠમ તરીકે ગણવી' એમ જણાવે છે.

(૯) તે મણકાના પૃષ્ટ ૨૩ ઉપર **ક્ષયે પૂર્વા૦** વાળી ગાથાનો પણ એજ રીતે ખોટો અર્થ કરેલ છે. '**ग्राह्या**' શબ્દથી 'પૂર્વનીજ ઉદય તિથિ લેવી' એમ શાસ્ત્રકાર જણાવતાજ નથી. શાસ્ત્રકાર તો તે '**ग्राह्या**' શબ્દથી 'પૂર્વની તિથિજ ક્ષીણ પર્વ તિથિ તરીકે લેવી એમ જણાવે છે.

(૧૦) તે મણકાના પેજ ૨૩ નો છેલ્લો (પેજ ૨૪ પર્યંતનો) પેરો આખોયે ભ્રામક છે. તેમાં 'શ્રી પર્વ તિથિ-ચર્ચા સંગ્રહમાં આ વિષયમાં જણાવ્યું છે કે'-એમ લખ્યું, પણ કોણ જણાવે છે ? એ ત્યાં ઇરાદાપૂર્વક છૂપાવ્યું છે. તે સં. ૧૮૭૦ ની સાલના જૈન ટીપ્પણામાં જૈન પર્વો લખેલાં છે, છતાં તેમાં પર્વ તિથિની હાનિ કાયમ રાખી છે. એ વગેરે લૌકિક ટીપ્પણાના ઉતારારૂપે સમજવાનું છે, એમ પૂર્વે અનેક વખત સમજાવાયું છે, છતાં તે ને તે વાતને (નવો મત ચેનકેન સાચો લેખાવવા સારૂ વારંવાર આગળ ધરાય છે, તેમાં આરાધકપણું કયા પ્રકારનું સમજવું ? માટે **'આરાધનાના ભીંતીયાં પંચાંગમાં પર્વતિથિની હાનિવૃદ્ધિ ન થાય,' એ માન્યતા તે સં. ૧૮૭૦ પછીથી પ્રચલિત થઇ નથી, પરંતુ પ્રભુશાસનની શરૂઆતથીજ પ્રચલિત છે. આ ખુલાસા પછીથી વાચક મહાશયો સ્વયં સમજી શકે તેમ છે કે-૨૪ મા પેજના તે લખાણ પછીથી તેને અનુસરીને કરવામાં આવેલું પેજ ૨૫ ના પહેલા પેરા સુધીનું સમસ્ત લખાણ ભ્રામક છે.**

(૧૧) તે મણકાના પેજ ૨૬ થી ૨૮ ઉપર છપાએલ પૂ. ઝવેરસાગરજીના મ. ના શબ્દોવાળા હેન્ડબીલમાંની પંક્તિઓને સ્વમતને અનુકૂળ લેખાવવા કરેલો પ્રયાસ વ્યર્થ છે. કારણ કે-પ્રશ્નકારે 'એકમ બીજ ભેગી કરવી કે બારસ તેરસ ભેગી કરવી ?' એમ પૂછેલ છે, એટલેજ ત્યાં એકમદૂજ ભેગી કરણી, એમ ઉત્તર અપાએલ છે, પ્રશ્નકારે 'એકમનો ક્ષય માનવો કે તેરસનો ?' એમ પ્રશ્ન કરેલ હોત તો 'એકમનો ક્ષય કરવો' એમજ ઉત્તર મળત. તે વખતે પૂ. મૂળચંદજી મ૦ આદિ તો ઘણા મહાત્માઓ હતા. તેઓ પણ પર્વક્ષયે પૂર્વ અપર્વનોજ ક્ષય કરતા હતા; અન્યથા ભાવનગરથી પ્રાયઃ તે વખતથીજ છપાવા શરૂ થએલાં આપણાં આરાધના માટેનાં ભીંતીયાં પંચાંગોમાં લૌકિક ટીપ્પણામાંના પર્વક્ષયે પૂર્વની અપર્વતિથિનો ક્ષય છપાયેલજ છે, તે શેના આધારે છાપી શકાય ?

(૧૨) પેજ ૨૮ ના પેરા બીજામાં "આ ઉલ્લેખો પરથી સ્પષ્ટ સમજાય છે કે-જૈન મતમાં પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ નથી એવી વાતનો જે પ્રચાર થએલો છે, તે તદ્દન ખોટો છે અને આરાધક આત્માઓને અવળે માર્ગે લઈ જનારો છે." એમ લખ્યું છે, તે લખાણજ સદંતર ખોટું છે. 'જૈનમતમાં પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ નથી' એમ આજસુધી કોઈએ કહ્યું નથી, પછી એ વાતના પ્રચારને સ્થાનજ કયાં છે ? સૂર્યપ્રજ્ઞપ્તિ-જ્યોતિષ્કરંડક આદિ જૈનમતને જાણનાર તો 'બાર માસમાં છ તિથિનો ક્ષય તો આવેજ છે, પણ કોઈ તિથિની વૃદ્ધિ તો આવી શકતી નથી.' એમજ કહે છેઃ તમો પણ તમારો નવો મત નીકળ્યા પછીથીજ આ રીતે 'જૈનમતમાં પર્વતિથિની વૃદ્ધિ આવે છે' એમ સમગ્ર જૈન જ્યોતિષ શાસ્ત્રોથી વિરુદ્ધ બોલવા લાગ્યા છો

કે ? સં. ૧૯૯૨ સુધી તો તેવું કદી બોલ્યાજ નથી એ નક્કર સત્ય હકીકત છે કે ? હવે તેવું બોલવા લાગ્યા છો, પણ 'કયા જૈન શાસ્ત્રમાં પર્વની વૃદ્ધિ આવે છે ? એ શાસ્ત્રનું નામ અને સ્થળ જણાવો.' એમ પૂછનારને તે શાસ્ત્રનું નામ અને સ્થળ તો જણાવી શકતાજ નથી ! પછી એ ઉલ્લેખો પરથી હવે તમને તેવું સમજાવા લાગ્યું છે, તે અજ્ઞાન આરાધક આત્માઓને અવળે માર્ગે લઇ જનારૂં જ્ઞાન કેમ નહિં ?

(૧૩) તે મણુકાના પેજ ૨૯ના પહેલા પેરામાં 'જો જૈનમતમાં પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ થતી ન હોત તો अवमरात्र અને अतिरात्र જેવા શબ્દો કેમ વપરાત ?' એમ ઈરાદાપૂર્વક શાસ્ત્ર-વિરુદ્ધ અર્થો કરવાના ઇરાદાથી લખનારા તેઓને પ્રશ્નો છે કે-अतिरात्र શબ્દ ચંદ્રમાસની અપેક્ષાએ નહિ પરંતુ સૂર્યમાસની અપેક્ષાએજ વપરાએલ છે, એમ તમો જાણુતા નથી ? તેમજ એ अतिरात्र શબ્દનો અર્થ 'તિથિવૃદ્ધિ' નહિ પણુ 'દિનવૃદ્ધિ' થાય છે. એ પણ શું જાણુતા નથી ? 'अतिरात्रं=अधिकदिनं-दिनवृद्धिरिति यावत्' પાઠ જાણોજ છો કે ? છતાં મતાગ્રહને વશ પડીને એ अतिरात्र શબ્દનો અર્થ તિથિવૃદ્ધિ કરેજ રાખો છો, એ શું શાસ્ત્રાનુસારિતા છે ? જૈનમત મુજબ દરેક તિથિ ૬૧/૬૨ અંશજ હોય છે કે ? અને તેથી વર્ષમાં છ તિથિ ઘટે ખરી, પરંતુ વધવા તો પામેજ નહિ, એ સિદ્ધાંત પણુ શું ધ્યાન બહાર છે ? જો નહિજ, તો આ રીતે તે શાસ્ત્રપાઠનો દિનવૃદ્ધિ અર્થ છોડીને તિથિવૃદ્ધિ અર્થ, ઈરાદાપૂર્વકજ જૂઠો કરો છો, એમ નક્કીજ ઠરે છે કે ? શાસ્ત્રના અર્થો આ રીતે છડેચોક જૂઠા કરનારાઓએ આવાં અપકૃત્યો બદલ શરમાવું ઘટે છે. કારણકે જુઠા અર્થો ઈરાદાપૂર્વક કરવા તે લક્ષણુ બહુલ સંસારીનું છે.

(૧૪) તે મણુકાના પેજ ૨૯ના તે પહેલા પેરામાં શ્રી ઉમાસ્વાતિ વાચકને क्षये पूर्वा० એ શબ્દો શા માટે ઉચ્ચારવા પડત ?' એમ જે હવાલો આપેલ છે, તે ખોટો છે. ઉમાસ્વાતિ વાચકનો તે પ્રઘોષ, શાસ્ત્રમાં તિથિનો ક્ષય આવે છે, એમ પ્રતિતિ કરાવવા અર્થે છે ? જો નહિં, તો ઉપર કરેલી તિથિ ક્ષયવાળી વાતના આધારમાં તે પ્રઘોષને રજુ કર્યો તે ગળાનું આભૂષણુ પગમાં ઘાલવા જેવી સ્પષ્ટ ભૂલ કેમ નહિ ? એ પ્રઘોષ તો તમે તમારા પાંચમા મણુકાના પેજ ૨૨ ઉપર 'તિથિનો ક્ષય હોય (અર્થાત્ સૂર્યોદયમાં ન હોય) તો પૂર્વની તિથિ આરાધ્ય પર્વતિથિ) કરવી' એ અર્થજ સૂચવે છે કે ? એ સિવાય એ પ્રઘોષનો 'પૂર્વની અપર્વતિથિમાં આરાધના કરવી' ઇત્યાદિ જે મનસ્વી અર્થરૂપે ઉપયોગ કરવા માંડયા છો, તે હરદમ જૂઠું છે. એમ અહિં તમારા હાથેજ સાબિત થઈ જવા પામેલ છે કે ? અને એ સાથે શ્રી ધર્મસંગ્રહના ભાષાંતર ભાગ પહેલામાં તે क्षये पूर्वा० પ્રઘોષનો અર્થ, આ૦ શ્રી સિદ્ધિ-સૂરિજી મ૦ શ્રીના પ્રશિષ્ય મુનિશ્રી ભદ્રંકર વિ૦ એ પણુ તમારા વાદે ચડી જવાના પરિણામેજ તેવો ખોટો કરેલ છે, એ વાત પણુ નક્કી થઈ જાય છે કે ?

(૧૫) તે મણુકાના પેજ ૨૯ના બીજા પેરામાં 'તે વખતે પૂનમ, ચૌદશમાં સમાતી હતી અને સચિત્ત ત્યાગ, બ્રહ્મચર્ય તેમજ પ્રતિક્રમણાદિ બીજી આરાધના આવી જતી,' એમ લખ્યું છે તે શાસ્ત્ર અને અવિચ્છિન્નપરંપરાથી સદંતર વિરૂદ્ધ છે, આ 'અસત્યના ઉદ્‌ઘાટન' ના સાતમા નંબરમાં જણાવેલ દશાશ્રુતસ્કંધ વગેરેની ચૂર્ણિ-નિર્યુક્તિઓ આદિમાંનો 'अभिवड्ढितसंवच्छरे०' પાઠ અને તમારૂં છઠ્ઠા વર્ષનું જૈન પ્રવચન છાપુ પણુ સ્પષ્ટ જણાવે છે કે-પૂનમના ક્ષય વખતે

પૂનમ ચૌદશમાં સમાતી નથી, પણ પૂનમપણે સ્વતંત્ર ઉભીજ રહે છે. ક્ષીણ પૂનમને પૂનમ તરીકે ઉભી રાખવાનું જણાવનારા આવા સ્પષ્ટ આગમસૂત્રનો પણ મજબુત પાઠ હોવા છતાં અને સં. ૧૯૯૨ સુધી તો પોતે પણ પૂનમના ક્ષયે પોતાનાં પંચાંગમાં તેરશનો ક્ષય કરીને તે ક્ષીણ પૂનમને ઉદયાત્ પૂનમ તરીકેજ વર્ષો સુધી છાપેલી-પ્રચારેલી અને આચરેલી હોવા છતાં, 'પૂ૦ હીરસૂરિજી મ૦ વખતે પૂનમ ચૌદશમાં હતી.' આજે તેવું આગમ અને આચરણા વિરૂદ્ધ બોલવું થાય છે, તે ખૂબજ લજ્જાસ્પદ લેખાવું જોઇએ. નવોમત કાઢયો ત્યારથી આવું બેવજુદ વક્તવ્ય કરવા તો લાગ્યા છો, પરંતુ કાર્તિકી પૂનમના ક્ષયે, ચૈત્રી પૂનમના ક્ષયે અને આસો શુદ ૧૫ના ક્ષયે તમો પણ તે ક્ષીણ પૂનમને ચૌદશમાં સમાવી શકતાજ નથી એ તો ઉઘાડીજ વાત છે ને ? છતાં આ રીતે પૂનમ ચૌદશમાં સમાઇ જવાનું લખે રાખીને અજ્ઞજનતાને સન્માર્ગથી ભ્રષ્ટ કરવાનું ઘોર પાપ કેવા પ્રકારના ભલા માટે કરવું પડતું હશે ? 'ચૌદશ પૂનમ બંનેનું એક દિવસે આરાધન થઇજ જાય છે' એમ બોલી નાખવું તો સહેલું છે, પરંતુ પાલીતાણે ચોમાસું હોય અને આવતા વર્ષે કા. શુદ ૧૫નો ક્ષય હોય ત્યારે કાર્તિકી ચોમાસીનું પ્રતિક્રમણ અને કાર્તિકી પૂનમની યાત્રા બંનેય તે એક દિવસે કયાં કરી શકે છે ? કરી શકતાજ નથી. પૂનમની યાત્રા ચૌદશની સવારે કરે તો તે દિવસે તેમને સવારથીજ પૂનમ ગણવાનું થતું હોવાથી ચોમાસીનું પ્રતિક્રમણ કાર્તિકી ચૌદશને બદલે પૂનમે કરવાની અનિષ્ટ સ્થિતિમાં મૂકાવું પડે છે કે ? પછી તે બંનેય તિથિનું આરાધન એક તિથિએ કયાં કરી શકો છો ? વળી તે વખતે પૂર્ણિમાનો વિહાર પણ શું ચૌદશની સવારેજ કરો છો ? અને તેમ કરવા જાવ તો ચોમાસી પ્રતિક્રમણ ચોમાસું રહ્યા તે સ્થળમાં કરવા પામોજ નહિ કે ? ચોમાસામાં વિહાર કર્યાની આપત્તિના ભાગી થવા પામો અને પૂનમનું આરાધન તો હવામાંજ ઉડાડી દેનારા તરીકે પર્વતિથિ લોપક ગણાવા પામો તે નફામાં ! એજ રીતે આ. શુ. ૧૫ અને ચૈ. શુ. ૧૫ ના ક્ષયે પણ તમો તે તે માસની ચૌદશમાં પૂનમને સમાવી શકતાજ નથી ! અરે સમાવતાજ નથી !!! કારણ કે પૂનમને ચૌદશમાં લેખવા જતાં શ્રી નવપદજીની ઓળી આઠજ દિવસની લેખાવવી પડે, અને તેમ લેખાવવા જાવ તો તે વાત તો તમારા ભકતો પણ સ્વીકારે તેમ નથી. માટે તો તેવા પ્રસંગે તમારે શ્રી નવપદજીની ઓળીની શરૂઆત તો તમારા આજનાં પંચાંગમાં પણ [ક્ષીણ પૂનમે તેરશનો ક્ષય કરીને ૧૪-૧૫ જોડીયું પર્વ જોડે ઉભું રાખનારા શાસનપક્ષની ઓળી જે દિવસથી શરૂ થાય છે.] તે દિવસથીજ બતાવવી પડે છે કે ? આ રીતે પૂનમના ક્ષયે ચૌદશના દિવસે એક સાથે ચૌદશ-પૂનમનાં બે આયંબીલ તો તમારાથી બની શકતા નથી, એમ જાણવા છતાં પૂનમના ક્ષયે ચૌદશના દિવસે પૂનમની પણ સચિત્તત્યાગ, બ્રહ્મચર્ય તેમજ પ્રતિક્રમણાદિ બીજી આરાધના આવી જતી હોવાનું અસત્ય કેમ કરીને બોલાય છે અને પ્રચારાય છે ? આરાધક આત્માઓની આંખે પાટા બાંધીને તેઓને અવળે માર્ગે લઇ જવાનું આ કોરૂં કારસ્થાન ખરૂં કે નહિં ?

(૧૬) તે મણુકાના પેજ ૨૯ ના છેલ્લા પેરાથી પેજ ૩૦ ના પેરાની પહેલી પંકિતમાં જે "કેટલાકો કહે છે કે-'આજે બે તિથિ ભેગી છે, એવું બોલાય કે લખાય નહિ' એમ લખ્યું છે તે ખોટું છે, એમ કોઇ કહેતુંજ નથી, કેટલાકો જે

કહે છે, તે-'આરાધનાનાં પંચાંગમાં આજે બે તિથિ ભેગી છે, એવું બોલાય કે લખાય નહિ' એમજ કહે છે. અને તમારા બધાજ દાદાગુરૂઓ, ગુરૂઓ અને સં. ૧૯૯૨ સુધી તો તમે પણ એમજ કહેતા હતા. માટે લૌકિક ટીપ્પણામાં બે તિથિ ભેગી આવી હોય અને ભેગી બોલાય કે લખાય, એમાં ભલે સમ્યગ્દષ્ટિનું લક્ષણ માનો, પરંતુ ક્ષયે પૂર્વા૦ ના સંસ્કાર વડે આપણે લોકોત્તર બનાવીએ તે આરાધનાનાં પંચાંગમાં આજે બે તિથિ ભેગી છે, એમ બોલાય કે લખાય, તે તો મિથ્યાદષ્ટિનુંજ લક્ષણ છે. તેને સમ્યગ્દષ્ટિનું લક્ષણ ગણાવવામાં તો તમારા બધાંજ દાદાગુરૂઓ-ગુરૂઓ અને ૧૯૯૨ સુધી તો તમો પણ મિથ્યાદૃષ્ટિના લક્ષણવાળા તરીકે તમારા હાથેજ ગણાઈ જવાની આપત્તિ આવી પડે! વિચારશો; અને એ સાથે આરાધનામાંય એક દિવસે બે તિથિ ભેગી લખવામાં-બોલવામાં અને આચરવામાં આ ઉપર જણાવેલ ૧૫ નંબરના ઉદ્‌ઘાટનમાં બતાવેલ છે તે અડચણોના ભોગ પણ બની જવાય છે, એ ધ્યાનમાં લેશો. ભૂલો છો પણ યાદ રાખશો કે—આરાધનામાં શ્રી હીરસૂ૦ મ૦, હીર પ્રશ્નના પૃષ્ઠ ૧૪ ઉપર અને શ્રી સેનસૂરિજી મ૦, શ્રી સેનપ્રશ્નના પૃષ્ઠ ૮૭ ઉપર-બંને તિથિ ઉદયવાળીજ હોવા છતાં બીજી તિથિનેજ ઔદયિકી કહે છે તેજ સમ્યગ્દષ્ટિનું લક્ષણ છે.

(૧૭) તે મણકાના પેજ ૩૦ ના બીજા પેરાથી આરંભીને પેજ ૩૧ સુધીમાં લખેલી વાતને વિદ્વજ્જનો, આ ઉપર જણાવેલ નં. ૧૫ અને ૧૬ નંબરવાળા ઉદ્‌ઘાટનના મનન બાદ સહજતયાજ ઉન્મત્તના પ્રલાપ તરીકે ઓળખી શકે તેમ હોવાથી તે વાતોની અત્ર ઉપેક્ષા કરવામાં આવે છે.

(૧૮) **ચોથા મણકાના પેજ ૪ થી ૫** ઉપર-**'સં. ૧૯૫૨ ની ઘટના'** એ શીર્ષકતળે છપાએલી વાતને પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજી મહારાજે ઉપજાવી કાઢીને તે સં. ૧૯૮૧ ની સાલમાં પ્રાયઃ બીજી આવૃત્તિ તરીકે પોતાની દેખરેખ નીચે છપાએલ 'પ્રશ્નોત્તરરત્નચિંતામણી' નામના ગ્રંથ (માં નહિ, પણ તે )ની પ્રસ્તાવનામાં એક શ્રાવકના નામે ચડાવી દઈને છપાવી નાખેલ હોવાનો ખુલાસો, શ્રી સિદ્ધચક્ર માસિક વર્ષ ૨૦ સં. ૨૦૧૦ ના શ્રાવણ માસના અંક ૧૧ ના પેજ ૨૦૫ ની ફુટનોટમાં આજથી ત્રણ વર્ષ પહેલાં જાહેર પણ થયેલ છે, આમ છતાં તે બનાવટી બીનાને પૂ. આત્મારામજી મ૦ નાં વચન તરીકે લેખાવવાનો પ્રયાસ કર્યો છે, તે શાસનની કુસેવા છે. પૂ. આત્મારામજી મહારાજે સં. ૧૯૫૨ના જેઠ શુદ પાંચમે આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી મ૦ના હાથે લખાવેલો મૂળ પત્ર 'શાસન સુધાકર' વર્ષ ૧૦ અંક ૭-૮ ના પાના ૫૦ ઉપર બ્લોકરૂપે છપાવીને પ્રસિદ્ધ કરવામાં આવેલ છે અને તે પછી 'સિદ્ધચક્ર' તા. ૨૩-૮-૫૧ ના વધારામાં પેજ ૧૭ થી ૧૮ ઉપર પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમાં પૂ. આત્મારામજી મહારાજે 'પાંચમનો ક્ષય આ વખતે કરવો સારો છે' એમ તો જણાવ્યુંજ નથી; પરંતુ **'અમારી સંમતિમાં તો એમ આવે છે જે ૬ નો ક્ષય કરવો જોઇએ'** એમ સ્પષ્ટ જણાવ્યું છે. આ વસ્તુ જાણવા છતાં ભદ્રિકજનોને ભરમાવવા તેઓ આવા સરાસર જૂઠાણાં સમાજમાં ફેલાવતાજ રહે છે, અને પોતાને આરાધક લેખાવી શકે છે; એ સમાજની નિર્બળતા છે. કલ્યાણકામી જનોએ ખબર લેવી ઘટે. 'ફકત પેટલાદમાં જુદા જુજ માણસોના હૃદયમાં ન રૂચવાથી અને સુરતમાં એક ભાઇને તે સમજમાં ન આવવાથી તેમને શાંત કરી પ્રતિક્રમણ જુદું કર્યું; બાકી બધે એક

થયું હતું" એમ લખેલી છેલ્લી વાત કેવી અક્ષરશઃ જૂઠી છે. તે તો આ પત્રિકામાં પૂર્વે બતાવી આપવામાં આવેલ 'તે સં. ૧૯૫૨ ની શ્રી સાંકળચંદ હઠીશંગ સિદ્ધારથની પત્રિકામાનું તારવણ અને આ. શ્રી વિજયદાનસૂરિજીનાં કથનોજ જણાવી આપતા હોવાથી તે બાબત વધુ કહેવું રહેતું નથી. હજારો જનોને જુજ લેખાવે તેને કહેવું પણ શું ?

(૧૯) તે મણુકાનું પાનું ૬ પેરા બીજામાં–'ભા. શુ. ૫ ના ક્ષયે બીજા પંચાંગમાંની ભા. શુ. ૬ નો ક્ષય કરીને ભા. શુ. ચોથે સંવત્સરી કરવાનું ૧૯૮૯ થી શરૂ થયું" એમ જણાવ્યું છે, તે જુઠું છે. પૂ. આ. શ્રી દાનસૂરિજી મ૦, તેમના 'વિવિધ પ્રશ્નોત્તર' ભાગ બીજાના પેજ ૨૮૦ તથા ૩૦૩ ઉપર સં. ૧૯૫૨–૬૧ અને ૮૯ માં છઠનો ક્ષય કર્યો હોવાનું જણાવે છે. આ. શ્રી વિજયવલ્લભસૂરિજી 'આત્માનંદ' પ્રકાશ' પુસ્તક ૩૪ અંક ૧૨ માં તા. ૧૫–૮–૩૭ ના પત્રથી આજથી વીશ વર્ષ પહેલાં જણાવે છે કે–"સર્વ સાધુઓએ સ્વ૦ ગુરૂદેવની આજ્ઞા મુજબ સં. ૧૯૫૨માં ભા. શુ. ૬ નોજ ક્ષય માન્યો હતો, પાંચમનો ક્ષય કોઇએ માન્યો ન્હોતો.×××× તમામ સાધુઓએ સં. ૧૯૮૯ માં પણ સં. ૧૯૫૨ ની માફક ભા. શુ. ૬ નોજ ક્ષય માન્યો હતો.×××× કોઇપણ આ૦, ઉ૦, પંન્યાસ, પ્રવર્ત્તક, ગણિ કે સામાન્ય સાધુએ ભા. શુ. ૫ નો ક્ષય કોઈ વખતે પણ કર્યો નથી એ નિર્વિવાદ વાત છે." આમ છતાં આ પ્રચારમાં નવામતીઓ આજે ભા. શુ. ૬ નોજ ક્ષય કરવાનું ૧૯૮૯ થીજ શરૂ થએલ હોવાનું અને ૧૯૫૨ માં સહુએ ભા. શુ. પાંચમનો ક્ષય માનેલ હોવાનું કોરેકોરૂં અસત્ય સાહિત્ય હિંમતભેર પ્રચારી રહ્યા છે, એ જોતાં તેઓનાં હૃદયો કેવાં ધૃષ્ટ બની ગયાં છે, એ કહેવું મુશ્કેલ થઇ પડે છે !

(૨૦) તે મણુકાનાં પેજ ૬ ના પેરા ૩ (પેજ ૭ સુધો)માં જણાવેલી સં. ૧૯૫૨ની સંવત્સરી સંબંધીની બીના કેવલ વાહિયાત છે. તે તે પ્રસંગનું સાંકળચંદ હઠીશંગ સિદ્ધારથનું હેન્ડબીલ તથા શ્રી દાનસૂ૦ મ૦ ના વિવિધ પ્રશ્નોત્તર ભાગ બીજામાંના (આગળ જણાવવામાં આવેલ છે તે) લખાણોજ સાબિત કરી આપે છે.

(૨૧) તે મણુકાનું પેજ ૭ ના બીજામાં **'સં. ૧૯૬૧ ની ઘટના'** શીર્ષકતળે લખ્યું છે કે–"સંવત ૧૯૬૧ ની સાલમાં પણ ભા. શુ. ૫ નો ક્ષય આવ્યો ત્યારે ચંડાંશુચંડુમાં નિર્દેશેલી ઉદયાત્ ભા. શુ. ચોથેજ સંવત્સરી કરી હતી. તે વખતે કપડવંજમાં ચાતુર્માસ રહેલા પૂ૦ શ્રી સાગરજી મહારાજે પણ સંવત્સરીનું આરાધન સં. ૧૯૫૨ મુજબ પંચાંગની ત્રીજે ન કરતાં સકલસંઘ સાથે ચતુર્થીના દિવસે કર્યું હતું. જો કે–આ પ્રસંગે પોતાને કુવૃષ્ટિન્યાયે તેમાં ભસવું પડયું હતું એવી જાહેરાત કરાઈ હતી." આ લખાણ કેટલું અસત્ય છે, એ વાચક મહાશયોજ નક્કી કરી લે, એ શુભ આશયથી આ નીચે તે સં. ૧૯૬૧ ની અન્યત્ર પ્રસિદ્ધ થએલી તે વખતની વિગતોજ માત્ર રજુ કરી દઉં છું. (૧) શાસન સુધાકર પત્રમાં આ પ્રસંગને અનેક વખત યથાવત્ જાહેર કરવામાં આવેલ છે કે–"સં. ૧૯૬૧ ની તે સંવત્સરી વખતે પણ પૂજ્ય શ્રી સાગરજી મહારાજે તો ભા. શુ. ૫ ના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાની પ્રાચીન પરંપરાનુસારી રીતિનેજ સાચવી છે, શ્રી સકલસંઘને સંવત્સરીના પ્રત્યેક ખામણા પ્રસંગનો મિચ્છામિદુક્કડં પણ પોતાની તે માન્યતાનુસારે ત્રીજના દહાડે થતી ચોથની સંવત્સરીના હિસાબેજ આપેલ છે, અને સંઘમાં ભાગલા પડે તેવું સંઘને લાગતું હોય તો મારો તેમાં આગ્રહ નથી." (૨) મુનિશ્રી ક્ષેમંકર-

સાગરજી મહારાજના નામથી સં. ૧૯૯૮ માં પ્રસિદ્ધ થએલ 'આ૦ શ્રી રામચંદ્રસૂરિજીને સણસણતો જવાબ' નામની બુકના પેજ ૪૭ ઉપર લખેલ છે કે–'૧૯૯૨ (૧) માં કપડવંજ મુકામે પૂ૦ આચાર્યશ્રીએ શ્રી સંઘ વચ્ચે ભા શુ ૫ ના ક્ષયે ત્રીજનોજ ક્ષય અને વૃદ્ધિએ ત્રીજનીજ વૃદ્ધિ થાય એમ સાફ જાહેર કરીને કુવૃષ્ટિ ન્યાયેજ સંઘ સાથે સંવત્સરી કરી છે.' તથા (૩) તે બૂકના પેજ ૫૦ ઉપર પણ લખેલ છે કે–પૂ૦ આચાર્યદેવશ્રીએ તો તે વખતે પણ સં. ૧૯૫૨ નીજ માન્યતા ત્યાંના સંઘ વચ્ચે જાહેર કરી છે અને સકલ સંઘને સંવત્સરી પ્રતિક્રમણમાં આવતો મિચ્છામિદુક્કડં પણ તદનુસારજ દીધો છે." (૪) સં. ૨૦૦૪ માં પૂ૦ મુનિરાજ શ્રી દર્શનવિજયજી મ૦, પોતાની 'જૈન પર્વ તિથિનો ઈતિહાસ' નામની બૂકના પેજ ૪૪ ઉપર લખે છે કે–' પૂ૦ શ્રી સાગરજી મહારાજે પણ કપડવંજના સંઘની એકતા માટે સંઘને+અન્ય પંચાંગ માન્ય રાખવા દીધું હતું એ પછી તે પંક્તિમાંની આ+નિશાનીવાળો ટીપ્પણીમાં લખે છે કે–ભા શુ. ૩ ના ક્ષયના હિસાબે આવતી ભા. શુ. ૪ના રોજ સકલ સંઘને ખમતખામણાં કર્યાં હતાં અને જણાવ્યું હતું કે–'મારી માન્યતા ત્રીજના ક્ષયની છે, પણ તેમ કરતાં સંઘમાં એકતા ન સચવાય તેમ હોય તો હું તેનો આગ્રહ કરતો નથી." (૫) સં. ૨૦૧૦ ના 'સિદ્ધચક્ર' વર્ષ ૨૦ અંક ૧૧ ના પેજ ૨૦૪ થી ૨૦૬ ઉપર સુરત તથા રાધનપુરના આગેવાન સાત શ્રેષ્ઠીની સહીવાળું તે સં. ૧૯૯૧નું હેન્ડબીલ પ્રસિદ્ધ થએલ છે, તેના સારરૂપે શીર્ષકમાં પ્રસિદ્ધ થયું છે કે–'સં. ૧૯૯૧માં ભા. શુ ૫ ના ક્ષય પ્રસંગે પ્રાચીન પરંપરા મુજબ ત્રીજનો ક્ષય કરી ચોથે સંવત્સરી પર્વ આરાધનાર શ્રી સુરત જૈન સંઘના આગેવાનોએ પ્રસિદ્ધ કરેલ પ્રત્રિકા' કે–જે પત્રિકા સં. ૧૯૯૧ નો સંવત્સરી પ્રસંગ જાણવાની જિજ્ઞાસાવાળાએ વાંચવી જરૂરી છે.

સત્ય વસ્તુ આમ હોવા છતાં 'સં. ૧૯૯૧ માં સહુએ ચંડાશું૦ માંની ઉદયાત્ ભા શુ ચોથે સંવત્સરી કરી હતી, તેમજ સાગરજી મહારાજે પણ સંવત્સરીનું આરાધન સં. ૧૯૫૨ ની જેમ પંચાંગની ત્રીજે ન કરતાં સકલસંઘ સાથે ચતુર્થીના દિવસે કર્યું હતું, એ મુજબ તે બીનાને ઉલટાજ સ્વરૂપે જૂઠા રૂપમાં કહે અને પ્રચારે તેમાં આત્માર્થીપણું કયાં રહ્યું ? સં. ૧૯૫૨ માં જેટલો વર્ગ ભા. શુ ૫ ના ક્ષયે ત્રીજનો ક્ષય કરીને ચોથે સંવત્સરી કરવાના સત્યમાર્ગે હતો, તેમાંથી ઘણા વર્ગને આવા અસત્ય પ્રચારો વડેજ સત્ય માર્ગથી ભ્રષ્ટ કરવામાં આવેલ, તેથીજ તે સત્યમાર્ગનું આરાધન કરનાર વર્ગ આ સં. ૧૯૯૧ માં અલ્પ રહેવા પામ્યો હતો, એ સત્ય છૂપાવે નહિ તો સારૂ.

(૨૨) તે મણકાના પેજ ૭ ઉપરના **'સં. ૧૯૮૯ ની ઘટના'** શીર્ષકતળે ત્રીજા પેરામાં ૮ મે પાને લખ્યું છે કે–(સં. ૧૯૮૯ની સંવત્સરી પ્રસંગે ભા. શુ. ૫ ના ક્ષય વખતે ભા. શુ. ત્રીજે ચોથ કરીને સંવત્સરી કરનાર) પૂ૦ શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના સમુદાય સિવાય તમામ સમુદાયોએ ચોથ શુક્રવારની સંવત્સરી કરી હતી." એ બદલ તેઓ સાચા થઈ જવાબ આપે કે–"(૧) તે સં. ૧૯૮૯ ની વખતે [સં. ૧૯૯૧ માં પોતાના તરફથી નીકળતા ભીંતીયાં પંચાંગમાં ભા. શુ ૫ નો ક્ષય બહાર પાડનાર] શ્રી ભાવનગર જૈન ધર્મ પ્રચારક સભાએ પણ–" **હવે તિથિનો ક્ષય ન કરવાની આપણી પ્રવૃત્તિને અનુસારે શુદિ ૫ ના ક્ષયે શુદિ ૪ નો ક્ષય કરવો જોઇએ પરંતુ તે દિવસે સંવત્સરી**

**પર્વનો દિવસ હોવાથી તેનો ક્ષય ન કરીએ તો ૩ નો ક્ષય કરવો જોઇએ."** એમ જાહેર કર્યું છે કે ? (૨) તે વખતે બહાર પડેલાં આપણા આરાધનાનાં ભીંતીયાં પંચાંગોમાં પૂ૦ શ્રી દર્શનવિજયજી ત્રિપુટી મહારાજ આદિએ તે ભા. શુ. પંચમીના ક્ષયે ત્રીજનોજ ક્ષય જાહેર કરેલ છે, અને તે પ્રમાણેજ સંવત્સરી પર્વનું આરાધન કરેલ છે કે ? (૩) તે વખતે તે ત્રીપુટિ મહારાજે ચાતુર્માસ કરેલ શહેર, આજુબાજુનાં બીજાં ગામો, શ્રી બીલીમોરા, ધાર (માળવા), છાણી, સુરત, કઠોર, દમણ, વેજલપુર વગેરે અનેક શહેરો અને ગામોના સમસ્ત સંઘોએ પણ પાંચમના ક્ષયે ૩ નો ક્ષય માનીનેજ સંવત્સરી પર્વ આરાધ્યું હતું કે ? (૪) અને એમાંની કેટલીક બીના સં. ૧૯૮૯ ના શ્રી સિદ્ધચક્ર પાક્ષિક શ્રાવણ ૦))ના ૨૩ મા અંકના અંતિમ ટાઈટલ પેજ ઉપર આજે પણ વાંચીજ શકો છો કે ?" જો હા, તો "તે વખતે એકલા પૂ૦ સાગરજી મ૦ ના સમુદાયેજ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરી સંવત્સરીનું આરાધન કર્યું હતું, અને તેઓ સિવાયના તમામ સમુદાયોએ ચોથ-શુક્રવારી સંવત્સરી કરી હતી." એમ લખો છો તેમાં 'મૃષાવાદવિરમણ' નામના મહાવ્રતને સાચવવાની લેશમાત્ર કાળજી રાખી હોય તેમ જણાય છે ? **આ ખુલાસા પછી સુજ્ઞજનો સમજી શકે તેમ** છે કે-પ્રસ્તુત ચોથા મણકાના પેજ ૮૨ ઉપરના "ઉપર પ્રમાણે સં. ૧૯૫૨ અને સં. ૧૯૮૯ માં ×××× એટલે તિથિચર્ચાની અર્થાત્ તિથિના મતભેદની શરૂઆત શ્રી પૂજ્યોનો સમય બાદ કરતાં વર્ત્તમાનકાળે કયારે કોના તરફથી શરૂ થઈ, તે વાંચકો સારી રીતે સમજી શકશે." એ લખાણવાળા બીજા પેરાનાં લખાણ વડે તિથિચર્ચાની શરૂઆત સં. ૧૯૮૯ થીજ શરૂ થવા પામી અને તેના જવાબદાર પૂ૦ સાગરજી મ૦જ છે,' એમ ઠસાવવાનો જે પ્રયાસ કરેલ છે, તે સદંતર બાલીશ છે.

(૨૩) તે મણકાના પેજ ૮ ના ત્રીજા પેરામાં જે-" સં. ૧૯૯૦ માં સાધુસંમેલન થયું તે વખતે પૂ. દાનસૂરિજી મહારાજે પૂ. આ. મ. શ્રી વિજયનેમિસૂરિજી મ૦ વગેરે આગેવાન આચાર્યોને કહ્યું કે-'તિથિની વિચારણા પણ કરી લો.' પરંતુ તે વખતે પૂ૦ નેમિસૂ૦ મહારાજે એવો જવાબ આપ્યો કે-'અહિં તો બીજા ગચ્છવાળા પણ છે, અને તિથિનો પ્રશ્ન તો એકલા તપાગચ્છે વિચારવાનો છે.' એમ લખ્યું છે, તે આખીયે વાત ઉપજાવી કાઢેલી છે. સંમેલન વખતે તેવી કોઈજ વાત કોઈએ કોઈનેય કરીજ નથી. અત્ર સુજ્ઞજનો વિચારે કે-નવામતની ઉત્પત્તિજ સંવત ૧૯૯૨ માં છે, પછી એ બદલ સં. ૧૯૯૦માં વાત કરવાની હોય પણ શું ? હતીજ નહિ. આથી તે સ્વયં ઉભી કરીને અહિં રજુ કરી દીધેલી કપોલકલ્પિત વાત ઉપર ઈષ્ટ પિષ્ટ વિવેચન કરીને આળેખેલું આખું ૯મું પેજ જ અનવસ્થિત ભેજાનાં ચાળા સ્વરૂપ હોઇ તેની પણ ઉપેક્ષા કરવામાં આવે છે.

(૨૪) તે મણકાના પેજ ૯ના અંતિમ પેરાથી લઇ પેજ ૧૩ સુધીમાં સં. ૧૯૯૨ માં આવેલ ભા. શુદ બે પાંચમને આશ્રીને કરેલી સંવત્સરી પ્રસંગની વાતોને તેમણે આ મણકાઓમાં પોતે પ્રથમ રજુ કરેલી નિરાધારપ્રાયઃ વાતોનો ખરી વાતો તરીકે ટેકો આપવા પૂર્વક, મનગમતી રીતે અને અસત્ય સ્વરૂપે રજુ કરેલ હોવાથી તથા તેનો સચોટ અને જડબાતોડ રદીયો આપતાં લખાણ નિરર્થક વધી જતું હોવાથી, તે વાતોની પણ અત્ર ઉપેક્ષા કરવામાં આવે છે.

(૨૫) તે મણુકાના પેજ ૧૩ ના અંતિમ પેરાથી માંડીને પેજ ૧૫ના પહેલા પેરા સુધી કરેલી 'સં. ૧૯૯૮ની ઉભય આચાર્યોની ચર્ચા, લવાદ નીમાયો' વગેરે વાતો તો-(અંતે સ્વમતને સમાજને માથે યેનકેન ઠોકી બેસાડવા સારૂ લવાદને પણ ફોડી નાખવાનાં કરેલાં ભેદી કાવતરાં શાસન-પક્ષના હાથે પકડાઈ જવા પણ પામતાં સમાજમાં ઉંચું માથું કરીને ચાલવાનું રહ્યું નથી, ત્યાંસુધી પહોંચી છે અને તે સારાય સમાજને સુવિદિત છે, તેથી) બીતાં બીતાં અને ઘણી અધુરી લખેલી હોવાથી તથા તે અધુરી પણ ફેંકાફેંક પૂર્વકની હોવાથી તે વાતોનેય ઉપેક્ષણીય ગણવામાં આવે છે.

(૨૬) તે મણકાના પેજ ૧૫ ઉપરના **સં. ૨૦૦૪ની ઘટના**' શીર્ષક તળેનાં લખાણથી પેજ ૧૭ના બીજા પેરામાંની "અનંતર ચોથે એવો પાઠ નથી મળતો તેથી સંલગ્ન અર્થ ક્યાંથી લેવો ?" ત્યાંસુધીનું તે તે આચાર્ય ભગવંતોના નામે લખેલું લખાણ, તે તે આચાર્ય-ભગવંતોએ પોતાનું મંતવ્ય તથાપ્રકારનું છે, એમ કોઈને કહ્યું નહિં હોવા છતાં કલ્પિત ઉભું કરેલ છે. નિશીથ ચૂર્ણિમાંના '**अणागयाए चउत्थीए**' પાઠનો અર્થ 'અનંતર ચોથે' એમ જણાવનારો પાઠ તમને મળતો નથી, તેથી તમે 'સંલગ્ન' અર્થ લઈ શકતા નથી તો તે '**अणागयाए०**' પાઠનો અર્થ 'પૂર્વની ચોથે' એમ જણાવનારો પાઠ તમને ક્યાંથી મળ્યો ? ક્યાં છે ? કે-જેથી તમે તે '**अणागयाए०**' પાઠનો સર્વ આચાર્યોએ સર્વસંમતતયા અદ્યાપિપર્યંત કહેલો અને આચરેલો 'અનંતર ચોથે' અર્થ છોડીને 'પૂર્વની ચોથે' અર્થ કરવા માંડયો છે ? જો પૂર્વાચાર્યા-ચરિત અર્થોને માનવા નથી એમ આગ્રહ ન હોય અને પોતાના તરફથી ઉભા કરવામાં આવતા કલ્પિત અર્થનેજ સાચા અર્થ તરીકે લેખાવ્યા કરવાની મનસ્વી ધૂન ન હોય તો હવે તે '**अणागयाए चउत्थीए**' પાઠનો અર્થ તમે સં. ૧૯૯૨થી જે 'પૂર્વની ચોથે કરવા માંડયા છો, તેવો અર્થ તમેજ સર્વમાન્ય એવા કોઈપણ જૈન શાસ્ત્રમાંથી બતાવો: છે કોઇ સ્થળે ? અને 'અનંતર ચઉત્થીએ' અર્થ તો અનેક આચાર્ય-ભગવંતો આદિએ કરેલો મોજુદજ છે કે ? તમારા પહેલાં માર્ગસ્થ કોઇ આચાર્યે તે પાઠનો 'પૂર્વની ચોથે' એમ અર્થ કર્યો છે ?

(૨૭) તે મણકાના પેજ ૧૭ ઉપર શ્રી કલ્પ-કીરણાવલિમાંનો આ-**मुञ्च मृतमातृसदृशीं पञ्चमीं, स्वीकुरु च कल्पलतासमां चतुर्थीं** પાઠ, મૂળપાઠમાં જણાવેલા હેતુપાઠોને તોડીને અને '**मुञ्च**' શબ્દ પોતાના ઘરનો જોડીને તે શાસ્ત્રકારના નામે રજુ કરવામાં આવે છે કે ? શ્રી કલ્પ કીરણાવલીમાં તે મૂળપાઠ '**परित्यज तीर्थानादृतत्वेन मृतमातृकल्पां पञ्चमीं, स्वीकुरु च तीर्थादृतत्वेनैव कल्पलताकल्पां चतुर्थीं जिनाज्ञात्वात्**' એ પ્રમાણેજ છે કે ? નવા-મતમાં તમેજ તમને સાચા જણાતા હોત તો આમ શાસ્ત્રના પાઠોનેય તોડી ફોડી નાખવાનું પાપ કરો ખરા ?

(૨૮) તે પાઠની નીચે રજુ કરેલી-**नहि ए पर्वी पंचमी, सर्व समाणी चोथे। भवभारु मुनि मानशे भाख्युं अरिहानाथे'** ॥ એ શ્રી પર્યુષણાના ચૈત્ય-વંદનની ૮મી ગાથા, તે ગાથાના અનુસંધાન-વાળી આ 'નવ વખાણ પૂજી સુણો, શુક્લ ચતુર્થી સીમા; પંચમી દિને વાંચે સુણે, હોય વિરાધી નિયમા.' તરીકેની સાતમી ગાથાને ઈરાદાપૂર્વક ગોપવીને રજુ કરી છે, કોઈ અપૂર્વશાસ્ત્રની ગાથા તરીકે ભદ્રિકજનોમાં ભાસ કરાવવા તે ગૂર્જર ગાથાને બાલબોધ ટાઇપમાં છાપી બતાવી છે અને તે ૮ મી ગાથામાંના મૂળ 'પર્વે' શબ્દનો '**पर्वी**' શબ્દ બનાવી દીધેલ છે.

(૨૯) તે પાઠની નીચેના અંતિમ લખાણમાં જે 'પર્યુષણ સંવત્સરી તરીકે ચોથને લીધી છે, પરંતુ પાંચમની લગોલગ આવેલી પૂર્વતિથિ તરીકે લીધી નથી' એમ શાસ્ત્રના સર્વમાન્ય અર્થથી વિરુદ્ધ લખ્યું છે, તે લૌકિક ટીપ્પણામાં જ્યારે ભા. શુ. ચતુર્થી બે આવે ત્યારે તેઓ તેમના નવા મત પ્રમાણે ભા. શુ. ૫ ની જોડે સંવત્સરીની ચોથ બતાવવીજ જોઈએ તે બતાવી શકે તેમ નથી, એ મુંઝવણને આજથીજ દૂર કરવાના ઉપાયરૂપે છે.

(૩૦) તે મણકાના પેજ ૧૮ ના બીજા પેરામાં-'અહીં વિચારણીય એ છે કે-જો પાંચમની લગોલગ આગલો દિવસ એજ સંવત્સરીની ચોથ ગણાતી હોય તો પંચમીના ક્ષયે એની પૂર્વની ત્રીજ એ પંચમીનો આગલો દિવસ ગણાય અને ત્યાંજ ચોથ માનીને સંવત્સરી કરવી જોઈતી હતી, તેમ તો કર્યું નથી, અને તેમ થઇ શકે પણ નહિ. કેમકે-ત્રીજ એ પંચમીતિથિથી દૂર પડે છે.' એ પ્રમાણે લખ્યું છે, તે ઇરાદાપૂર્વક ખોટી ગણત્રી રજુ કરીને ભ્રામક લખ્યું છેઃ (૧) તેઓના સમસ્ત વડિલોએ અને સં. ૧૯૯૨ સુધી તો આ સમસ્ત નવા વર્ગે પણ પંચમીની લગોલગના આગલા દિવસનેજ ચોથ ગણેલ છે. પછી 'ચોથ ગણાતી હોય તો' એવા ભ્રામક શબ્દોને અવકાશજ કયાં છે? (૨) 'પંચમીના ક્ષયે એની પૂર્વની ત્રીજ' એમ લખ્યું તે પણ ભ્રામક છેઃ કારણકે-પંચમીના ક્ષયે 'ચતુર્થીની પૂર્વની ત્રીજ' એમ સીધું લખવું છોડીને 'એની પંચમીની) પૂર્વની ત્રીજ' એમ ઉંધું લખ્યું છે. (૩) પંચમીનો તો ક્ષય જણાવો છો, પછી તે ક્ષીણપંચમીની પૂર્વે ત્રીજ કયાંથી લાવો છો? ચોથ લાવો એટલે તે તો પંચમીનો આગલો દિવસ ગણાયજ છે, અને ત્યાં ચોથ કોણે નથી માની? સવાલજ તે ચોથને સ્થાને તે ક્ષીણ પંચમીને **ક્ષયે પૂર્વા૦** વાળા અપવાદસૂત્રથી સંસ્કાર આપીને ઉદયાત પંચમી તરીકે ઉભી રાખવાનો છે કે-જે સંસ્કાર તે પંચમી સિવાયની બીજી બધીજ પાંચમના ક્ષય વખતે સં. ૧૯૯૨ શુધી તમારા પંચાંગોમાં પણ તમે આપેલજ છે. એટલેજ ચોથ પાંચમનું તે જોડીયું પર્વ, ત્રીજે ચોથ ઉદયાત બને અને ચોથે પાંચમ ઉદયાત બની જવાપૂર્વક ઉભું રહે છે અને તોજ 'उदयंमि जा तिहि०' નો ઉત્સર્ગ માર્ગ ક્ષીણપર્વ પ્રસંગે પણ સચવાય છે. **સં. ૧૯૯૨ થી નવો મત કાઢવા જતાં એ સંસ્કાર આપવાનું તમે ખીંટીએ મૂક્યું એટલે તેના લાભમાં તમે કેટલું ગુમાવ્યું? જુઓ:** "ભા. શુ. ૪-૫ નું આ જોડીયું પર્વ તમારે તૂટયું, પાંચમ પર્વ તો સમૂળગું ગુમાવ્યું! શ્રી હીરસૂરિજી મહારાજે જણાવેલ '**येन शुक्लपंचम्युच्चरिता भवति तेन मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः**' એ પાઠ અનુસાર પંચમીનું આરાધન કરનારને ત્રીજથી અટ્ઠમ કરાવવાની અશક્તિ વસાવી, પૂ૦ હીરસૂ૦ મ૦શ્રીના તે ચોકખા શાસ્ત્રપાઠને પણ અવગણવાનું પાપ વહોરવું પડયું, સં. ૧૯૫૨ના જેઠ સુદ પાંચમના પત્રમાંના તમારા મહાન્ **દાદાગુરૂ પૂ. આત્મારામજી મહારાજે લખાવેલા ( અને અમે તેનો બ્લોક પણ બનાવીને શાસન સુધાકર તથાં સિદ્ધચક્રમાં પ્રસિદ્ધ કરેલા) "ચોથ પાંચમ ભેળા ગણુશો તો ચોથને દહાડે તો સંવત્સરીની ક્રિયા કરી, પરંતુ પાંચમ તિથિની ક્રિયા કયે દહાડે કરવી?"** એ ટંકશાળી શબ્દો ઉપર હરતાળ મારવી પડી અને તમારા દાદાગુરૂ પૂ૦ આ. શ્રી દાનસૂરિજી મ૦, વિવિધ પ્રશ્નોતર ભાગ પહેલાના પૃ. ૧૦૬ ઉપર

સાફ જણાવે છે કે-'આ ( मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः ) **પાઠમાં શ્રી જગદ્ગુરૂ મહારાજ પંચમીનું જેમ આરાધન થાય તેમજ ફરમાન કરે છે.'** એ વચનો ઉપર તો તેલમિશ્રિત મષીનો કૂર્ચકજ ફેરવવો પડયો !" ઈચ્છીએ કે-શાસનદેવ તમોને હજુ પણ મૂળમાર્ગે આવી જવાની સત્વર સદ્બુદ્ધિ આપે.

(૩૧) તે મણુકાના પેજ ૧૮ ના પેરા ત્રીજામાં લખ્યું કે—"અહીં મહત્ત્વનું વિચારવા જેવું એ છે કે-પર્યુષણુ અઠ્ઠાઈ કે જેને શાસ્ત્રે મહાન અઠ્ઠાઈ તરીકે મહત્વ આપ્યું છે, તેની ગણુના ભા. શુ. ૪ નો દિવસ પંચાંગમાંથી નિશ્ચિત કરી એની પૂર્વના સાત દિવસ લઈને કરવામાં આવે છે. એને પછીની પાંચમ સાથે નિસ્બત નથી. એટલે કદાચ પાંચમના ક્ષય-વૃદ્ધિ આવ્યા તો પણ તે ચોથે સમાપ્ત થઈ જતી અઠ્ઠાઈમાં કાંઈજ ફેરફાર કરી શકે નહિ." એ સદંતર વિચિત્ર એવા શાસ્ત્ર અને પરંપરાની શ્રદ્ધાથી રહિત હૈયાંનું માપક છે. કારણ કે-પર્યુષણુની અઠ્ઠાઈ પંચાંગમાંથી ભા. શુ. ૪નો દિવસ નક્કી કર્યે નક્કી થઈ જાય, એ માન્યતા તેઓની હોય તો તેઓ જાણે. કોઈ શાસ્ત્રકારની તેવી માન્યતા છેજ નહિ. ભા. શુ. ૪-૫ એ ૧૪-૧૫ આદિની માફક જોડીયું પર્વ છે. તેથી તે પાંચમને અને ચોથને પરસ્પર ગાઢ નિસ્બત છે. માટે પર્યૂષણુની અઠ્ઠાઈ નક્કી કરવા સારૂ પ્રથમ તો પંચાંગમાંથી ભા. શુ. પાંચમજ નકકી કરવી રહે છે. આ અવિચ્છિન્ન પરંપરાજન્ય સત્યસ્થિતિ છે. છતાં તમે હવે એમ બોલો છો કે-'પાંચમ સાથે તેને નિસ્બત નથી' એનો અર્થ ખુલ્લો છે કે- ભા. શુ. પાંચમની તમને પર્વ તરીકે પણ કિંમત રહી નથી. વળી પંચાંગમાંથી ચોથ નક્કી કરો તો પણ ચોથે તમો તેની પહેલાંના સાત દિવસ લઇ લેવા માત્રથી અઠ્ઠાઈ કયાં માની લ્યો તેમ છો ? વચમાં શ્રાવણુ વદ ૦)) નો ક્ષય આવે ત્યારે તમે ચોથ પહેલાંના ૭ દિવસ લઇને અઠ્ઠાઈ કેવી રીતે કરવાના ? સં. ૧૯૯૦ માં ભા. શુ. ૪ નો ક્ષય આવ્યો હતો, તે વખતે તો તમે ભા. શુ. ૩ નો ક્ષય કરી તેના સાથે ચોથ ઉદયાત્ બતાવવા પૂર્વક તે क्षये पूर्वा० થી સંસ્કાર આપીને બનાવેલી ભા. શુ. ૪ની પહેલાંના ૭ દિવસ લઇને પર્યુષણની અઠ્ઠાઇ કરી હતી; (જૂઓ જૈન પ્રવચન વર્ષ ૬ અંક ૧૨-૧૩-૧૪ શ્રાવણુ વદ ૯ તા. ૨-૯-૩૪નો અંક પૃષ્ટ ૧૭૭) પરંતુ હવે પછીથી જ્યારે પંચાંગમાં ભા. શુ. ૪ નો ક્ષય આવશે ત્યારે તમે તે સંવત્સરીની ચોથનેય તે તમે પ્રથમ કર્યું છે તે પ્રમાણે પણ આખી કયાંથી નક્કી કરી શકવાના ? અને એમ ચોથ નકકી નહિં થાય એટલે તેની પહેલાંના સાત દિવસ લઇને અઠ્ઠાઈ પણ શી રીતે નક્કી કરી શકવાના ? ઈત્યાદિ અનેક પ્રકારે જે લખાણુ એના લેખકનેજ આપત્તિજન્ય છે. તેવા ધુમાડાના બાચકા સમા તે લખાણુને અવલંબીને કરેલા તે પેજ ૧૯ ના પેરા બીજાથી લઇને પેજ ૨૨ ના બીજા પેરા પર્યન્તનાં લખાણુને સમાજે શાસ્ત્ર અને પરંપરાના ધ્વંસક વિચારોરૂપે માની લેવું રહે છે. કારણુ કે તેમાં શાસ્ત્ર અને પરંપરાને ઉડાવીને સ્વમત સ્થાપન રસીકતા ભરી છે.

(૩૨) તે મણુકાના પેજ ૨૪ના પેરા બીજામાં લેખકે પોતાના નવામતની પુષ્ટિમાં સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૪ પૃ. ૯૪ માંનું ૭૭૬ માં પ્રશ્નનું જે "જયોતિષ્કરંડક, સૂર્યપ્રજ્ઞપ્તિ અને લોક પ્રકાશ આદિને જાણુનારો મનુષ્ય xxxx क्षये पूर्वा तिथिः कार्या એવો શ્રી ઉમાસ્વાતિનો પ્રઘોષ હોત નહિ."

પર્યંતનું સમાધાન રજુ કર્યું છે, તે તે સમાધાનની જોડેનું "માટે જ્યોતિષના હિસાબ પ્રમાણે પર્વતિથિનો ક્ષય ન જ હોય એમ કહેવાય નહિ, પણ આરાધના કરવા માટે નિયત થએલ બીજ આદિ તિથિઓનો ક્ષય હોય તો આરાધના કરનારાઓએ તે આરાધવા લાયક બીજ આદિનો ભોગવટો પોતાના પહેલાની એકમ આદિ તિથિમાં થતો હોવાથી એકમ આદિ તિથિને દિવસે બીજ આદિ પર્વ તિથિનું આરાધનાકાર્ય કરાય માટે આરાધનાની અપેક્ષાએ પર્વતિથિનો ક્ષય ન હોય એમ કહેવું વાજબી ગણી શકાય, ને તેથીજ આરાધનાની અપેક્ષાએ ભીંતિયાં પંચાંગો છપાનારા મૂલ ટિપણામાં પર્વતિથિનો ક્ષય હોય તો તેને સ્થાને પૂર્વની તિથિનો ક્ષય કરી પર્વની તિથિઓને અખંડિત રાખે છે." એટલું બધું સિદ્ધચક્રમાંનું લખાણ છોડી દેવાનું પ.પ કરીને રજુ કર્યું છે. તેઓએ આ છોડી દીધેલાં લખાણને તેણે રજુ કરેલ લખાણ સાથે જોડયા બાદ તે આખું સમાધાન પુરૂં થાય છે, કે-જે આખું સમાધાન તેમના નવા મતને સાફ જુઠો બતાવે છે. પોતાના સર્વદિક્ અસત્ય ઠરેલા મતને સાચો દેખાવવા સારૂ જેઓ સામા પક્ષના પ્રસિદ્ધ લખાણને પણ આ રીતે છડેચોક કાપી નાંખવાની હિંમત ધરાવે છે અને તે લખાણમાંના ખંડન અર્થે રજુ થએલા ફાવટ પૂરતા ઉઠાવી લીધેલા લખાણને પોતાના મતની પુષ્ટિમાં ઘુસાડી દેતા શરમાતા નથી, તેઓને જિનેશ્વર ભગવંતના શાસન રસીક શી રીતે માની શકાય? [**આ સમાધાન**-આવીજ રીતે શ્રી જંબૂસૂરિએ તેમની **તિથિ સાહિત્ય દર્પણ** નામની બૂકમાં કાપીને રજુ કરેલ છે, અને શ્રી પુણ્યવિ૦ ના શિષ્ય (નવામતિ) અમૃતસૂરિએ **'તિથિચર્ચાના વિષયમાં સત્યનું સ્પષ્ટીકરણ'** નામની તાજેતરમાં (તેમની ગ્રંથમાલા નં. ૩૨ તરીકે) બહાર પાડેલ ૬ ફોર્મ પ્રમાણની અસત્ય પ્રલાપમય ચોપડીના પેજ ૩૪ ઉપર પણ સ્વીકારીને પોતાના મહાવ્રતોને ખીંટીએ મૂકવાનું પાપ કર્યું છે! આવા છે એ આગમપ્રજ્ઞ અને સુવિહિત શિરોમણિ.] પોતાના મતને કોઇ શાસ્ત્રનો કે પરંપરાનો અદ્યાપિ પર્યંત એકાદ પણ ટેકો મળ્યો નથી અને કાઢયો છે તે મત કોઈ વાતેય મૂકી શકાતો નથી; તેનીજ આ બધી પ્રપંચ લીલા છે. આ તો શું છે? પણ ભેદી ચીઠ્ઠીઓ લખીને લવાદને પણ ફોડી શાસનની અવિચ્છિન્ન પરંપરાનેજ ઉથલાવી નાખવા સુધીનાં પણ ઘોર અપકૃત્યો એ મત ખાતર તેઓને કરવાં પડયાં છે! એ જોતાં તેઓ પ્રતિ કોને અનુકંપા ન થવા પામે? આવાં ઘોરાતિઘોર પાપોનો ભવાંતરમાં અંજામ શું? એટલું હજુ પણ એ વર્ગ વિચારવા કૃપા કરે એમ ઈચ્છીએ છીએ.

(૩૩) તે મણકાના પેજ ૨૪ ઉપરના પેરા ત્રીજાનાં "સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૪ પૃ. ૮૭માં તેઓ ક્ષય થતાં પૂર્વતિથિમાં આરાધનાની જરૂર અને તેનું કારણ, એ મથાળાં નીચે લખે છે કે-'અને આજ કારણથી બીજ, પાંચમ વગેરે પર્વતિથિઓનો ક્ષય હોય છે, ત્યારે તે તે પર્વતિથિની આરાધના પહેલે દિવસે કરી લેવામાં આવે છે. કેમકે તે તે પર્વતિથિનો ભોગવટો તે તે આગલી સૂર્ય ઉદયવાળી તિથિની પહેલાં થઇ ગયો હોય છે." ત્યાંસુધીનાં લખાણ પછીથી તેમણે જે આ ××× પ્રમાણે ચોકડીઓ દર્શાવી છે તે તે પછીનું લખાણ પણ જો પોતે છાપી બતાવે તો તેમનો મત ખોટો મનાવે તેમ છે, માટે તે પછીનું 'અને સૂર્યોદયવાલી તે તે પર્વતિથિ ન મળે તો તેની આગલી તિથિની પહેલી તિથિએ તે તે પર્વતિથિનો ભોગવટો

હોવાથી તે તે પર્વતિથિની આરાધના થાય છે. કેમકે-જેમાં જે ન હોય તેમાં તેનો સમાવેશ કરવો એ હીતકર છે!' એટલું તે સિદ્ધચક્રના અંકમાંનું લખાણ તેમણે તે ચોકડીઓનાં સ્થળેથી કાપી નાખ્યું છે, અને તે કાપી નાંખેલા લખાણ પછીનું 'પણ ત્રીજ, છઠ, નોમ વગેરે ××× અને કલ્પના માત્રજ છે.' એ લખાણ (પ્રથમનાં લખાણ સાથે સંગત લેખાવવા તરીકે) જોડી દેવાનો પ્રપંચ કરેલ છે. તે સ્થળે સિદ્ધચક્રમાં એ પછીનું પણ નવ પંક્તિ પ્રમાણ લખાણ છે, છતાં તે લખાણ પણ પોતાના મતને જૂઠો ઠરાવતું હોવાથી તેમણે લીધું નથી-છોડી દીધું છે. વિશેષમાં આ ઘાલમેલ કોઇની જાણમાં ન આવે તે સારૂં તે સ્થળને ખોટી રીતેજ પૃ. ૮૭ તરીકે જણાવવામાં આવેલ છે! સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૪ના પૃષ્ઠ ૮૭ ઉપર તે લખાણજ નથી! વાચકવર્ગેએ સિદ્ધચક્રમાં તે પેજ જોઈ લેવા વિજ્ઞપ્તિ છે.

(૩૪) પેજ ૨૪ની અંતિમ બે પંક્તિથી માંડી પેજ ૨૫ ઉપરની સાત પંક્તિ સુધીમાં સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૧ પૃષ્ઠ ૭ ઉપરના જે પ્રશ્ન અને સમાધાન પ્રસિદ્ધ કરેલ છે, તે સ્થાનાંગસૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ, જ્યોતિષકરંડક આદિ જૈન શાસ્ત્ર પ્રમાણે (નહિ કે આરાધનામાં) પર્વતિથિઓનો ક્ષય હોય એમ જણાવે છે, છતાં તે લખાણ પછી તે પ્રશ્ન અને સમાધાનના ઓઠે તેમણે ત્યાં ત્રીજા પેરામાં જે "હવે આજ મહાપુરુષ તિથિચર્ચામાં પડ્યા પછી એમ કહે કે-'જૈનમત પ્રમાણે પર્વતિથિની ક્ષયવૃદ્ધિ મનાયજ નહિ' તો તટસ્થ વ્યક્તિઓએ શાનો સ્વીકાર કરવો? એમના પૂર્વ પ્રશ્નોત્તરોનો કે પાછળનાં લખાણનો?" એવું કાપટ્યપૂર્ણ આલેખન કરીને પૂ૦ સાગરજી મ૦ ને ખોટી રીતે જ ફરતું ફરતું બોલનાર તરીકે દેખાડવાની હિંમત કરે છે, તે બદલ તેને શું કહીએ? આમને કોઇ પૂછો તો ખરા કે-**શ્રી સાગરજી મહારાજ જૈનમત પ્રમાણે પર્વતિથિની ક્ષયવૃદ્ધિ મનાયજ નહિ એમ કહે છે, કે-'આરાધનામાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ મનાયજ નહિ' એમ કહે છે?** શા માટે તેઓશ્રીનાં નામે આવાં માયામૃષાપૂર્ણ લખાણો કરે રાખીને ભારી થતા હશો? પૂજ્ય સાગરજી મહારાજે 'જૈનમત પ્રમાણે પર્વતિથિની ક્ષયવૃદ્ધિ થાય નહિ' એવું કોઈ સ્થળે જણાવ્યું છે? જણાવ્યું હોય તો બતાવો; નહિં તો જૂઠથી વિરમો.

(૩૫) પેજ ૨૫ના ત્રીજા પેરામાં જણાવેલ છે તે સં. ૧૯૯૨નો જૈનધર્મ પ્રકાશના વૈશાખના અંકમાં છપાએલ શ્રી આત્મારામજી મ૦ની જન્મ શતાબ્દિની ઉજવણીનો હેવાલ તમારા જેવા કોઈએ લખી મોકલ્યો હોય તે પ્રમાણે છપાયો, તેટલા માત્રથી ત્યાં તમારી ૧-૨ ભેળાંની માન્યતા માનનાર છે કોણ? આગળ જતાં સદ્‌ભાગ્યે હૈયામાં છે તે હોઠે આવી જવાથીજ લખાઇ જવા પામ્યું છે કે—"**શાસ્ત્રકારોએ પર્વતિથિ આરાધવાનું કહ્યું છે, નહિં કે બાર દિવસ અને પંચાંગમાં ૧૪-૧૫ ભેળા આવે ત્યાં તિથિ તો બંને હાજર છેજ. છતાં કહેવું કે-'ના એમાં તો એક પર્વ દિવસ ઓછો થઇ ગયો. પર્વતિથિની ક્ષયવૃદ્ધિ હોયજ નહિ.' એ કથન તિથિ અને દિવસનો શું શંભુમેળો નથી કરતું? તાત્પર્ય એ છે કે-આ મતનો મૂળ પાયોજ ખોટો છે, એટલે તેના પર બાંધેલી ઇમારત ખોટીજ હોય એ સ્વાભાવિક છે.**" વાચક મહાશયો! જુઓ જુઓ બરાબર આંખો ખોલીને અને ચિત્ત ચોડીને નવા તિથિમતની ભયંકર

મલીમતાનું અહિં નક્કર દર્શન કરી લો કે-જેથી તેઓને હવેથી ભૂલથી પણ શાસ્ત્રપ્રિય માનવાની જરાય ભૂલ થવા ન પામે. નવામતીઓ આપણને તેમની શ્રદ્ધાભ્રષ્ટતાનું અહીં બરાબર ભાન કરાવે છે! ઉપરમા લખાણથી તેઓ આપણને સ્પષ્ટ જણાવે છે કે-"તમે બધા બીજ, પાંચમ, આઠમ, અગીઆરશ, ચૌદશ, પૂનમ અને અમાસ પર્વતિથિઓને આખો દિવસ આરાધો છો, તે ખોટું છેઃ કોઈપણ પર્વતિથિ આખો દિવસ આરાધવાની નથી; પરંતુ લૌકિક ટીપ્પણામાં પર્વતિથિઓ જેટલી ઘડી હોય તેટલી ઘડીજ આરાધવાની છે! એટલે કે=ટીપણાંની સાતમના દિવસે ૪૦ ઘડી સાતમ ગયા બાદ આઠમ બેસતી હોય તો ત્યારથીજ આઠમ આરાધવાની છે અને તે આઠમના સૂર્યોદય પછી તે આઠમ પચ્ચીશ ઘડી બાદ પૂર્ણ થઈ જતી હોય તો ત્યાંજ તે આઠમની આરાધના પૂર્ણ ગણવાની છેઃ એ રીતે પર્વનું આરાધન કરી એટલે પંચાંગમાં ૧૪-૧૫ ભેળાં આવે, ત્યાં તેરશને દિવસે જ્યારથી ચૌદશ શરૂ થઇ ત્યારથી માંડીને ચૌદશના સૂર્યોદય પછી જેટલી ઘડી ચૌદશ હોય ત્યાંસુધી ચૌદશ આરાધવી અને (પછી પૂમમ ગણી) તેનો પૌષધ પારવો, ઉપવાસનું પારણું કરવું એ બધું ત્યાંજ કરી લેવું; અને ચૌદશના દિને તે ચૌદશની ઘડીઓ પછી શરૂ થતી પૂનમની જેટલી ઘડીઓ હોય તેટલી ઘડીઓ પ્રમાણ પૂનમ આરાધવી! એકેક પર્વતિથિ એકેક દિવસે આરાધવાની નથી. બાર પર્વીઓના આરાધન માટે બાર દિવસ લેવાનાજ નથી, પછી એક પર્વ દિવસ ઓછો થઈ જવાની વાતને સ્થાનજ કયાં છે? તિથિ અને દિવસનો શંભુમેળો કરવાનો નથી. છતાં તમે પર્વ અને દિવસનો શંભુમેળો કરતા આવ્યા છો, માટે તમારા મતનો મૂળ પાયોજ ખોટો છે, એટલે તેના પર બાંધેલી उदयंमि जातिही०, तिथिश्च प्रातः प्रत्याख्यानवेलायाँ०, क्षये पूर्वा०, अतः पूर्णिमातो दिनगणने तेषां पंचाशदेव बोध्यम्, પ્રાયે સુરગતિ સાધે પર્વને દિવસે રે, આઠ દિવસનીજ અઠ્ઠાઇ ગણવી, ओमरत्ते त्ति अवमा-हीना रात्रिरवमरात्रो-दिनक्षयः ઇત્યાદિ ઇમારત પણ ખોટીજ હોય એ સ્વાભાવિક છે." હવે આ મતને પણ જૈન મત લેખવાને કોણ જૈન કબુલે?

## શાસનરસિક પૂજ્યવર્યોને વિનંતિ.

આવી માન્યતાના સ્વામી, આપણા નવામતી આ. શ્રી વિજરામચંદ્રસૂરીશ્વરજી ભગવંત(?) એ છે કે-જેમને અજ્ઞાન અને સ્વાર્થપટુ એવા કેટલાક જનોએ, પરમભક્તપણાનો અણમન દાવો ધરાવીને 'પરમશાસનપ્રભાવક, અજોડ વાદિવિજેતા, પ્રખર વ્યાખ્યાતા, ઉગ્રવિહારી, અજોડ ચારિત્રી ઇત્યાદિ વિવિધ વિશેષણો વડે વર્ષો સુધી બિરૂદાવ્યા બાદ આજે ઉપેક્ષાની ઓરડીમાં પધરાવેલ છે! તેઓશ્રી આવતા વર્ષે પોતાની આ પ્રકારની વિચિત્ર માન્યતાવાળો તિથિમતમે જાહેર રીતેય સાચો ઠરાવી બતાવવા માટે આપણને આ જાતનું છેલ્લું પરાક્રમ બતાવવા સારૂ અમદાવાદ પધારવાના છે, અને ગામગોઠ કરવાના છે. એ અવસરે આવી અજૈની માન્યતા ધરાવતા તેઓશ્રી જોડે પ્રભુશાસનના અનુરાગી પૂ૦ આચાર્ય ભગવંતો આદિમાંના કોઇજ પૂજ્ય શાસનરસિક મુનિવરોએ ચર્ચાનો પ્રસંગ તો પાડવાનો રહેતોજ નથી, પરંતુ 'હીણા તણો જે સંગ ન તજે૦' એ ઉક્તિ અનુસાર તેઓશ્રીનો સામાન્ય સંસર્ગ પણ કરવો રહેતો નથી, એમ અમારૂં આ સહુ પૂજ્યવર્યોને વિનંતિપૂર્વકનું આજથીજ અગમચેતી આપવારૂપે જાહેર વિજ્ઞાપન છે.

(૩૬) પેજ ૨૬ ઉપર તો પોતાની મલીનવૃત્તિનું પ્રદર્શન ભર્યું છે! પૂ૦ આ૦ મ૦ શ્રી

સાગરાનંદસૂરીશ્વરજી મ૦ ના ગુરૂવર્ય શ્રી ઝવેરસાગરજી મ૦ શ્રીના "કોઇ ગચ્છમેં મતમેં દરશનમેં શાસ્ત્રમેં નહિ હૈ કિ શુદકી તિથિ વદમેં ને વદકી તિથિ શુદમેં હાનિવૃદ્ધિ કરણી. કિં બહુના, આત્માર્થીઓંકો તો હઠ છોડકર શાસ્ત્રોક્ત ધર્મ કરણી કરકે આરાધક હોણા ચાહીએ." એ શબ્દો છાપીને 'પૂ૦ ઝવેરસા૦ મ૦ ના તે શબ્દો પ્રમાણે પૂ૦ સાગરજી મ૦ અને તેમના શિષ્યોજ વર્તતા નથી.' એ પ્રકારે ભદ્રિકજનોમાં તેઓ પ્રતિ નિઃશૂકતા ફેલાવવાની બદવૃત્તિથી પૂ૦ ઝવેરસા૦ મ૦ શ્રીના તે શબ્દોની નીચે તે શબ્દોને અનુલક્ષીને તેઓ લખે છે કે-"પરંતુ કાળની અજબ લીલા છે કે આજે તેમનાજ શિષ્યો અને પ્રશિષ્યો પણ તેમની એ ગંભીર પવિત્ર વાણીને મહત્ત્વ આપતા નથી. પછી આ પરિસ્થિતિમાં શ્રી સંઘમાં પર્વતિથિનાં આરાધન અંગે ભારે અવ્યવસ્થા ઉત્પન્ન થાય એમાં નવાઈ શી?"

આ પ્રકારનું સદંતર નિરાધાર અસત્ય આપણી લોકોત્તર સમાજમાં જેઓ આજે નિર્ભયપણે વદી શકે છે, એ જોતાં તેઓ હવે જૈન સમાજમાંના પોતાની સિવાયના બીજા બધાયને ભૂખીનું મંડળ માનવા જેવા બેભાન બની ગયા જણાય છે! તે વર્ગમાં જો કોઈ મધ્યસ્થ હોય તો તેઓનાં તે લખાણનો તેઓ જવાબ આપે કે-"પૂ૦ ઝવેરસા૦ મ૦ શ્રીના 'શુદની તિથિની વદમાં અને વદની તિથિની શુદમાં હાનિવૃદ્ધિ કરવી, એ કોઈ ગચ્છમાં-મતમાં-દર્શનમાં અને શાસ્ત્રમાં નથી' તે ઉપરોક્ત વચનોને પૂ૦ સાગરજી મહારાજ અને તેના શિષ્યો મહત્વ આપતા નથી, એમ આ શા આધારે લખાયું છે? શું પૂ૦ સાગરજીમ૦ અને તેના શિષ્યો, શુદની તિથિની વદમાં અને વદની તિથિની શુદમાં હાનિ વૃદ્ધિ કરે છે? જો નહિજ, તો તેઓ 'કાળની અજબ લીલા છે કે તેમનાજ શિષ્ય પ્રશિષ્યો પણ તેમની એ ગંભીર અને પવિત્ર વાણીને મહત્ત્વ આપતા નથી.' એ કઇ શુભ વૃત્તિથી લખે છે? આ પ્રકારે સદંતર અસત્ય વસ્તુઓ ઉભી કરીને બીજાઓ ઉપર જુઠી આળ મૂકનારાઓમાં તમે મહાવ્રતો કયા અવગુણની ખામીને લીધે માની શકો તેમ છો? કે-જેથી આ પ્રકારની મલીનવૃત્તિપૂર્વકના આવા સદંતર જૂઠ પ્રચારમાં પણ શાસનસેવા દેખી રહ્યા છો?" જવાબ આપશો કે જેથી તમારી આ પરિસ્થિતિમાંજ શ્રી સંઘમાં પર્વતિથિનાં આરાધન અંગે ભારે અવ્યવસ્થા ઉત્પન્ન થવા પામી છે એમ કોઇએ માનવું રહે નહિ.

(૩૭) પેજ ૨૬ ઉપર તે પછી લખે છે કે-"મારા સાહેબો! પુનમના ક્ષયે તેરશનો ક્ષય, પંચમીના ક્ષયે ત્રીજનો ક્ષય, એ પૂનમ હોય તો એ તેરશ, એ પંચમી હોય તો એ ત્રીજ વગેરે કરતાં (કરો છો તેમાં) 'સૂર્યોદયમાં જે તિથિ હોય તેનેજ પ્રમાણ કરવી' એ સિદ્ધાંતનું પાલન થાય છે ખરૂં?" તેના જવાબમાં આ સાહેબાઓને પ્રશ્ન છે કે-'उदयंमि जा तिही सा पमाणं=સૂર્યોદયમાં જે તિથિ હોય તે પ્રમાણ' એ સિદ્ધાંત એ ટિપ્પણામાં આવેલી ઉદયાત્ પર્વતિથિને માટે છે કે-ટિપ્પણામાંની ક્ષીણ પર્વતિથિની માટે છે? નવામતની પક્કડ થયા પછી હવે જો ક્ષીણતિથિને માટે પણ તે ઉત્સર્ગ માર્ગ છે, એમ કહેવા લાગ્યા છો તો ટીપ્પણામાં ઉદયતિથિ ચૌદશનો ક્ષય આવે ત્યારે તેની પૂર્વે ઉદયતિથિ તો તેરશ છે, ચૌદશ તો ઉદયતિથિ નથીજ. તેથી ત્યાં તમો ચૌદશ માનતા જ નથીને? આજે તો તેવા પ્રસંગે તમે પણ તેરશે ચૌદશ માનોજ છો, તેનું કેમ? ત્યાં 'સૂર્યોદયમાં જે તિથિ હોય તેને જ પ્રમાણ કરવી' એ સિદ્ધાન્તનું પાલન તમારે થાય છે

ખરૂં? જો નહિં, તો તે દોષથી બચવા સારૂ આઠમ-ચૌદશ આદિ પર્વતિથિના ક્ષયવૃદ્ધિ વખતે તમે તે उदयंमि० ના સિદ્ધાંતનું પાલન કરી બતાવીને દાખલો ક્યારે બેસાડવા માંગો છો? જો કે-તમે તો હવેથી 'જે પર્વતિથિ જેટલી ઘડીની હોય તેટલીજ તેને આરાધવી' એ માન્યતાવાળા તરીકે ખુલ્લા થયા છો, છતાં એ માન્યતાને પગભર ન કરી શકો ત્યાંસુધીમાં તો એ 'સૂર્યોદયમાં જે તિથિ હોય તેનેજ પ્રમાણ માનવી' એ સિદ્ધાંતનું પાલન કરી બતાવીને તમારે ઉતાવળે દાખલો બેસાડવોજ ઘટે છે. બેસાડશોને?

(૩૮) પેજ ૨૭ના પેરા ત્રીજામાં લખે છે કે-"પુનમની ક્ષયવૃદ્ધિએ 'ક્ષયે પૂર્વા૦'નું અપવાદ સૂત્ર પુનમને લાગુ પડે ને ત્યાં પુનમની ઉદયતિથિનો આગ્રહ રખાય નહિ, પરંતુ પંચાંગ ચૌદશની ક્ષયવૃદ્ધિ તો બતાવતું નથી, પણ ઉદયતિથિ બતાવે છે. એમાં ચૌદશ માટે તો ઉત્સર્ગમાર્ગ ઉદયતિથિ લેવાનોજ લાગુ પડે પણ અપવાદ નહિ. વાત પણ વ્યાજબી છે કે-પુનમને જરૂરી અપવાદ પુનમના ઉત્સર્ગને ગૌણ કરે પણ ચૌદશના ઉત્સર્ગને કેમ હણે?" તેઓની આ વાત શાસ્ત્રનિરપેક્ષ અને સદંતર ભ્રામક છે-કપોલકલ્પિત છે-ભદ્રિક આરાધકજનોને ગુંચવાડામાં પાડવાની જાળરૂપ છે. તે જાળનું શાસ્ત્રીય સ્પષ્ટીકરણ આ છે કે-'क्षये पूर्वा०' એ વિધિવાક્ય છે, અને 'वृद्धौ कार्या०' એ નિયમવાક્ય છે એ બે વાક્યો તિથિનો ભોગ અને સમાપ્તિને માટે નથી, પરંતુ અપર્વતિથિના સૂર્યોદયને પર્વતિથિનો સૂર્યોદય ગણવા અને પર્વવૃદ્ધિ વખતે પહેલા સૂર્યોદયને નહિ ગણવા માટે છે. પૂનમના ક્ષયે તે 'ક્ષયે પૂર્વા૦'નું અપવાદ સૂત્ર પુનમને લાગુ ન પડે પણ ચૌદશના સૂર્યોદયને પૂનમનો સૂર્યોદય બનાવવા [ચૌદશ પંચાંગમાં ઉદયાત પર્વતિથિ હોવા છતાં यावत्संभवस्तावद्विधिः ન્યાયે] ચૌદશને લાગુ પડે, તેથી ('ત્યાં પૂનમની ઉદયતિથિનો આગ્રહ રખાય નહિ' એમ લખ્યું છે તે શાસ્ત્ર અને પરંપરાથી વિરુદ્ધ એવું ભ્રામક છે.) ત્યાં ચૌદશની ઉદયતિથિનો આગ્રહ રખાય નહિ એટલે ક્ષીણ પૂનમને એ 'ક્ષયે પૂર્વા૦' વિધિવાક્ય વડે સૂર્યોદયયુક્ત બનાવતાં ટીપ્પણાંની ઉદયવાળી ચૌદશ જે પર્વતિથિ છે તેનો ક્ષય થવા પામે, અને તે તો શાસ્ત્રકારને ઇષ્ટ નથીજ; આથી તેવા પર્વાનંતર પર્વના ક્ષયની વખતે તે 'क्षये पूर्वा०' નો વિધિસંસ્કાર તેવા સ્થાને ફરી પણ પ્રવર્ત્તાવવોજ પડે છે. પંચાંગ ભલે ઉદયતિથિ બતાવતું હોય; પણ ક્ષીણપર્વને લોકોત્તર તિથિ બનાવવા સારૂ સંજ્ઞા આપવાની જરૂર પડે ત્યારે તે પંચાંગમાંના ઉદયને પલટવોજ રહે. આથી 'क्षये पूर्वा०' ના સંસ્કાર વડે જેમ ઉદયમાં પૂનમ ન્હોતી તેને લોકોત્તર ઉદયવાળી બનાવી, તેમ તેને પૂનમની સંજ્ઞા આપતાં ચૌદશનો ક્ષય થવાની અનિષ્ટ સ્થિતિ પ્રાપ્ત થવા પામી, તેથી ફરીથી તેજ 'क्षये पूर्वा०' નો વિધિ પ્રવર્ત્તાવવાની જરૂર ઉભી રહેજ છે; અને તેથી ફરીથી તેજ વિધિ પ્રવર્ત્તાવીને ચૌદશ ઉદયમાં ન્હોતી રહેતી તેને લોકોત્તર ઉદયવાળી ચૌદશ બનાવી. પ્રભુશાસનની આ અવિચ્છિન્ન આચરણા પ્રવર્ત્તમાનજ છે ત્યાં લૌકિક પંચાંગની ગણાતી ઉદયતિથિ ચૌદશ માટે उदयंमि जा तिहि सा पमाणं ઉત્સર્ગમાર્ગ, (પંચાંગનાજ ઉદયને સ્વીકારવારૂપે) લાગુ પડે નહિ, પણ 'क्षये पूर्वा०' નો અપવાદમાર્ગજ લાગુ પડે." તેવા પ્રસંગે તે ચૌદશને ઉત્સર્ગમાર્ગ લાગુ પાડવાના ચાળા કરવા જનારને '૧૪-૧૫ જોડીયાં પર્વ તરીકે રહેવા પામે નહિ, મહિનાની ફરજીયાત લેખાતી બાર પર્વી અગીઆર પર્વી બની જવા પામે, 'मुख्यवृत्त्या पाक्षिक-पूर्णिमयोः चतुर्विधाहारः षष्ठ

एवं कृतो युज्यते' એ શ્રી સેનપ્રશ્નના વચન અનુસાર મુખ્યવૃત્તિએ ૧૪-૧૫નો છઠ્ઠુંજ કરવાનો છે તે બનવા પામે નહિ, શ્રી હીરસૂરિજી મ૦ ના पूर्णिमायां च त्रुटितायां त्रयोदशी-चतुर्दश्यो: क्रियते પાઠનો આભોગ પૂર્વક અપલાપના ભાગી થવાય અને શાસ્ત્રકારે અષ્ટમી-ચતુર્દશી-પૂર્ણિમા અને અમાવાસ્યાને જે ચતુષ્પર્વી જણાવેલ છે તે તોડી ત્રિપર્વી બનાવી દેવાના પાપના ભાગી થવું પડે' જે સ્થિતિના ભાજન નવીનોને બનવું પણ પડ્યું છે, માટે તેવા પ્રસંગે પંચાંગની ઉદયવાળી ચૌદશને પૂ૦ હીરસૂ૦ મ૦ ના त्रयोदशीचतुर्दश्यो: પાઠ તેમજ અવિચ્છિન્ન પરંપરાના આધારપૂર્વક કહીએ કે તે ઉત્સર્ગ માર્ગ લાગુ પડતોજ નથી. આ વસ્તુ જાણવા છતાં તે પોતાની શાસ્ત્ર અને પરંપરાથી નિરપેક્ષ એવી સદંતર કપોલકલ્પિત વાતને પોતેજ વ્યાજબી કહેવારૂપે ટેકો આપીને આગળ ગોળો ગબડાવે છે કે "વાત પણ વ્યાજબી છે કે-પૂનમને જરૂરી અપવાદ પૂનમના ઉત્સર્ગને ગૌણ કરે પણ ચૌદશના ઉત્સર્ગને કેમ હણે ?' એતો ઉઘાડા ઉન્માર્ગનું પ્રદર્શન છે. પૂનમને જરૂરી એ 'क्षये पूर्वा०' અપવાદે, ઉદયમાં પૂનમજ નહોતી, ત્યારે તો પૂનમ બનાતી છે; આ સ્થિતિમાં જે ઉદયમાંજ નહોતી તે ક્ષીણ પૂનમનો 'उदयंमि.' એ ઉત્સર્ગ કેવી રીતે ગણાવે છે ? જ્યાં પૂનમનો તે ઉત્સર્ગજ નથી લેખાતો ત્યાં 'પૂનમના ઉત્સર્ગને ગૌણ કરે' એમ કહેવું તે કરેલું બધું વાહિયાત ગણાય ? તે પ્રકારે તે વાતજ વાહિયાત હોવાથી પંચાંગની ઔદયિકી ચૌદશના 'उदयंमि' ઉત્સર્ગને 'क्षये पूर्वा' અપવાદ હણેજ હણે: એમાં નવીન શું દીઠું ? પૂ૦ આત્મારામજી મ૦, ઉ. શ્રી વીરવિજયજી મ૦, આ૦ શ્રી દાનસૂરિજી મ૦ અને સં. ૧૯૯૨ સુધી તો તમો પણ તેવા પ્રસંગે ચૌદશના તે ઉત્સર્ગને હણતાજ હતા કે ? અને તેમ કરવામાંજ તમો સહુએ પોતાનું શાસ્ત્ર અને પરંપરાનુસારીપણું માનતા હતા કે ? તો હવે તે સ્વયં પણ વર્ષો સુધી આચરેલું શાસ્ત્ર અને પરંપરાનુસારીપણું કયા કઠીન કર્મના ઉદયે વિપરીત ભાસવા લાગ્યું ? તે વિચારશો.

૩૯) પેજ ૨૭ ના ચોથા પેરામાં લખ્યું કે-"વળી જ્યોતિષશાસ્ત્રના જાણનારાઓ 'પુનમના ક્ષયે તેરશનો ક્ષય' વગેરે આપણા સિદ્ધાંતો સાંભળીને આપણી મશ્કરી છે અને ખુલ્લંખુલ્લા જણાવે છે કે તમારા કહેવા કે માનવા માત્રથી આકાશના ગ્રહોનો યોગ થોડોજ ફરી જવાનો છે ?" એ પણ પોતાનું ગાઢ આભિનિવેશિકોત્થિત પ્રલપન છે. જ્યોતિષશાસ્ત્રના જાણનારાઓ આપણા તે 'પૂનમના ક્ષયે તેરશનો ક્ષય' વગેરે સિદ્ધાંતો સાંભળીને મશ્કરી કરતા નથી, પરંતુ અનુકરણ કરે છે: જુઓ સં. ૨૦૦૦ ના ચંડાંશુ૦ માં મહા વદ ૦)) નો ક્ષય આવેલ છે ત્યારે તેઓએ તેમની મહા વદ ૧૪ ની મહાશિવરાત્રિ, ઉદયાત્ મહા વદ ૧૩ ને મંગળવારે લખીને ઉદયાત્ મહા વદ ૧૪ ને બુધવારના દિવસે મહા વદ ૦)) લખી બતાવી છે. માટે આપણા સિદ્ધાંતોની મશ્કરી તો સંવત ૧૯૯૩ થી આ નવીન પંથીઓએજ બેશરમ થઇને કરવા માંડી છે, જ્યોતિષીઓએ નહિ: અને તેથી આરાધનાના વિષયમાં 'તમારા કહેવા માત્રથી આકાશના ગ્રહોનો યોગ થોડોજ ફરી જવાનો છે ?' એમ તેઓ તો કોઇ બોલતાજ નથી, પણ તમેજ તેવું ઉચ્છિષ્ટ બોલવાના ગાંડાં કાઢવા લાગ્યા છો, આરાધકોએ આકાશના ગ્રહોને આરાધવાના નથી, પરંતુ શાસ્ત્રે મુકરર કરી આપેલી પર્વતિથિ આરાધવાની છે: માટે આવું લખવામાં એ નવો મત તેઓનેજ પર્વતિથિ ખોવડાવીને ગ્રહોને આરાધવા પ્રેરતો હોવાથી તેઓએ હવે આવું શાસ્ત્રબાહ્ય

પ્રલપન કરીનેજ જીવવું રહે છે' તે વાત ખુલ્લી થયા સિવાય અન્ય કોઈજ તત્ત્વ નથી.

(૪૦) પેજ ૨૮ ના બીજા પેરામાં '(क्षये पूर्वा०) સૂત્રમાં 'પૂર્વતિથિ કરવી' એમ કહ્યું છે, પણ 'અપર્વતિથિનો ક્ષય કરવો' એમ કહ્યું નથી.' એમ લખીને પોતાનું નિરક્ષરભટ્ટારકપણું સૂચવે છે. પર્વતિથિના ક્ષયે પૂર્વ અપર્વતિથિ તો પંચાગકારે કરેલી પડીજ છે, છતાં સૂત્રકાર 'પૂર્વતિથિ કરવી' એમ કહે છે, ત્યારે પણ તેઓને વિચાર નથી સૂઝતો કે-એ પ્રયોગવડે શાસ્ત્રકાર ભગવંત 'પૂર્વની તે ઉદયાત્ અપર્વ-તિથિને પર્વતિથિ કરવી' એમ વિધિ બતાવે છે એ આશ્ચર્ય છે. એવી સ્વની નિરક્ષર સ્થિતિમાં તેઓ માટે શ્રેયસ્કર એ છે કે-તેઓએ શાસ્ત્રોના યદ્વાતદ્વા અર્થો કરતા અટકી જવું. તેમની તે પંક્તિની આ પ્રમાણે અજ્ઞાનતા ખ્યાલમાં આવ્યા પછી સુજ્ઞજનો સમજી શકે તેમ છે કે-તે સ્થળે તે પંક્તિને અવલંબીને તેમણે આગળ જતાં જે 'આવો કલ્પિત અર્થ કરનારાઓને સહેજે પૂછ-વાનું મન થાય છે xxxx કાર્યા એવું સ્ત્રીલિંગ કૃદન્ત ન મૂકતાં કાર્યઃ એવું પુલ્લિંગ કૃદન્ત મૂકત. એટલે ઉપરનો અર્થ કોઈ રીતે સંગત થતો નથી.' એ પ્રમાણે લખ્યું છે તે તેઓની કેવળ અજ્ઞાનોત્થિત બાળચેષ્ટાજ છે

(૪૧) પેજ ૨૮ ના તે બીજા પેરાના છેડેથી તેઓએ "વળી પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વ તિથિનો ક્ષય કરવો એવો અર્થ કરીએ તો (वृद्धौ कार्या तथोत्तरा સુજબ પર્વ તિથિની વૃદ્ધિ હોય ત્યારે ઉત્તર તિથિની વૃદ્ધિ કરવી એવો અર્થ નિષ્પન્ન થાય અને એ રીતે આઠમની વૃદ્ધિએ બે નોમ કરવી પડે. પણ એમ તો તેઓ કરતા નથી. ત્યાં તો તેઓ બે સાતમ કરે છે. વચન છે 'वृद्धौ उत्तरा' અને કરે છે પૂર્વની વૃદ્ધિ!" એ પ્રમાણે લખ્યું તે સ્વમતોત્થિત ઉન્માદ છે. 'क्षये पूर्वा तिथिः कार्या' એ જેમ વિધિ સૂત્ર છે. તેમ 'वृद्धौ कार्या तथोत्तरा' એ નિયમ સૂત્ર છે. નિયમસૂત્ર, વિધિસૂત્રનું કામ નજ કરે, એય જેમને સમજ ન હોય તેજ માણસ તે वृद्धौ० સૂત્રથી 'પર્વ તિથિની વૃદ્ધિ હોય ત્યારે ઉત્તરતિથિની વૃદ્ધિ કરવી.' એવી બેઅકલ વાત કરી શકે. પંચાંગમાંના પર્વ ક્ષય વખતે क्षये पूर्वा० વિધિસૂત્ર, પર્વની અપર્વ તિથિને પર્વ તિથિ કરવારૂપે વિધિ પ્રવર્તાવે છે. અને પર્વની વૃદ્ધિ વખતે 'वृद्धौ कार्या तथोत्तरा' નિયમસૂત્ર, એ સૂર્યોદયવાળી બનેલી એક તિથિનું એક સૂર્યોદય-વાળી તરીકે નિયમન કરે છે; એ વાત સમજીને જો શાસ્ત્રના અર્થો કરવા પ્રેરાતા હોત તો તેઓશ્રી તે નિયમસૂત્રથી બે આઠમ વખતે બે નોમ કરવાના કુવિકલ્પના ભોગ થતા જરૂર બચી જવાત અને તે નિયમસૂત્રે એ પ્રમાણે જ્યારે પંચાંગ-માંની વૃદ્ધિ તિથિ=બે તિથિમાંની જયારે उत्तरा-બીજી તિથિનેજ પર્વતિથિ તરીકે નક્કી કરી આપી ત્યારે પંચાંગની શેષ રહેલી પહેલી આઠમ અપર્વજ બની રહેતી હોવાથી શાસનપક્ષ એ આઠમ વખતે આરાધનાનાં પંચાંગમાં બે સાતમ કરે છે, તે વ્યાજબીજ છે, એમ સમ-જવાનું તેઓને સદ્દભાગ્ય પ્રાપ્ત થાત. એ સદ્દભાગ્ય હાલ તો ઉદયમાં વર્તતું નથી, એટલેજ તેઓ નવા મતનો નક્કી કરેલો ખોટો કક્કો પણ સાચો ઠરાવવા સારૂ આવા કુપ્રયત્નો કરી રહ્યા છે અને સૂત્રની વચ્ચેથી શાસ્ત્રકારનો कार्या શબ્દ ઉડાવી દેવાનું પાપ કરીને પણ 'વચન वृद्धौ उत्तरा' છે એમ લખવાનું સાહસ કરી રહ્યા છે! વચ્ચે એ 'कार्या' પાઠ હોત તો તેઓએ ઉતરની બે તિથિ કરવાની જે વાહિયાત વાત રજૂ કરી છે, તેને કાંઈક અવકાશ

કરવા મથી શકાત; પરંતુ ત્યાં તો વચ્ચે છે 'કાર્યા' પાઠ અને તે ઉતરની બે તિથિ કરવાની વાતને લાત મારે છે, તેથી આ સુવિહિતોએ (?) પૂજ્ય દશ પૂર્વધર ઉમાસ્વાતિ વાચકશ્રીના તે 'वृद्धौ कार्या तथोत्तरा' વચનમાંથી कार्या પાઠ તેમજ તે પછીનો 'तथा' પાઠ એમ તે સૂત્રમાંથી બે પાઠ કાપી નાંખીને ત્યાં वृद्धौ उत्तरा પાઠ ઉપજાવી કાઢીને છાપેલ છે. અહિં 'જો તેમ હોય તો कार्या પાઠ કાપી નાખે, પરંતુ તે સાથે 'तथा' પાઠ પણ શું કામ કાપ્યો હોય?' એમ કોઈને શંકા ન થાય માટે અત્ર તત્સંબંધી પણ ખુલાસો ફલિત થાય છે કે-શાસ્ત્રકાર, 'क्षये पूर्वा०' એ એક વાત છે અને 'वृद्धौ कार्या' એ બીજી વાત છે, એમ જણાવે છે-એટલે કે બંને સૂત્ર, વિધિરૂપ નથી, પરંતુ પ્રથમનું સૂત્ર વિધિરૂપ છે અને પછીનું સૂત્ર નિયમરૂપ છે એમ જણાવે છે; તેથી તે સૂત્રમાંથી તેઓએ तथा પાઠ પણ કાઢી નાંખીને પછી 'वृद्धौ उत्तरा' પાઠ છાપેલ છે. આવી રીતે તે પાઠ કાપીકૂપીને છાપ્યો છે, તેમાં એ મૂળ મજબૂત હેતુ છે. અત્ર સુજ્ઞજનોએ એ પણ ખાસ ખ્યાલમાં રાખવા જેવું છે કે-તેઓ શાસ્ત્રપ્રિય પણ આ પ્રકારનાજ છે! પછી તેઓ શાસનપ્રિય કેવાક હોઈ શકે, એ વિચારવું સુલભ થશે.

(૪૨) તે ચોથા મણકાના પૃ. ૨૯ના બીજા પેરામાં તેઓ-"તેઓ કહે છે કે 'ઉદયતિથિની ઘડીઓ ક્ષીણ પર્વતિથિમાં નાંખવી" એમ શાસનપક્ષને સંબોધીને લખે છે, તે જુઠું છે. 'ઉદયતિથિની ઘડીઓ ક્ષીણ પર્વતિથિમાં નાંખવી' એવું શાસનપક્ષમાંથી એકપણ વ્યક્તિનું કથન તેઓએ ક્યાંય પણ સાંભળ્યું છે? વાંચ્યું છે? વાંચ્યું હોય તો સ્થાન સાથે તેઓ જાહેર કરે, અન્યથા તેવું અસત્ય બોલવું બંધ કરે. પર્વતિથિજ ક્ષીણ છે, પછી તેમાં ઉદયતિથિની ઘડીઓ નાંખવાની વાતને સ્થાનજ કયાં છે? અને તેથીજ એવું વિચિત્ર, આ શાસનપક્ષનાં નામે સહુ પ્રથમ તમેજ બોલી શકો છો, શાસનપક્ષની તો એકાદ પણ વ્યક્તિનું આવું 'પહેલાંની તિથિઓને પછીની ગણાતી ક્ષીણ પણ (ભોગની અપેક્ષાવાળી) તિથિમાં નાંખવાનું' વિપરીત વચન અદ્યાપિપર્યંત કોઈએય સાંભળ્યું કે વાંચ્યું કે જાણ્યું હોય તેમ જાણવામાં નથી: અને બોલવા ઈચ્છેય નહિં. બીજાનાં બ્હાને હવે તમોનેજ આવું ચાલવાને અનુરૂપ ઉલટુંજ બોલવું ગમે છે, તો ખુશીની વાત છે; પરંતુ તેમાં પણ તમો વિદ્વજ્જનોમાં હાંસીને પાત્ર થતા અટકો, એ શુભ હેતુથી (ભોગની અપેક્ષાએજ) પ્રશ્ન છે કે- "પર્વક્ષય પ્રસંગે ઉદયતિથિ=પૂર્વની ઉદયાત અપર્વતિથિ, એ ક્ષીણ પર્વતિથિનો આધાર છે કે આધેય છે? જો આધાર છે, તો આધારરૂપ ગણાતી તે અપર્વતિથિની ઘડીઓમાં આધેયરૂપ ગણાતી ક્ષીણપર્વ તિથિની ઘડીઓ નાખવાનું બોલાય? કે-આધેયરૂપ ગણાતી ક્ષીણપર્વતિથિની ઘડીઓમાં આધારરૂપ ગણાતી અપર્વતિથિની ઘડીઓ નાંખવાનું બોલાય?" અસન્મતના આગ્રહવશાત્ વસ્તુસ્વરૂપને ઉવેખીને યદ્વાતદ્વા કે કે રાખવું તેમાંય ઓછો કર્મબંધ રખે સમજતા. અને આપનો તિથિમત કે-જે સર્વદિક્ અસત્ય ઠરેલ છે તે આવા સેંકડો પ્રપંચો કરો તો પણ કદાપિ સત્ય ઠરવાનો નથીજ! કારણકે-શાસ્ત્ર અને પરંપરાને તજીને આ૦ શ્રી રામચંદ્રસૂરિજીએ તેને મનસ્વીપણેજ કાઢેલ છે: પછી તેવા મતને રાખવા તેઓ આદિ તમોને આ ભવોભવ ભયંકર હાલતમાં મૂકી રીબાવે, તેવા દુષ્પ્રયત્નો કઈ પ્રકારના લાભપ્રદ સમજાય છે?

(૪૩) પેજ ૨૯ ના તે બીજા પેરામાંની તે પછીની–"એટલે ક્ષીણુ પર્વતિથિવાળી પર્વ × × × × કેમકે ગ્રહચારથી નિયત થએલો જ્યોતષનો ક્રમ ફેરવી શકાતો નથી" ત્યાં સુધીની ૧૦ પંક્તિમાંનું લખાણુ, નં. ૪૨ માંનું સમાધાન વાંચવાથી વાચકને સ્વયં નિરર્થક જણાય તેમ છે. આગળ પણ કહેવાઈ ગયું છે કે–આરાધકોને ગ્રહચારથી નિયત થયેલો જ્યોતિષનો ક્રમ ફરો કે ન ફરો તે સાથે કશી લેવાદેવા નથી, તેને તો આરાધવાની પર્વતિથિ ક્ષીણુ હોય ત્યારે શાસ્ત્ર અને પરંપરાનુસારે તે ક્ષીણુતિથિનેજ સૂર્યોદયરૂપે અને સ્વનામની સંજ્ઞા પામેલ તરીકે પ્રાપ્ત થાય તેજ જોવાનું છે. હવે આવું શાસ્ત્ર અને પરંપરાવિરુદ્ધ લખવા હિંમત કરનારા તમોજ ચૌદશના ક્ષયે તેરશ ૪ કે ૬ ઘડી ઉદયમાં હોય છતાં ચૌદશનો પૌષધ, તેરશના સૂર્યોદય પહેલેથી ય ઉચ્ચરાવો છો, ઉપવાસ આદિનાં પચ્ચક્ખાણો પણુ આપો છો, ટીપ્પણામાં અમાસ ઉદયાત્ હોવાં છતાં श्री वीरज्ञाननिर्वाणं कार्यं लोकानुगैरिह ને આધીન રહીને લોક સાથે ચૌદશે દીવાળી કરો છો તેમાં ગ્રહચારથી નિયત થયેલો ક્રમ ફેરવો છો, કે નહિં ? ત્યાં એ ગ્રહચારથી નિયત થયેલો ક્રમ તમેજ ક્યાં જુઓ છો ? માટેજ તે લખાણુ પછી આગળ જતાં તમો તેજ પેજ ઉપરની પંક્તિ ૧૮ થી જે "એથી પાઠકો સમજી શકશે કે–પર્વતિથિના ક્ષયવૃદ્ધિ હોય ત્યારે તેની પહેલાંની અપર્વતિથિના ક્ષયવૃદ્ધિ કરવા એવો અર્થ આ પ્રઘોષનો થતો નથી" એ પ્રમાણે લખો છો તે બધુંજ તેવી કપોલકલ્પિત વાતના આધારે હાંકે રાખ્યારૂપ હોવાથી ખોટું છે. તે 'ક્ષયે પૂર્વા૦' પ્રઘોષનો અર્થ 'પંચાંગમાં પર્વતિથિના ક્ષયવૃદ્ધિ હોય ત્યારે તેની પહેલાંની અપર્વતિથિના ક્ષયવૃદ્ધિ કરવા' એજ પૂર્વાચાર્યભગવંતોએ કરેલ છે અને આજે પ્રચલિત છે. હવે તમે કરવા લાગ્યા છો તેવો તે 'ક્ષયે પૂર્વા૦' નો અર્થ કોઈ પૂર્વાચાર્યોએ કર્યો છે ? ઉલટા જનારનો અર્થ કોણુ માને ? વીર સં. ૨૪૬૦ના તા. ૨-૯-૩૪ ના તમારા **જૈન પ્રવચનના** ૧૨-૧૩-૧૪ સંયુક્ત અંકના પાના ૧૭૭ ની કોલમ પહેલીના બીજા ઉતરમાં તમે પણુ એ અર્થજ જણાવેલ છે કે–"**એકજ દિવસે ત્રણુ તિથિનો ભોગ આવતો હોય તો વચલી તિથિ ક્ષયતિથિ કહેવાય છે, તે તિથિ જો આરાધ્યપર્વકોટિની હોય તો પૂર્વની તિથિની જગ્યાએ તેને જ કાયમ કરાય છે; કારણુ કે–તે ક્ષયતિથિની સમાપ્તિ પણુ તેજ દિવસે થાય છે. તત્ત્વગ્રાહી આત્માઓને આ વસ્તુ સ્પષ્ટ સમજાય તેવી છે.**" જૈનપ્રવચનના તે પેજ ઉપર બીજી કોલમમાં પણુ તમે લખેલ છે કે–"તત્ત્વતરંગિણીનો આધાર તો સંવત્સરીની ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે, કે જે નિયમ પ્રમાણે પહેલાં પણુ વિક્રમ સં. ૧૯૩૦ માં વર્ત્તન થયું હતું." આમ છતાં તેજ 'ક્ષયે પૂર્વા૦' પ્રઘોષનો અર્થ, હવે 'પર્વક્ષયવૃદ્ધિએ પૂર્વની અપર્વતિથિના ક્ષયવૃદ્ધિ કરવા, એમ થતો નથી' એમ બોલો છો તે પોતાનાં પણુ એ બોલેલ અને વર્ષોસુધી આચરેલ વચનો અને તે મુજબનાં વર્ત્તનથી વિરુદ્ધ છે. તમારા દાદાગુરૂ શ્રી દાનસૂરિજી મ. વિવિધ પ્રશ્નોત્તર ભાગ બીજાના પેજ ૮૪ ઉપર આ 'ક્ષયે પૂર્વા૦'નો અર્થ સાફ લખે છે કે–'બીજ, પાંચમ, આઠમ, અગીઆરશ અને ચૌદશ આદિ તિથિનો જ્યારે લૌકિક પંચાંગમાં ક્ષય હોય ત્યારે તે તિથિ પ્રથમ દિવસે કરવી." આમ છતાં તે પુસ્તક છપાવતી વખતે શ્રી જંબૂવિજયજી આદિએ સં. ૧૯૪૪ માં તે પોતાના દાદાગુરૂકૃત અર્થને ય ખોટો કરી નાખવા સારુ 'એટલે' કહીને કોમામાં પોતાનું મંતવ્ય

તેઓશ્રીનાં નામે ગવાય એ રીતે દાખલ કરી દીધું તેને સાચું કરવા મથો, તે ખોટું જ છે. શ્રી જંબૂસૂ૦ એ તો તે સં. ૧૯૯૫ માં પ્રસિદ્ધ થએલા ગ્રંથના પેજ ૨૯૮ ઉપર સં. ૧૯૯૨ ના શ્રાવણ વદમાં નીકળેલ નવામતની "તિથિની ક્ષય-વૃદ્ધિમાં પૂર્વપૂર્વતર તિથિની ક્ષયવૃદ્ધિ કરીને આરાધ્યતિથિનું ખુન કરે છે." તે માન્યતા સં. ૧૯૯૨ ના મહા મહિને કાળધર્મ પામેલા શ્રી જંબૂસૂ૦ મ૦ના નામે ચડાવી દેવાનું પણ પરાક્રમ કર્યું છે કે ? તેવા જૂઠા માણસના લખાણ પર ભરૂસો શો ? આથીજ આગળ જતાં તેઓએ તે પેજ ૨૯ ઉપર પંક્તિ ૨૨ થી જે-"અહીં ભા૦ શુ૦ ૫ ના ક્ષયે ભા૦ શુ૦ ૪ ઉદયતિથિમાં સંવત્સરીમાં માનનારા પૂ સિદ્ધિસૂરિજી આદિ એમ કહે છે કે-શાસ્ત્રે ઉદયતિથિનું વિધાન કર્યા પછી પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ હોય ત્યારે તેનું આરાધન ક્યારે કરવું ? એ પ્રશ્ન ઉઠે છે તેના નિરાકરણ માટે શ્રી ઉમાસ્વાતિ મહારાજે આ સૂત્ર કહેલું છે, તેથી તેનો અર્થ આ રીતે થવો ઘટે:-क्षये पूर्वा तिथिः कार्या જ્યારે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વની (અપર્વતિથિ) તિથિ કરવી." એ પ્રમાણે લખ્યું છે તે યથાર્થ છે, અને તે અર્થનેજ સાચો માનવો ઠીક છે. આવું સાચું લખ્યા પછી પણ 'તાણ્યો વેલો અંતે થડેજ જાય' એ ઉક્તિ અનુસાર આગળ જતાં જે "અર્થાત્ તેનું આરાધન પૂર્વની તિથિમાં કરવું." એમ લખ્યું તે શોભનીય નથી. અનેક વખત પોતે પણ સ્વીકારેલ અને આચરેલા સાચા અર્થને એ મનસ્વીપણે મરડીને ઈરાદાપૂર્વક ઉંધો જણાવાય તેમાં મતાગ્રહનેજ દોષ આપવો રહે. અન્યથા મણકા પાંચમાના પેજ ૨૪ ઉપરના પરિશિષ્ટ તળે-

["૨] અપવાદ નિયમ"

"તિથિનો ક્ષય હોય (અર્થાત્ સૂર્યોદયમાં ન હોય) તો પૂર્વની તિથિ આરાધ્ય કરવી અને વૃદ્ધિ હોય (બે સૂર્યોદયને સ્પર્શતી હોય) તો બીજી તિથિ કરવી.' એ પ્રમાણેનો સત્ય અર્થ તમો ફરીથી પણ જણાવો છો તે કેમ બને ? હવે આ છેલ્લા અર્થને કદી છોડો નહિં એ પ્રકારે બુદ્ધિ સદાને માટે સ્થિર રાખવા વિનંતિ છે; કારણ કે-શ્રી જૈનધર્મપ્રકાશ સં. ૧૯૮૦ ના વૈશાખ માસના અંકના પેજ ૫૧ ઉપર તે પ્રઘોષનો આજથી ૩૩ વર્ષ પૂર્વે પણ 'क्षये पूर्वातिथि ग्राह्या, वृद्धौ ग्राह्या तथोत्तरा એટલે જો બાર તિથિ પૈકી કોઈપણ તિથિનો ક્ષય પંચાંગમાં હોય તો તે તિથિનો ક્ષય નહિ કરતાં તેની પૂર્વની તિથિનો ક્ષય કરવો જેમકે પુનમ કે અમાસનો ક્ષય હોય તો તેની પૂર્વે ચૌદશ પણ પર્વની તિથિ હોવાથી તેરસનો ક્ષય કરવો અને વૃદ્ધિ હોય તો પાળવા માટે બે પૈકી બીજી (ઉત્તર) તિથિ પાળવાનો ઠરાવવી અને પ્રથમની તિથિનો ત્યાગ અગાઉની તિથિ એ ઠરાવવામાં ઉપયોગ કરવો' એ પ્રમાણેજ અર્થ જાહેર કરેલ છે.

(૪૪) પેજ ૩૦ ઉપર હિંદી ટાઈપમાં પૂ. મુનિરાજ શ્રી ઝવેરસાગરજી મ૦ ના પ્રસિદ્ધ કરેલા "જો તિથિનો ક્ષય હોય તો પૂર્વતિથિમેં કરણી, જો વૃદ્ધિ હોવે તો ઉત્તરતિથિ લેણી. યદુક્તં ક્ષયે પૂર્વા તિથિ કાર્યા, વૃદ્ધૌ કાર્યા તથોત્તરા" એ શબ્દોમાંનો 'કરણી' શબ્દ પણ પર્વક્ષયે પૂર્વની તિથિને ઉદયાત્ પર્વતિથિ કરવાનુંજ સૂચવે છે, અને વૃદ્ધિ હોય તો બે તિથિમાંથી ઉત્તરા-બીજીનેજ ઉદયાત્ પર્વતિથિ તરીકે લેવી, એમજ સાફ જણાવે છે; પરંતુ તમારી જેમ બે આઠમ વખતે બે નોમ કરવાનું જણાવતો નથી. બેમાંથી છેલ્લી એકને પર્વતિથિ તરીકે લીધી, એટલે તેની પૂર્વની તિથિ તો અપર્વ ગણીને

પ્રવર્તાવવાનું તે શબ્દોમાંનું 'ઉત્તર તિથિ લેણી' એ વાક્યજ નક્કી કરી આપે છે. પેજ ૩૧ ઉપર પહેલા પેરામાં પૂ. આગમોદ્ધારક આચાર્ય મ૦ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. શ્રીના શ્રી સિદ્ધ-ચક્રમાંના (સ્થલ ટાંકયા વિનાજ) રજૂ કરેલા વાકયો પણ પંચાંગમાં આવેલ પર્વવૃદ્ધિ વખતે આરાધના માટે ઉત્તરતિથિને લેવાનું કહે છે, બીજું કહે છેજ કયાં ? કે-જેથી તે શબ્દો અને વાકયો ટાંકવા પડયા ?

(૪૫) પેજ ૩૦ ના પેરા બીજામાં-'અહીં એ સ્પષ્ટીકરણ પણ આવશ્યક છે કે-ક્ષયે પૂર્વાનું સૂત્ર માત્ર પર્વતિથિને માટે એટલે કે-બારપર્વીને માટેજ નથી, પરંતુ કોઇપણ તિથિને માટે છે એટલેજ ચૈત્ર શુદ ૧૩, પોષ શુદ (?) ૧૦, અન્યકલ્યાણક, વૈશાખ શુદ ૩, ઉપધાનમાળા તિથિ, વ્રતગ્રહણતિથિ વગેરે તિથિના ક્ષય વખતે **પૂર્વતિથિ ગ્રહણ કરાય છે.** આ રીતે વૈ૦ શુદ ૩ ના ક્ષયે શુદ ૨ નો દિવસ બીજ પર્વના માટે પણ છે, અને અક્ષયતૃતીયા માટે પણ છે. ત્યાં કોઇ વૈ. શુ. ૧નો ક્ષય કરી એકમને બીજ અને બીજને ત્રીજ એમ કરતું નથી, તેમ કરાય પણ નહિં, કેમકે-પંચાંગ તો બીજને ઔદયિક બતાવે છે, અને ત્રીજ એજ દિવસમાં ભેગી આવે છે." એમ લખ્યું છે તે શાસ્ત્રના આધારો આપીને લખી શકેલ નથી, એટલે સ્પષ્ટ છે કે-કેવળ ફેંકાફેંકજ કરી છે. તેવું ભ્રમોત્પાદક લખાણ કરવામાં તેમણે આરાધના માટેની દર માસે પરિસંખ્યાત એવી અષ્ટમી આદિ ફરજીઆત પર્વતિથિઓ અને કલ્યાણકો આદિ મરજીઆત પર્વતિથિઓનો શાસ્ત્ર અને પરંપરાવિરુદ્ધ ઇરાદાપૂર્વક ભદ્રિક જનતાને ભ્રમમાં પાડવા શંભુ મેળો કરવો, તે આરાધકપણું ન ગણાય. મહીનાની બીજ પાંચમ આદિ તિથિઓ દરપક્ષે, દરમાસે, પરિસંખ્યાત અને પરિગણિત હોય છે, તેમ કલ્યાણક વગેરે પર્વતિથિઓ દર પક્ષે-દરમાસે પરિસંખ્યાત પણ નથી અને પરિગણિત પણ નથી, અષ્ટમી આદિ પર્વતિથિઓ દિવસ પ્રતિનિયમ છે, એટલુંજ નહિ, પરંતુ શ્રાવકને પૌષધાદિથી અને સાધુ-મહારાજને ઉપવાસ, ચૈત્યવંદન વગેરેથી નિયત હોઇને પરિગણિત છે, જ્યારે કલ્યાણકાદિ પર્વ-તિથિઓ મુખ્યતાએ માત્ર તપસ્યાથી આરાધ્ય ગણાય છે. અષ્ટમી આદિ અંગે અનારાધને સંબંધમાં પ્રાયશ્ચિત્ત જણાવેલ છે, તેમ કલ્યાણ-કાદિ પર્વનાં અનારાધન અંગે પ્રાયશ્ચિત્ત જણા-વેલ નથી. તથા બીજ, પાંચમ આદિ મહિનાની બાર પર્વતિથિની માફક 'એક દિવસે એકજ પર્વી આરાધવાનું વિધાન' કોઇપણ શાસ્ત્રમાં કલ્યાણકાદિ પર્વતિથિઓ માટે કરવામાં આવેલ નથી.-અર્થાત્ કલ્યાણક પર્વતિથિઓ એક દિવસે અનેક પણ આરાધી શકાય છે. એક દિવસે કલ્યાણકપર્વો ઘણાં પણ હોય છે, જ્યારે બાર-પર્વીમાંની કોઇપણ પર્વી એક દિવસે એકજ આરાધવાની હોય છે વળી કલ્યાણકપર્વ સંબં-ધિના તપને માટે વૃદ્ધ દેવેન્દ્રસૂરિકૃત યતિદિન-સમાચારીમાં ધર્માધિકારમાં જણાવેલ તિથિહાનિ-વૃદ્ધિવિચારમાં **'चतुर्थदिनं यावदपि तपःपूर्तिः कार्यते'** એમ જણાવેલ હોવાથી કલ્યાણક વગેરે પર્વોમાં ત્રણ ચાર તિથિ સુધી પણ પાછળ જવાનું વિધાન છે, જ્યારે બારપર્વીમાંની એકાદ પણ પર્વી માટે તે પર્વીને છોડીને એકાદ તિથિ પણ પાછળ જવાનું વિધાન નથી. **तत्र त्रयोदशीत व्यपदेशस्याप्यसंभवात्, किंतु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्'** પાઠ વડે શાસ્ત્રકાર મહર્ષિએ બારપર્વીમાંની કોઇપણ પર્વતિથિના ક્ષય વખતે પૂર્વની અપર્વતિથિની સંજ્ઞાનો અભાવ કરીને આખા દિવસ માટે જેમ

ક્ષીણપર્વતિથિની સંજ્ઞા કાયમ કરી, તેમ કલ્યાણક પર્વતિથિના ક્ષય વખતે તે ક્ષીણ તિથિને પૂર્વની તિથિએ કોઇ શાસ્ત્રકારે તેની સંજ્ઞા કાયમ કરી નથી, માટે બારપર્વીની માફક કલ્યાણકપર્વ વગેરેના ક્ષયવૃદ્ધિ પ્રસંગે ક્ષયે પૂર્વા૦ થી સંસ્કાર અવિચ્છિન્ન પરંપરાથી આપવામાં આવતો નથી, તેથી તેના ક્ષય વખતે પૂર્વતિથિ ગ્રહણ કરાતી નથી, અને ૧૨ પર્વીમાંનીજ કોઈપણ પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિ ગ્રહણ કરાય છે. આ વાત સં. ૧૯૯૨માં નવો મત કાઢનાર આ. શ્રી રામચંદ્ર-સૂરિજી અને તેમને અનુસરેલા તેમના ગુરુ, ગુરુજીના કાકાગુરુ, તેમજ રહી રહીને સં. ૧૯૯૬માં જોડાયલા આ. શ્રી સિદ્ધિસૂરિજી મ. આદિ સર્વ નવા વર્ગે પણ સં. ૧૯૯૨ તેમજ ૧૯૯૬ સુધી એજ પ્રમાણે નિરપવાદ આચરેલી છે. આવી સ્પષ્ટ સ્થિતિમાં 'ક્ષયે પૂર્વા૦' નું સૂત્ર માત્ર ૧૨ પર્વીને માટેજ નથી, પરંતુ કોઇપણ તિથિને માટે છે' એમ શાસ્ત્ર અને સ્વયં આચરિત પરંપરા ઉપર પણ બેધડક પગ મૂકીને સદંતર જૂઠું લખે, (આ શ્રી રામચંદ્રસૂ૦, ૧૧ રૂપીયાવાળો નવો તિથિનિર્ણય ગ્રંથ બહાર પાડવા સારૂ પાંચ વર્ષથી તલપાપડ થઇ રહ્યા હોવા છતાં બહાર પાડવાની હિંમત કરી શકતા નથી, તે ગ્રંથમાંના આ ભાસતા લખાણોને [પ્રતીકારનું પરિબળ માપવા] કદાચ વાનગીરૂપે પણ લખતા હોય તેમાં) તેને કોણ રોકી શકે? ચૈ. શુ. ૧૩ અને વૈ. શુ. ૩ જેવા વિખ્યાત કલ્યાણકાદિ પર્વો બારમાસે એકજ વખત આવે છે, અને તેના ક્ષયવૃદ્ધિ વખતે આરાધકો અનુકૂળ માર્ગ વર્ષો કરાજ લતા [illegible] છે ઉપધાનમાળાતિથિ, વ્રતગ્રહણતિથિ ક–જે વ્યક્તિગત તિથિ છે, તેને પણ હવે જો વ્યાપક પર્વ તિથિ તરીકે ગણાવવા દીલ થયું હોય તોજ તેઓ તે બાબત પણ ચર્ચી શકે.

(૪૬) પેજ ૩૧ નો છેલ્લો 'હવે પૂ૦ શ્રી સિદ્ધિસૂરિજી મ. વગેરે પુનમના ક્ષયે શુ. ૧૩ નો ક્ષય કરવા જતાં કેવી આપત્તિ બતાવે છે, તે પણ જોઇએ. ×××××એટલે વાસ્તવિક રીતે પૂર્વતિથિનો ક્ષય નાખવાની પદ્ધતિજ ખોટી છે.' ત્યાં સુધીના લખાણનો તે આખો પેરો કથીરને સુવર્ણમાં ખપાવવાના મલિન હેતુથી આ. મ. શ્રી સિદ્ધિસૂરિજી મ. નું નામ ખોટી રીતેજ આગળ કરીને લખી મારેલો છે; કારણકે-તેઓએ તેવી આપત્તિ કોઇનેય બતાવી હોવાનું અદ્યાપિ-પર્યંત જાણવામાં નથી. અમારી આ માન્યતામાં અમો અલ્પય અતિશયોકિત બતાવતા હોઇએ તો તેઓ આ. શ્રી સિદ્ધિસૂરિજીમ. ના હાથ-દસ્તકનું તેવું આખું લખાણ બ્લોક બનાવીને પ્રસિદ્ધ કરવાવડે જનતાને જાહેર રીતે બતાવી આપે. તેઓશ્રી તો એ નવા મતની આંટીઘુટીની રમતથી લગભગ અજાણ છે. એ સાવ ભોળીયા દાદાને અટપટી પ્રોપેગેન્ડાના ભોગ બનતા બચાવનાર પણ કોણ છે? જો હોત તો જે મતને તેઓ ખોટો કહેતા હતા તે તમારા સાવ નાપાયાદાર મતમાં પણ દોરવાઇ જવા પામ્યા; તે કેમ બને?

(૪૭) પેજ ૩૨ થી અંતિમ પેજ ૩૬ સુધીમાં **'શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજીનો મત'** શીર્ષક તળે લખેલી વાતો સત્ય કરતાં અસત્યથી વધુ મિશ્રિત હોવાને લીધે ઉપેક્ષણીય છે.

(૪૮) મણકાના પાંચમાના પેજ ૩ થી પેજ ૨૧ સુધીમાં 'હવે શું કરવું?' શીર્ષક તળે લખેલી વાતો, આવતા વર્ષે અમદાવાદમાં એમને મનોભીષ્ટ વસ્તુઓની સગવડતા, પ્રાચીન આચરણાને પ્રમાણીક માનીને પ્રવર્ત્તતા અમદાવાદના બુદ્ધિશાળી સંઘના આગેવાનોના હાથેજ અમદાવાદમાં ઊભી કરાવવાની ગોલંદાજી-સ્વરૂપ જણાતી હોવાથી તેની ઉપેક્ષા કરવામાં આવે

છે. આ તિથિચર્ચાના જટિલ પ્રશ્નના ઉકેલ માટે તેને બદલે તેઓ પોતાના નવામતને ધરાવનાર સબળ પક્ષ ન હોય તેવા નગરના શ્રી સંઘને તેવા નગરમાં આચાર્યોને એકઠા કરવાનું કહે તેમજ પ્રતિનિધિ, પોતાની જાળમાં કદિ સપડાવા જ પામે નહિ, તેવી કોઇ પેઢીનું નામ આગળ કરે તો પણ શ્રી દેવસૂર સંઘમાં આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજી કે તેમના નવા મતને અનુસરનારાઓમાંથી કોઈપણ સાધુ આદિ આ પ્રશ્નનો ઉકેલ લાવવા શ્રી સંઘને કોઇપણ પ્રકારનું સૂચન કરે તે યોગ્યજ નથી. શ્રી દેવસૂરસંઘના આચાર્યોની સલાહ-સંમતિ લીધા વિનાજ સં. ૧૯૯૨ માં જેમણે શ્રી સકલસંઘથી સ્વેચ્છાએ સંવત્સરી જુદી પાડીને અને સં. ૧૯૯૩થી તો શ્રી દેવસૂરસંઘના આરાધનાના પંચાંગોથી પોતાના પંચાંગો પણ મનસ્વીપણે જુદા કાઢીને સમાજમાં ઘેર ઘેર કલેશ પેદા કરેલ છે! જે આજે પણ શમતો નથી! તે વર્ગ, શ્રી દેવસૂર-સંઘને માર્ગસૂચન કરવાનો હક્ક શી રીતે ધરાવી શકે? એવું અપૂર્વ કાર્ય કરવાને તો શાસનના અનુરાગી એવા સર્વ શહેરોના મધ્યસ્થ, ધર્માનુ-રાગી અને સુપ્રતિષ્ઠિત એવા સર્વમાન્ય સદ્‌ગૃહસ્થ શ્રાવકવર્યોજ અધિકારી છે. મુંબઈનગરીમાંના આપણા વિશાળ સંઘમાં આપણા શ્રી દેવસૂરતપા-ગચ્છ સિવાય તો બીજો કોઈ સંઘ નથી ને? ત્યાં આજે આપણા સેંકડો જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજો પણ બિરાજમાન છે જ ને? છતાં અવળું પડયું છે એટલે જેઓ આ પાંચમા મણકાના પેજ ૧૮ ઉપર તે મુંબઇભરના શ્રી દેવસૂરસંઘને આજે ભારતના અનેક ગામ—નગરોમાં વસેલા સંઘોની અપેક્ષા ઉભી કરીને મહત્ત્વની સંખ્યા વગરનો લેખાવવાની બાલી-શતા કરી શકે અને મુંબઈના અનેક ઉપાશ્રયોના સંઘની અપેક્ષાએ મુંબઈના એ સેંકડો ગામોના જૈનોના શ્રી સંઘને એક અંશમાત્ર ગણાવવાવડે પોતાની ઉન્મતતાનું પ્રદર્શન પણ ભરી શકે છે, તેઓ અવળું પડયેથી કાલે શ્રી રાજનગરના સંઘનેય કેવો લેખાવે? અને પેઢીને ઉતારી પાડ-વામાં પણ શું કમીના રાખે? માટે તેઓ 'હવે કરવું શું?' એમ આ પાંચમા મણકા દ્વારા મુંઝાઇને પૂછે છે, ત્યારે તેનો જવાબ સહુએ "પ્રથમ તકે ગુરૂની આજ્ઞામાં આવી જાવ અને તે પછી પણ સમાજમાં ધર્મિષ્ઠ હૈયાંને વીશ વર્ષોથી વલોવી રહેલા તમારા મતને તજી દેવાની તરતજ જાહેરાત કરી દેવાપૂર્વક આપણા શ્રી સંઘની અવિચ્છિન્ન સામાચારીમાં જોડાઈ જાવ" એ પ્રમાણે તરત આપી દેવો, એજ ઠીક જણાય છે.

(૪૯) મણકો પાંચમો પેજ ૨૨ ના પરિશિષ્ટ [૧] તરીકે તેઓ લખે કે-"આરાધન માટે સૂર્યોદય વખતે જે તિથિ હોય તે પ્રમાણે ગણાય છે (તે આખો દિવસ તે તિથિ આરાધ્ય કરાય છે.)" જ્યારે ચોથા મણકાના પેજ ૨૫ ની પંક્તિ ૧૭ થી ૨૨ માં તેઓ લખે છે કે-"શાસ્ત્રકારોએ પર્વતિથિ આરાધવાનું કહ્યું છે, નહિ કે-બાર દિવસ. તિથિ અને દિવસનો શંભુમેળો કરવાનો નથી!" એ વદતોવ્યાઘાત છે. કાં તો હવે તેઓ ચોથા મણકામાંનું આ લખાણુ ઈષ્ટ છે તો તેને વળગી રહે અને કાં તો પાંચમા મણકામાંના ઉપર જણાવેલા પરિશિષ્ટ નં. પહેલાનાં પ્રાચીન માન્યતા મુજબના લખાણને પકડી લે, પરંતુ ફર્યાફર કરવાનું ત્યજી દે.

(૫૦) પેજ ૨૩ ના પરિશિષ્ટ '૨' તરીકે તેઓ "जो तिथ क्षय होय तो पूर्वतिथिमें करणी, जो वृद्धि होवे तो उत्तरतिथि लेणी (આમાં પૂર્વ-તિથિનો ક્ષય કરવાનું નથી કહ્યું)" એ પ્રમાણે ટેડું લખે છે' તો પ્રશ્ન છે કે-તેમાં 'ક્ષય ન કરવો' એમ કયાં કહ્યું છે? અને 'ક્ષીણતિથિને પૂર્વ-તિથિમાં કરવી' એમ તો કહ્યુંજ છે કે? જો હા, તો સં. ૧૯૯૨ થી તમે તે કથનાનુસાર

ક્ષીણપર્વતિથિને પૂર્વની અપર્વતિથિમાં કરતા બંધ થયા છો, તે ખોટુંજ છે કે ?

(૫૧) પેજ ૨૩ ના પરિશિષ્ટ [૪] તરીકે તેઓએ પોતાના મતની સિદ્ધિને માટે જે "ક્षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणं-સાતમમાં કરાતું ક્ષીણાષ્ટમીનું કૃત્ય. 'क्रियतां नाम तर्हि चतुर्दशीकृत्यं त्रयोदश्यामपि' તો પછી ક્ષીણ ચૌદશનું કૃત્ય પણ તેરશમાંજ કરો.' (અહિં પણ ૭ કે ૧૩ નો ક્ષય નથી કર્યો.) તત્ત્વતરંગિણી પૃ. ૪" એ પ્રમાણે શ્રી તત્ત્વતરંગિણી શાસ્ત્રના પાઠો અને તેમાં અર્થો પ્રગટ કરેલા છે, તેમાં-તેઓએ રજૂ કરેલા શાસ્ત્રપાઠો, પૂર્વનો અને પછીનો ભાગ કાપીને રજુ કરેલ છે ! અને તે ત્રુટક પાઠોના પણ અર્થો ઉપજાવી કાઢેલા છે. શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્નના પેજ ૩ ઉપર ચૌદશના ક્ષયે પૂનમે પકખી કરનાર ખરતરને પૂ. ગ્રંથકાર મહર્ષિ કહે છે કે-"તું અષ્ટમીના ક્ષયે સાતમરૂપ પૂર્વની તિથિ આઠમ માટે ગ્રહણ કરે છે, અને ચૌદશના ક્ષયે તેની પછીની પૂનમ ગ્રહણ કરવારૂપ અર્દ્ધજરતીય ન્યાયને અનુસરે છે, તે ઠીક નથી. ક્ષીણ એવી પણ ચૌદશ, પૂનમમાં તેના ભોગની ગંધનો પણ અભાવ હોવાથી પૂનમમાં પ્રમાણ ન કરવી; પરંતુ તેરશમાંજ પ્રમાણ કરવી × × × × તેરશમાં ચૌદશ ઉદયરૂપે નહિં હોવા છતાં તેરશનો પણ ચૌદશરૂપે સ્વીકાર કેવી રીતે યુક્ત ગણાય ? એમ તું કહે છે, તે ઠીક છે, પરંતુ તે પ્રસંગમાં તેરશને દિવસે તેરશ એવા નામનો પણ અસંભવ છે એવું જ નહિં; પરંતુ પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં=ધર્મની આરાધનામાં ચૌદશ જ છે, એ પ્રમાણે બોલવાનો વ્યવહાર છે. यदुक्तं-संवच्छर०॥१॥ अह जइ कहवि न लब्भइ ताओ सुहग्गमेण जुत्ताओ । ता अवरविद्ध अवरावि हुज्ज नहु पुव्वतविद्धा ॥२॥ શાસ્ત્રકારનાં તે સાક્ષીકથનમાંના अवरावि શબ્દમાંના अवि શબ્દને આશ્રીને શંકા ઉઠાવનાર ખરતરને કહે છે કે—"પહેલાં તો ચૌદશ જ બોલાય છે, એમ કહ્યું અને અહિં તો अवि શબ્દથી તે ચૌદશ, તેરશની સંજ્ઞાવાળી પણ થઈ જાય છે તો વિરોધ કેમ નહિં ?" એમ ન કહેવું. કારણકે પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં=ધર્મારાનધમાં 'ચૌદશ છે' એમ કહ્યું છે, અથવા ગૌણ અને મુખ્યભેદથી=ટીપણાં અને આરાધનાની અપેક્ષા હોવાથી (ટીપણાંની અપેક્ષાએ જે તેરશ છે તે ગૌણ છે, પણ મુખ્ય જે ધર્મની આરાધનાની વાત છે તેની અપેક્ષાએ) 'ચૌદશજ છે' એમ જે પ્રથમ કહ્યું છે તે યુક્ત છે; એ અભિપ્રાયથી उक्तत्वात्-તે દિવસે તેરશ કહેવાની ના કહી છે; तच्च त्वयाऽप्यंगीकृतमेव-અને તે વાત તેં પણ સ્વીકારેલજ છે."

આ વાતના અનુસંધાનમાં શ્રી તત્ત્વતરંગિણીના પૃ ૪ ઉપર શાસ્ત્રકારે તે પાઠ, 'अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणमष्टमीकृत्यव्यपदेशं न लभेत' આ પ્રમાણે સંલગ્ન જણાવેલ છે, અને તેનો અર્થ-'જો તેરશે ચૌદશજ છે, એમ ન કબૂલે તો સાતમમાં કરાતું ક્ષય પામેલી આઠમનું કૃત્ય=પૌષધ વગેરે ધર્માનુષ્ઠાન, અષ્ટમીના કૃત્ય તરીકે તમારાથી નહિં બોલી શકાય,' એ પ્રમાણે છે. જે આ. શ્રી રામચંદ્રસૂ૦ ના નવા મતને જૂઠો ઠરાવે છે, અને આ નવા વર્ગને તત્ત્વતરંગિણીના તે જ પાઠોને આધારે યેનકેનાપિ સાચો લેખાવવો છે ! તેથી તેણે આ રસ્તો લીધો છે કે-શ્રી તત્ત્વતરંગિણી પૃ. ૪ ઉપરના તે સંલગ્ન પાઠમાંથી આગળનો 'अन्यथा' પાઠ કાપીને તથા પાછળનો 'अष्टमीकृत्यव्यपदेशं न लभते' એટલો બધોજ વિભાગ છોડી દઈને તેમના આ પાંચમા મણકાના પેજ ૨૩ ના પરિશિષ્ટ [૪] માં ઉપર પ્રમાણે 'क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणं" એટલોજ

પાઠ છાપ્યો છે અને તે સંલગ્ન આખા પાઠનો ઉપર દર્શાવેલ આખો અને સત્ય અર્થ ઇરાદાપૂર્વક ગોપવીને 'સાતમમાં કરાતું આઠમનું કૃત્ય' એટલોજ, પૂર્વાપરસંબંધ વગરનો અને શાસ્ત્રકારના સાચા અર્થના મૂળમાં ઘા દેનારો હડહડ જૂઠો અર્થ રજૂ કરી દીધો છે! તેઓનું આ રીતે શાસ્ત્રપાઠોને પણ ઓળવવાનું અને તોડીને રજૂ કરાતા પાઠોનું પણ અસત્ય-અર્થો જણાવનારૂં વર્તન જોતાં તેઓ પ્રભુશાસનની સેવા કરી રહ્યા છે? કે-પ્રભુશાસન ઉપર તીક્ષ્ણ ધારવાળા કુહાડાના પ્રહારો કરી રહ્યા છે? એ સમજવું મુશ્કેલ થઈ પડેલ છે.

એજ રીતે તેમણે તે પરિશિષ્ટ [૪] માં શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથમાનો બીજો પાઠ જે-'**क्रियतां नाम तर्हि चतुर्दशीकृत्यं त्रयोदश्यामपि**' એ પ્રમાણે આપેલ છે, તે પણ તે પાઠમાંના '**तर्हि**' શબ્દ પછીનો '**तद्धीत्यैव**' પાઠ કાઢી નાખીને-કાપી નાખીને પછીજ આપેલ છે! અને તે પાઠનો તેમણે જે-'તો પછી ક્ષીણ ચૌદશનું કૃત્ય પણ તેરશમાંજ કરો' એ પ્રમાણે અર્થ કરેલ છે તે અર્થ પણ શાસ્ત્રકારના સત્ય અર્થને હણી નાખનારો છે. તે આખા પાઠનો સત્ય અર્થ-'તો પછી (અષ્ટમીના ક્ષયે જેમ સાતમને લોકનિંદાના ભયથી આઠમ ગણીને આઠમનું કાર્ય કરો છો તેમ) તે લોકનિંદાના ભયથીજ ચૌદશનું કૃત્ય પણ તેરશના દિવસે (ચૌદશજ છે એમ માનીને ચૌદશે) કરો' ની પ્રમાણેજ છે. વિદ્વાન વાચકો અત્ર શાસ્ત્રકાર મહર્ષિના પૂર્વાપરવાક્યોને વિચારી જુઓ, અને જેઓ મતાગ્રહ ખાતર આ રીતે શાસ્ત્રના પાઠોને પણ કાપીકૂપીને ત્રુટક આપે છે અને તે ત્રુટક પાઠના અર્થો પણ જૂઠા કરીને જૈનશાસનમાં નિજનું શાસન ચલાવવાની ધૂને ચઢેલા છે, તેઓને હજુ પણ યથાસ્વરૂપે ઓળખી લેવા ભાગ્યશાળી બનો. પરિશિષ્ટ ૪ ના તે બે પાઠો અને તેના અર્થોને તેવાં કદરૂપ બનાવીને આપ્યા પછી પણ તેઓ ત્યાં છેલ્લે (અહિં પણ ૭ કે ૧૩નો ક્ષય કહ્યો નથી,) એમ કૌંસમાં લખે છે તે ધૃષ્ટતાપૂર્ણ જૂઠાણું છે. શ્રી તત્ત્વતરંગિણીમાં શાસ્ત્રકારે જણાવેલા સંસ્કૃત ભાષામાંના પ્રૌઢ અધિકારને વાચકો સાદ્યંત લક્ષમાં લઈ શકે, એ શુભ આશયથી મેં આ ઉપર વિસ્તારથી ગૂર્જર ભાષામાં પણ રજૂ કરેલ છે, જે સ્થિરચિત્તે વાંચવાથી વિદ્વાન વાચકવર્ગો સહેલાઈથી સમજી શકે તેમ છે કે-શાસ્ત્રકારે અહિં અષ્ટમીના ક્ષયે સાતમનું અને ચૌદશના ક્ષયે તેરશનું નામ લેવાનો પણ સ્પષ્ટ નિષેધ કરેલ છે, તેથી ક્ષયજ જણાવેલ છેઃ અને 'અહિં પણ ૭ કે ૧૩નો ક્ષય કહ્યો નથી'' એમ કહેનાર આ નવો વર્ગ, સમાજની અજ્ઞાનબહુલતાનો લાભ લેવા શાસ્ત્રકાર મહર્ષિના નામે પણ ઇરાદાપૂર્વક તેવું જૂઠું બોલે છે.

(૫૩) પેજ ૨૩ ઉપરના પરિશિષ્ટ [૫] માં પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજીના નામે રજૂ કરેલ લખાણનું સ્થળ તો જણાવ્યુંજ નથી.

(૫૪) પરિશિષ્ટ ૬] માં '**तिहिवाए०**' મૂળ ગાથાજ આપવાનું કારણ અને તે ગાથાની ટીકાનો અર્થ જણાવવાને બદલે ટીકાનો ભાંગ્યોતૂટ્યો તેમજ અધૂરો ભાવાર્થ જણાવવાનું કારણ ટીકામાં તેમને '**सप्तम्यादिरूपाप्राचीनातिथौ**' પાઠ જોઇતો હતો તે ન મળ્યો અને ઇષ્ટ નથી એવો '**सप्तम्यादिरूपा प्राचीना तिथिः**' પાઠ જોવા મળ્યો, તે છે. અહિં તેમનું '**सप्तम्यां क्रियमाणे**' સૂત્રાર્થ જવા પામ્યું છે. ભાવાર્થમાં પણ 'તિથિક્ષય હોય ત્યારે પૂર્વતિથિજ ગ્રહણ કરવી.' એમ જણાવ્યું છે તે પણ યથાર્થ નથી. 'તિથિ ક્ષય

હોય ત્યારે પૂર્વાજ તિથિ ગ્રહણ કરવી' એમ અર્થ છે.

(૫૫) પેજ ૨૪ ઉપરના પહેલા પેરાનું લખાણ ચર્વિતચર્વણસ્વરૂપ હોવા છતાંય જુઠ્ઠું છે. પૂનમના ક્ષયે ચૌદશનો ક્ષય મનાયો તેમ શ્રી હીરસૂ૦ મ૦ ના त्रयोदशीचतुर्दश्योः વાકય વગેરેથી તે ક્ષીણ ચૌદશને ઔદયિક બનાવવા પૂર્વતર તેરશવૃદ્ધિનો પણ ક્ષય (માની શકાશે નહિ, શું ?) મનાયજ છે, અને વૃદ્ધિ હોય ત્યારે તો એ એકમનો હવે બીજો પંથ કાઢો, તો ના કહેવાય નહિ, બાકી સઘળોજ શ્રી દેવસૂરસંઘ બીજીનેજ ઔદયિક માને છે અને શ્રી હીરપ્રશ્નમાં તથા શ્રી સેનપ્રશ્નમાં તેવા સ્પષ્ટ દસ્તક પણ તમો જોઈ શકો છો. બીજીને ઔદયિકી મનાણી એટલે તેના પહેલાંની તો અપર્વ તરીકે અનૌદયિકી બનીજ જતી હોવાથી અપર્વ તરીકેજ ઔદયિક રહેવા પામે છે. સં. ૧૬૬૫ માં ખરતરીય શ્રી ગુણવિનયે લખેલ ઉત્સૂત્રખંડનના પૃ. ૨૦ ઉપર [બે પૂર્ણિમા તથા બે અમાસ આવે ત્યારે આપણે આરાધનામાં જે પ્રથમ પૂનમને તથા પ્રથમ અમાસે ચૌદશ કરીએ છીએ, તે બદલ] 'अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किम ?' એમ લખીને 'તમે પહેલી પૂનમને ચૌદશ કરો છો તેનું કેમ ? એમ આપણને આપત્તિ પણ આપીજ છે કે ? આથી શ્રી દેવસૂરતપગચ્છસંઘ પૂનમ કે અમાસની વૃદ્ધિએ પૂર્વતર તેરશની વૃદ્ધિ પ્રથમથીજ કરતો આવેલ છે, નવું નથી કરતો, તેની ખાત્રી તે સત્તરમી સદીનો ખરતરીય ગ્રંથ પણ આપેજ છે કે ? અને એ વાત તમે પણ જાણોજ છો કે ? છતાં 'પૂનમની વૃદ્ધિએ એકમની વૃદ્ધિ માનવી પડશે.' એમ લખો છો અને પ્રચારો છો તે શાસ્ત્ર પ્રત્યે હવે શ્રદ્ધાજ રહી નથી તેનું ખુલ્લું પ્રતીક નથી ?

(૫૬) પરિશિષ્ટ [૭] માં શ્રી તત્ત્વતરંગિણીકાર મહર્ષીના નામે જે–'પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ચૌદશ કહેવાનું, શ્રી ધર્મસાગરજી મહારાજે ફરમાવ્યું છે, લૌકિક વિધિમાં તો ઉદયતિથિ તેરશ હોવાથી તેરશજ કહેવાય.' એ પ્રમાણે ઈરાદાપૂર્વક જૂઠું લખાણ ચઢાવી દેવામાં આવેલ છે, તે ભવભીતિના અભાવનું સૂચક નથી ? પૂજ્ય મહોપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી મહારાજે 'પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ચૌદશ કહેવાનું ફરમાવ્યું નથી પણ 'चतुर्दश्येव–ચૌદશજ છે' એમ કહેવાનું ફરમાવ્યું છે કે ? વળી 'લૌકિક વિધિમાં ઉદયતિથિ તેરશ હોવાથી તેરશજ કહેવાય.' એ વાકય પણ તેઓશ્રીના નામે તમારી માન્યતા ચડાવી દેનારું પ્રપંચી છે કે ? તત્ત્વતરંગિણીમાં તે સ્થળે પૂ૦ મહોપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી મહારાજે તેવું તો ફરમાવ્યુંજ નથી; પરંતુ 'ધર્મારાધનમાં ચૌદશજ છે, એમ કહીને તે વાતને ગૌણ અને મુખ્યભેદથી વ્યવસ્થા જણાવી છે. એટલે કે–ટીપણું અને આરાધના એ બેની અપેક્ષા લેવાથી ટીપણાની અપેક્ષાવાળી ત્યાં જે તેરશ છે, તે (ઉદયતેરશ હોવાથી તેરશ ન કહેવાય, કારણકે–તે તેરશની અપેક્ષાએ) ગૌણ છેઃ માટે મુખ્ય જે ધર્મની આરાધનાની વાત છે તેની અપેક્ષાએ 'ચૌદશજ' છે' એ પ્રમાણેજ ફરમાવ્યું છે કે ? જો હા, તો પછી શાસ્ત્રકારના નામે તેવા જૂઠા અર્થો કરવામાં અને પ્રચારવામાં સ્વપરને લાભ શું ? અને પ્રભુશાસનની તેમજ આપણા લોકોત્તર સમાજની ખાનાખરાબી કેટલી ? હજુ પણ વિચારવા શાસનદેવ આપને તક આપે, એજ શુભેચ્છા.

(૫૭) પેજ ૨૫ પરિશિષ્ટ [૮] તળે 'जह जह कह व०' ગાથાનો અર્થ, શ્રી જંબૂસૂ૦એ પર્વતિથિ પ્રકાશના પેજ ૨૪ ઉપર કરેલ છે અને જેને અનેક વખત જૂઠા અર્થ તરીકે જાહેર કરવામાં આવેલ છે તે

અર્થને ત્યાંથી તેઓએ [તે અર્થમાંથી 'તેને ઉત્તર એટલે' એટલે ઉઘાડું જૂઠું વાક્ય કાઢીને, 'તિથિના નામવાળીજ રહે' એ વાક્યમાંનો 'જ' કાર, ત્યાંથી ઉઠાવીને 'તિથિના' શબ્દ પછી સ્થાપીને, તેમાંના 'સંજ્ઞા' શબ્દનો 'નામ' શબ્દ કરીને અને 'નામવાળી પણ બને છે' એ વાક્ય પછી 'કિન્તુ' શબ્દ વધારાનો ઉમેરીને] અત્ર ઉઠાવી લીધેલ છે. તેમાં તેઓએ **'अवरविद्ध अवरावि हुज्ज नहु पुव्व तव्विं'** નો અર્થ **"ક્ષીણ-તિથિયુક્ત પૂર્વની તિથિ પૂર્વતિથિનાજ નામવાળી રહે એમ નહિ, પણ તે ક્ષીણતિથિની સંજ્ઞાવાળી પણ બને છે"** એ પ્રમાણે કર્યો છે, તે પણ સદંતર જૂઠોજ અર્થ છે. **"अवरविद्ध=**ક્ષય પામેલી એવી અનુદયા ચૌદશ આદિથી વિંધાએલી **अवरावि=**ચૌદશ આદિ તિથિઓ પણ **'हुज्ज' भवेयुः=**થાય, **नहु=नैव=**નહિંજ કે **पुव्व=पूर्वा=**તેરસ આદિ **तव्विद्धा=चतुर्दश्यादिभिर्विद्धाः भवेयुः=**ચૌદશ આદિથી વિંધાએલી થાય." આ જ એ ગાથાનો પદચ્છેદપૂર્વક સાચો અર્થ છે. એટલે કે-**"ક્ષીણ તિથિયુક્ત પૂર્વની તિથિ (તેરસ) ક્ષીણતિથિ (ચૌદશ)ના નામવાળી પણ બને છે. (કિન્તુ) ક્ષીણતિથિયુક્ત પૂર્વની તિથિ (તેરસ) પૂર્વા નૈવ-તેરસ તરીકે રહેજ નહિ."** એજ એ ગાથાનો સાચો અર્થ છે. ખરતરે તે ગાથામાંના **अवरावि** શબ્દ ઉપરથી 'તેરશ પણ કહેવી પડશે' એમ આપણને આપત્તિ આપેલ નથી; પરંતુ તે **अवरावि** શબ્દમાંના **अपि** શબ્દનેજ આશ્રીને તેવી આપત્તિ આપેલ છે અને તે આપત્તિનો પણ પૂજ્ય ગ્રંથકાર મહર્ષિએ 'મુખ્યભેદે તે દિવસે ચૌદશજ કહેવી' એમ તે ગ્રંથમાં સમાધાન પણ આપેલ છે. આ દરેક વસ્તુ જાણવા છતાં તેઓ **अवराविમાંના अवरा** શબ્દનો 'ચૌદશ' અર્થ છોડીને 'તેરસ' અર્થ કરીને ચાલે અને **अपि** શબ્દને મુખ્યભેદમાં શાસ્ત્રકારે સ્થાનજ નહિ આપેલ હોવા છતાં તે **अपि** શબ્દનો 'પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં પણ' અર્થ કરીને ચાલે અને તેમ કરીને 'ક્ષીણતિથિ (તેરસ) ની સંજ્ઞાવાળી પણ બને છે. એમ શાસ્ત્રકારના ચૌદશજ કહેવાય' એ નક્કર અર્થથી સદંતર જૂઠો અર્થ કરીનેજ પ્રચારે રાખે, તેને શાસ્ત્રની ખેવનાવાળા કોણ ગણે?

(૫૮) પેજ ૨૫ ના પરિશિષ્ટ [૯] તળે શ્રી તત્ત્વતરંગિણી ટીકાના નામે છાપેલો પાઠ, હસ્તલિખિત સર્વ તત્ત્વતરંગિણી ગ્રંથમાં છેજ નહિ, કોઇ કોઇ ગ્રંથમાંજ છે, અને એટલા માટે તો તેઓએ પણ અહિં તે પાઠનું પેજ કયું? તે તો બતાવેલજ નથી! એમની શાસ્ત્રપાઠ પ્રતિની વફાદારી આવી છે. "તે ગ્રંથ વાંચતી વખતે કોઇએ તે **अवरविद्ध अवरावि हुज्ज** પાઠનો અર્થ (બરાબર નહિં બેસવાના યોગે) જે પ્રકારે બેઠો તે પ્રમાણે તત્ત્વતરંગિણીના મૂળ લખાણ નીચે પ્રથમ નોટમાં સંસ્કૃતમાં લખ્યો હોય અને પાછળથી તે પ્રત ઉપરથી બીજી પ્રત લખાવનારાઓના હાથે મૂળ સાથે તે ફુટનોટ જોડાઇ જવા પામી હોય, એ બનવાજોગ લાગે છે કે નહિં?" એ મુજબ પૂજ્ય આગમોદ્ધારકદેવેશ્રીએ સં. ૧૯૯૬ માં પાલીતાણા મુકામે પનાલાલ બાબુની ધર્મશાળામાં એ પાઠને વંડામાંથી સમજવા આવેલા આ. શ્રી વિજયક્ષમાભદ્રસૂરિજીને જણાવતાં આ. શ્રી ક્ષમાભદ્રસૂરિજીએ "બરાબર બનવાજોગ લાગે છે, કારણ કે-સુરત જૈનાનંદ પુસ્તકાલયમાંની આ શ્રી તત્ત્વતરંગિણીની હસ્તલિખિત પ્રત મેં જોયેલ છે, અને તે પાઠ નથી" એમ કબુલ કરેલ હોવાનું જાહેર થયું છે. આમ છતાં તેવા કોઇ અધૂરી સમજના સાધુની તે ફુટનોટને શ્રી તત્ત્વતરંગિણીની ટીકા તરીકે લેખાવતાં અટકવુંજ નહિ, તે કયા પ્રકારની માનવતા? અને એ માનવતાધારી તેવા પાઠનો મનમુજબ ભાવાર્થ લખ્યા પછી (અર્થાત્ બે તિથિ ભેગી) એમ લખી મારે એને કેવા કહીએ?

(૫૯) પેજ ૨૫ ના પરિશિષ્ટ [૧૦] તળે ભાવાર્થની પંકિત ૪ માં ચૌદશ પણ કહેવાય અને તેરશ પણ કહેવાય' એમ અર્થ લખ્યો છે, તે અબોધમૂલક છે. ત્યાં તેવો અર્થ છેજ નહિ અને કરી શકાય પણ નહિ. તેઓએ કોઇ સંસ્કૃત પંડિતને 'પણ' શબ્દના એ રીતે બે અર્થ થાય ખરા? એ પૂછીને આ પોતાની પોતાને અજ્ઞાન લેખાવે એવી ભયંકર ભૂલને તાત્કાલિક સુધારી લેવી એ હિતસલાહ છે.

(૬૦) પેજ ૨૬ ના પરિશિષ્ટ [૧૧] વાળા શ્રી તત્ત્વતરંગિણીના પેજ ૨૮ ઉપરના પાઠનો અર્થ, તેજ તત્ત્વતરંગિણીના પેજ ૩ ઉપરના **'अथैवमंगीकृत्यापि कश्चिद् भ्रान्त्या स्वमतिमान्याच्चाष्टम्यादितिथिक्षये सप्तम्यादिरूपा प्राचीना तिथिः'** પાઠના સાચા અર્થને ઉડાવી દેવાની મલિનવૃત્તિપૂર્વક અસત્ય કરેલ છે. શાસ્ત્રકારનું (એ ત્રીજા પેજ ઉપરના પાઠને અનુલક્ષીને) તે પેજ ૨૮ ઉપરનું વાક્ય છે. ત્રીજા પેજના પાઠમાં ખરતરને જણાવેલ છે કે-'આઠમના' ક્ષયે તે આઠમ માટે તું પૂર્વની સાતમ લે છે' તેથી ૨૮ મા પેજ ઉપરના તે પાઠમાંના **सप्तम्यां क्रियमाणत्वेन'** પાઠનો અર્થ 'સાતમના દિવસે (આઠમની સંજ્ઞા આપીને) કરાતો (આઠમનો પૌષધ)' એમ છે, 'સાતમમાં કરાતો' એમ અર્થ છેજ નહિ. આમ છતાં તેઓ (અર્થાત્ સાતમને સાતમ કહેવાતી અને પર્વના હિસાબે આઠમ પણ કહેવાતી, પરંતુ સાતમનો ક્ષય નહિ કરવાનો) એમ કૌંસમાં લખી મારે છે, તે પોતાના મતાગ્રહની કારમી આંધીનું તોફાન સમજવુંજ રહે છે.

એ પરિશિષ્ટ ૧૨ થી લઇને પેજ ૩૮ ઉપરના પરિશિષ્ટ ૩૫ પર્યંત તેઓએ શાસ્ત્રોના થોકબંધ પાઠોનો મેઘાડંબર ધારણ કરીને પોતાનો મત આટલા તો શાસ્ત્રપાઠો ધરાવે છે! એ ગકારનો હાઉ બતાવવાનો જે જે પાઠોદ્વારા કૂટ પ્રયાસ કરેલ છે તે પ્રાયઃ બધાજ પાઠો, ઉપર મુજબ ગરબડવાળા અને અસત્ય અર્થો ઉપજાવી કાઢેલા હોઇને તે બધાજ પાઠોના તેમજ અર્થોમાંના અસત્યનું આ પ્રમાણે આમૂલચૂલ ઉદ્ઘાટન થઇ શકે તેમ છે, પરંતુ લખાણ ઘણુંજ વધી જવાના ભયથી **इत्यलं विस्तरेण.**

જો કે-'શ્રીકલ્પસૂત્ર સુબોધિકાના **'चतुर्दशीवृद्धौ प्रथमां चतुर्दशीमवगणय्य द्वितीयायां चतुर्दश्यां०'** પાઠમાં તેમજ શ્રી સિદ્ધચક્ર પાક્ષિક વર્ષ ૧, અંક ૨૧, પૃ. ૫૦૭ આદિમાં જણાવેલ 'બે ચૌદશ-બે અમાસ,' ની વાતને ભદ્રિકો પાસે રજૂ કરીને 'જુઓ-કલ્પસૂત્રમાંય બે ચૌદશો કહી છે, અરે! ખુદ સાગરજી મહારાજે પણ બે ચૌદશ-બે અમાસ લખેલ છે, છતાં 'પર્વતિથિ બે ન હોય' એમ બોલે છે! તે સાચું મનાયજ કેમ?' એમ કહેવા વડે પણ તેઓ જનતામાં ભ્રમણા તો ફેલાવીજ રહ્યા છે અને તેથી વધારે નહિ તો તેટલા પૂરતા સવિસ્તાર સ્પષ્ટીકરણની અધૂરપ ઘણાએ હિતસ્વીઓને અત્ર જરૂર જણાશે; પરંતુ વિવેચન ધાર્યા બહાર વધી જવા સાથે 'શ્રી કલ્પસુબોધકાકારે તેમજ શ્રી સિદ્ધચક્રમાં જે બે ચૌદશ-બે અમાસ જણાવેલ છે, તે લૌકિકટીપ્પણામાં આવે છે તેને અનુલક્ષીને જણાવેલ છે, આરાધનાને આશ્રીને તે વાત જણાવેલજ નથી' એમ અનેક સુજ્ઞજનો સમજેજ છે, તેથી તેઓના તે માયા-મૃષાવાદની 'ડૂબતો તણખલાનેય બાઝે' એ ગણત્રીથી અત્ર ઉપેક્ષાઉચિત માનેલ છે.

## વિ. સં. ૨૦૧૩ માં શાસ્ત્રીય સંવત્સરી ભા. શુ. ૪ ને બુધવારેજ

ચરમતીર્થપતિ ત્રિલોકનાથ શ્રી મહાવીરપ્રભુના શાસનમાં આરાધના માટે નિયત થએલાં અનેક પર્વોમાં શ્રી સંવત્સરી પર્વ સર્વશ્રેષ્ઠ પર્વ લેખાય છે. એ મહાન્ પર્વને પામીને કલ્યાણકામી જનોએ સ્વના પ્રતિસ્પર્ધીને પણ ખમાવવાની કોમળતા દાખવવી એ જૈનધર્મનો સાર છે. આરાધન માટેનું એ અજોડ સંવત્સરી પર્વ નજીક આવે છે. એ પુણ્ય પ્રસંગે આપણે આપણા એ નિસ્તારક પર્વને ઉદાત્ત અને નિર્મલચિત્તે ભેટવા અને પામીને આરાધવા ઉજમાળ રહીએ.

આપણું આ મહાન્ શ્રી સંવત્સરી પર્વ ભા. શુ. ૪ અને પાંચમનું જોડીયું પર્વ છે. પાંચમ જેણે ઉચ્ચરેલી હોય તેને આ સંવત્સરી પર્વને અઠ્ઠમ મુખ્યવૃત્યા ભા. શુ. ૩ થીજ કરવાનું પૂ. શ્રીહીરસૂરિજી મહારાજે શ્રી હીરપ્રશ્નમાં ફરમાવેલ છે, અને આ. શ્રીદાનસૂરિજી મ૦ પણ પોતાના વિવિધ પ્રશ્નોત્તર ભાગ બીજાના પેજ ૧૦૬ ઉપર 'આ પાઠમાં શ્રી જગદ્ગુરુ (હીરસૂરિજી) મહારાજ પંચમીનું જેમ આરાધન થાય તેમજ ફરમાન કરે છે.' એ પ્રમાણે તદ્દન સ્પષ્ટપણે જણાવે છે, એ જોતાં એ જોડીયા પર્વની મહત્તા આપણને ઘણી સમજાય છે. આથી આપણે આ ભા. શુ. ૪-૫ ના જોડીયા પર્વને સદા

કાળથી જોડેજ ઊભું રાખીને આરાધતા આવ્યા છીએ, અને તેમાંજ અવિચ્છિન્ન પરંપરાનુસારીપણાનું ગૌરવ લઇએ છીએ. તદનુસાર આ સંવત્સરી પણ તે ભા. શુ. ૪-૫ નું જોડીયું પર્વ આપણે જોડેજ ઊભું રાખી આરાધી શકીએ તોજ સાચી સંવત્સરીની આરાધના પામી શકયા, એમ સંતોષ અનુભવી શકીએ તેમ છીએ. સં. ૧૯૯૨ સુધી તો નવો વર્ગ પણ આપણી માફક તે ૪ અને પાંચમનું જોડીયું પર્વ જોડેજ ઊભું રાખીને ભા. શુ. ૪ ના દિવસે સંવત્સરી અને તેની પછીના ભા. શુ. પાંચમના દિવસે અઠ્ઠમનો છેલ્લો ઉપવાસ કરી કરાવીનેજ સંવત્સરી પર્વનું આરાધન કરતો કરાવતો હતો.

આમ છતાં ખેદની વાત છે કે—"સં. ૧૯૯૨ ના શ્રાવણ માસે નવો તિથિમત કાઢવા પછીથી આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી અને તેમના દોરાઈ જવા પામેલા નવા વર્ગે સં. ૨૦૦૪ માં ચંડાંશુચંડુમાં ભા. શુ. ૫ નો ક્ષય આવ્યો હતો તે પ્રસંગે ઉદયાત્ ચોથને બ્હાને પાંચમને ઊભી રાખવાની વાત છોડીને '૪×૫ ભેળાં એક દિવસે આરાધાઇ જાય છે' એમ કોઇપણ શાસ્ત્રના આધાર વિનાજ કહેવા અને પ્રચારવા લાગી ગયા! પરિણામે તેઓને તે ૪-૫ નું બે દિવસ સંલગ્નપણે આરાધવાનું જોડીયું પર્વ ઉડાવી દેવાના ભયંકર દોષના ભાગી બનવું પડયું, અને સમાજને આ પર્યુષણા જેવા મહાન્ પર્વને આરાધવાની સુવર્ણપળેજ કલેશમાં સબડવાનું બન્યું !!!"

સં. ૨૦૦૪ માં ભા. શુ. ૫ નો ક્ષય આવેલ, એ પ્રમાણે સં. ૧૯૫૨-૬૧ અને ૮૯ માં ભા. શુ. ૫ નો ક્ષય તો આવેલજ હતો, પરંતુ ઉપર જણાવી ગયા તેમ તે તે પ્રસંગે તો આ નવા વર્ગે પણ આ ભા. શુ. ૪ અને પાંચમનું જોડીયું પર્વ, જોડેજ ઊભું રાખીને આપણી માફક ચોથ અને પાંચમ તરીકે એ દિવસ સંલગ્નપણે આરાધેલ હતું, આમ છતાં સં. ૨૦૦૪ માં તે જોડીયાં પર્વને ઉદયાત્ ચોથના બનાવટી બ્હાના તળે તોડી નાખવાનું અને ભા. શુ. પંચમી પર્વતિથિની આરાધનાનેજ શાસનમાંથી ફગાવી દેવાનું દુઃસાહસ કરેલ છે! પંચાંગમાં પર્વતિથિનો ક્ષય હોય તો ક્ષયે પૂર્વાંના સંસ્કાર વડે તે ક્ષીણ પર્વતિથિનેજ આરાધના માટે રજુ કરવાની છે, ત્યાં ઉદયાત્ તિથિનો આગ્રહ રાખવાનો નથી, એ વાત તેઓ સમજે છે છતાં ત્યારથી ઇરાદાપૂર્વક ભૂલ્યા! અને "**उदयंमि जा तिहि०** વાળા ઉત્સર્ગમાર્ગને જો પર્વક્ષય વખતે પણ વળગી રહેવાનું વિધાન હોત તો પૂજ્ય ઉમાસ્વાતિજી મહારાજે ફરમાવેલ ગણાતા ક્ષયે પૂર્વા૦ વાળા અપવાદમાર્ગનું વિધાન શું કામ?" એ પ્રશ્નનો ઉત્તર આપવાનું બંધ રાખ્યું!

મહીનાની ફરજીઆત ગણાતી અષ્ટમી આદિ બાર પર્વતિથિમાંની કોઇપણ પર્વતિથિનો પંચાંગમાં ક્ષય હોય તે વખતે આપણે (તે **उदयंमि जा तिही सा पमाणं** આદેશ ઉત્સર્ગમાર્ગ કાર્યસાધક બનતો નહિ હોવાથી) ઉત્સર્ગ કરતાં અપવાદને બળવાન કહેલ છે, એ વાતને ધ્યાનમાં લઇ ક્ષયે પૂર્વાંના અપવાદ વડે તે તે ક્ષીણ-પર્વને સંસ્કાર આપીને આપણાં આરાધનાનાં પંચાંગમાં મહિનાની એક દિવસે એકજ આરાધવા સ્વરૂપ તે બારેય પર્વી અખંડ અને સ્વતંત્રજ ઊભી રાખતા આવ્યા છીએ, એ મુજબ સંવત્ ૧૯૯૨ સુધી તો આપણામાંનો આ નવો વર્ગ પણ પોતાનાં ભીંતિયાં પંચાંગમાં [ટીપણામાંની ક્ષીણપર્વતિથિને પૂર્વની ઉદયવાળી અપર્વતિથિનો તો ક્ષયજ કરી નાખવાપૂર્વક ઉભી કરીને] મહીનાની તે બારપર્વીને તો અખંડ અને સ્વતંત્રજ ઉભી રાખતા હતા. આમ છતાં ઉપર જણાવ્યા મુજબ સં. ૧૯૯૨ના શ્રાવણમાસે મતિવિપર્યાસ થવાને લીધે ઉપરોકત વિષમ પરિણામ આવવા પામ્યું! પછી તો સં. ૧૯૯૩ થી તે નવા વર્ગને આખાએ સંઘથી આરાધનાનાં પંચાંગજ જુદાં ઊભાં કરવાં પડયાં અને તેમાં પણ—આરાધનામાં પણ લૌકિક ટીપણા પ્રમાણે પર્વક્ષય અને વૃદ્ધિ બતાવવા માંડયા! એમ વર્ત્તવાવડે તેઓએ 'લૌકિક ટીપ્પણાં એ જૈન આગમ નથી,' એ જૈનોની માન્યતાને ગંભીર ફટકો માર્યો અને લૌકિક ટીપ્પણાંનેજ જૈન આગમ માનવું મનાવવું શરૂ કરી દીધું! પરિણામે સમાજમાં એ કલેશ લાંબો ચાલ્યો! કે-જેનું સાન્ત્વન કરવાને સમાજહિતેચ્છુ જનોએ અનેક વખત પ્રયાસો કર્યા હોવા છતાં તે વ્યર્થ નીવડવા પામ્યા છે!

આપણા સમાજની પ્રવર્ત્તતી આ વિષમસ્થિતિમાં આ ચાલુ વર્ષે પણ આપણે જે નિર્મલચિત્તે આરાધવાનું છે, તે સંવત્સરી પર્વના પ્રસંગને આપણા એ નવા વર્ગે અત્યાર આગમચથીજ વિકટ બનાવવો શરૂ કરી દીધો છે! અર્થાત્ "સં. ૨૦૦૪ ની માફક આ વર્ષે પણ પંચાંગમાં ભા. શુ. ૫ નો ક્ષય આવેલ હોવાથી 'તે ૪-૫ નાં જોડીયાં પર્વને તોડી નાખીને ભા. શુ. પાંચમને અમે પર્વમાંથી ઉડાવી દીધી છે, તે બરાબરજ છે' એ પ્રમાણે ભદ્રિકજનોના મગજમાં [બનાવટી શાસ્ત્રપાઠોને આગળ કરવાપૂર્વક] ઠસાવવા સારૂ તે નવાવર્ષે પડદા પાછળ રહીને છેલ્લા એક માસમાં બબ્બે હજાર નકલ તરીકે ૭ પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરેલ છે અને દૈનિકપત્રોમાં જે તે નામથી યદ્વાતદ્વા લાંબા લાંબા લેખો પણ લખાવવા માંડયા છે!" આ પ્રકારે તે વર્ગ તરફથી બરાબર પર્વારાધનાના ટાંકણેજ ફેલાવાઇ રહેલા મિથ્યા વિભ્રમમાં આપણા સમાજનો ભદ્રિકવર્ગ મૂળમાર્ગથી=સાચી સંવત્સરીની આરાધનાથી ચ્યૂત થવા ન પામે, એ જોવાની આપણી ફરજ આવી ઊભી રહે છે. અને તેથી-એ શુભ આશયથી આ પત્રિકા દ્વારા તે વર્ગના પ્રસ્તુત પ્રચારમાંના તરત જાહેર કરી દેવા જરૂરી એવા ૬૧ જૂઠ્ઠાણાઓનું ઉદ્દ્ઘાટન તો તરતજ જાહેર કરી દઇને સમાજને આ પત્રિકારૂપે સમયસર પીરસી દેવામાં આવેલ છે, જે વાંચીને કલ્યાણકામી આત્માઓ '**શ્રી દેવસૂર તપાગચ્છની સાચી સંવત્સરી સં. ૨૦૧૩માં ભા. શુ. ૪ ને બુધવારેજ**' એ પોતાની નક્કી માન્યતા શાસ્ત્ર અને પરંપરાનુસારીજ છે, એમ સમજવા ભાગ્યશાળી બને.

## ઉપસંહાર

**ઉપરોક્ત પ્રયાસવડે વાચકો સમજી શકશે કે—**

આ પુસ્તિકા દ્વારા "યુગાન્તરના આષાઢમાસની વૃદ્ધિ વખતે જૈન જ્યોતિષ પ્રમાણે આષાઢી પૂનમનો ક્ષય થતો હોવા છતાં તે ક્ષીણપૂનમને શાસ્ત્રકારે પૂનમસંજ્ઞા આપીજ છે, એમ નિર્યુક્તિકાર અને ચૂર્ણિકારનાં વચનો આપીને જણાવવામાં આવેલ હોવાથી પંચાંગની પૂનમના ક્ષયે શ્રી સંઘમાં આરાધનામાં ઉદયાત્ ચૌદશે પૂનમ થાય છે અને ઉદયાત્ તેરશે ચૌદશ થાય છે, તે શાસ્ત્રથી પણ સિદ્ધ છે, એમ નક્કી કરી આપવામાં આવ્યું છે." [ચાલુ વર્ષે પણ તેથીજ સકલ દેવસૂરસંઘનાં પંચાંગોમાં ભા. શુ. ૩ નો ક્ષય કરવામાં આવેલ છે અને ભા. શુ. ૫ ને પર્વ તરીકે સ્વતંત્ર બતાવવામાં આવેલ છે.]

તે શ્રી નિર્યુક્તિ અને ચૂર્ણિમાંના '**अभिवड्ढिअसंवच्छरे जत्थ अहिअमासो पडति तो आसाढपुण्णिमातो वीसतिराते गते भणति ठिआमोत्ति**' પાઠના આધારે શ્રી હીરપ્રશ્નમાં શ્રી વિજયહીરસૂરિજી મહારાજે પણ 'પૂર્ણિમા તૂટી હોય તો તે ક્ષીણપૂર્ણિમાનો તપ **त्रयोदशीचतुर्दश्योः क्रियते**-તેરશ ચૌદશે કરાય છે' એમ જણાવવાવડે ક્ષીણપૂનમને ચૌદશે ઉદયાત્ પૂનમરૂપે બનાવાય છે અને તેમ કરવા જતાં ક્ષય પામતી ઉદયાત્ ચૌદશને તેરસે કરાય છે એમ નક્કી કરી આપ્યું છે. તિથિ વિના તે તિથિનો તપ કરવાનું બની શકેજ નહિ, એ તો બાળક પણ સમજી શકે તેવી બીના છે. પ્રસિદ્ધ થએલા શાસ્ત્રીય પૂરાવાઓમાંના પૂર્વાચાર્યોના લખાણો પણ એજ પ્રકારના છે.

**उदयंमि जा तिही सा पमाणं** સિદ્ધાંત, [પંચાંગમાં ઉદયમાં વર્તતી પર્વતિથિ કવચિત્ ઉદયકાલવર્ત્તિની, મધ્યાહ્નકાલવર્ત્તિની અને અપરાહ્નકાલવર્ત્તિની પણ હોઇ શકે છે, તેવા પ્રસંગે બ્રાહ્મણોની માફક કોઇ મધ્યાહ્નકાલવર્ત્તિની તિથિને કે કોઇ અપરાહ્નકાલવર્ત્તિની તિથિને પ્રમાણિક ગણાવવાની પ્રવૃત્તિમાં પડી શાસનને ડહોળે નહિ એ માટેનો] ઉત્સર્ગ માર્ગ છે, આથી નવા વર્ગની જેમ પર્વતિથિના ક્ષય વખતે પણ જો તે ઉત્સર્ગ વિધાનનેજ વળગી રહેવાનો આગ્રહ કરવામાં આવે તો તેવા આગ્રહીને તેવા પ્રસંગે ઉદયાત્ પર્વતિથિ તો પ્રાપ્ત જ થતી નહિ હોવાથી '**इयरीए कीरमाणीए आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावे**' એ તો ઉત્સર્ગના ઉત્તરાર્દ્ધના સજ્જડ આધારે 'શાસ્ત્રની આજ્ઞાનો ભંગ, અનવસ્થા દોષ, મિથ્યાત્વ અને ચોથમાં પાંચમ માનવામાં ઉદયવાળી પંચમીને નહિ માનવારૂપ વિરાધના પ્રાપ્ત થાય છે.' એ વાત પણ ફલિત કરી આપેલ છે.

**'ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા'** એ પ્રઘોષ અપવાદ તરીકેનું વિધિસૂત્ર હોવાથી તે સૂત્ર, પંચાંગમાં પર્વતિથિનો ક્ષય હોય ત્યારે આરાધના માટે તે ક્ષીણ પર્વતિથિને પૂર્વની અપર્વતિથિના સ્થાને તેની સંજ્ઞા આપવાપૂર્વક ઉદયતિથિ બનાવવાનો વિધિ કરીને નિવર્તે છે. આથી તે અપવાદસૂત્રના આધારે શ્રી સકલ સંઘ, ટીપણામાંના પર્વક્ષયે આરાધનાનાં પંચાંગમાં પૂર્વની તિથિનો ક્ષય કરીને તે ક્ષીણ પર્વતિથિને ઉદયાત બનાવે છે તે યથાર્થ છે. અને નવો વર્ગ 'તે **ક્ષયે પૂર્વા** અપવાદ તો અમે પણ માનીએ છીએ' એમ કહ્યા કરતો હોવા છતાં લૌકિક પંચાંગમાંના પર્વક્ષયે તે સૂત્રથી તે ક્ષીણપર્વને ઉદયાત બનાવવારૂપ જે સંસ્કાર આપવાનો વિધિ કરવાનો છે, તે વિધિને તો હરગીજ આદરતો નહિ હોવાથી એટલે કે-લૌકિક ટીપણામાં પર્વતિથિના આવેલ ક્ષયને પોતાના આરાધનાના પંચાંગમાં પણ યથાવત્ છાપીને તે ક્ષીણ પર્વની આરાધનાથી પોતે ચ્યૂત થઈ આશ્રિતોને પણ ચ્યૂત કરતો હોવાથી **'ક્ષયે પૂર્વા૦'** ને તો અમે પણ માનીએ છીએ' એમ ખોટુંજ બોલે છે. જો તે સૂત્રને તેઓ માને છે તો તે સૂત્રથી કયું કાર્ય કરી બતાવે છે? તે તો તે વર્ગ બતાવી શકતો નથી, અરે મહિનાની શાસ્ત્રસિદ્ધ બારપર્વીને અગીઆર પર્વી બનાવી દે છે, એ તો પ્રત્યક્ષ છે! માટે તેઓ ઉન્માર્ગે ચઢી ગએલ છે. એ વગેરે વિસ્તારથી સિદ્ધ કરી આપ્યું છે.

"**ક્ષયે પૂર્વા૦**નો પ્રઘોષ પંચાંગમાંના પર્વક્ષયે પૂર્વતિથિનો ક્ષય કરવાનું કહેતોજ નથી" એવું શાસ્ત્ર અને પરંપરાથી સદંતર વિપરીત કથન, આપણો આ નવો વર્ગ, સં. ૧૯૯૨ ના શ્રાવણ માસથીજ કહેવા અને પ્રચારવા લાગેલ છે! તે પહેલાં તેમના વડદાદાગુરુ પૂ. આત્મારામજી મ૦ આદિ બધાજ પૂર્વજો અને પોતે પણ એ **'ક્ષયે પૂર્વા૦**નો' 'પર્વતિથિનાં ક્ષયે પૂર્વતિથિનો ક્ષય કરવો' એમજ અર્થ કરીને ચાલ્યા છે અને પોતાના આરાધનાનાં પંચાંગમાં પણ તે પ્રમાણે છાપીને પ્રવર્ત્યાં છે. વાસ્તવિક સ્થિતિ એજ હોવાથી તે વર્ગ જે 'તે પ્રઘોષ, પૂર્વની તિથિનો ક્ષય કરવાનું કહેતોજ નથી' એમ બોલવા લાગેલ છે, તે તેમના બાપદાદાઓની તથા ૧૯૯૨ સુધીની પોતાની પણ આચરણાથી વિરૂદ્ધનું એવું ઇરાદાપૂર્વક જૂઠું બોલી રહેલ છે અને પાપનો ભય તજીને તેવું જૂઠું પ્રચારી રહ્યો છે. આ વસ્તુ **તેમના સં. ૧૯૯૦ ના જૈનપ્રવચન વર્ષ ૬, અંક ૧૨-૧૩-૧૪ ના પેજ ૧૭૬ ઉપરના** "એકજ દિવસે ત્રણ તિથિનો ભોગ આવતો હોય તો વચલી તિથિ ક્ષયતિથિ કહેવાય છે તે તિથિ જો આરાધ્ય પર્વકોટિની હોય તો પૂર્વની તિથિની જગ્યાએ તેનેજ કાયમ કરાય છે." એ વચનોથી તથા "શ્રી તત્ત્વતરંગિણીનો આધાર તો સંવત્સરીની ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે" એ વચનોથી પણ સિદ્ધ કરી આપેલ છે. તદુપરાંત તેમના દાદાગુરુ આ. શ્રી વિજયદાનસૂરિજીના વચનોથી તથા ૩૦ વર્ષ પૂર્વે શ્રી જૈનધર્મ પ્રચારક સભાએ કરેલી તે **ક્ષયે પૂર્વા૦**ના સ્પષ્ટતર અર્થની જાહેરાત વગેરેવડે પણ નક્કી કરી આપેલ છે.

શ્રી તત્ત્વતરંગિણીકારે "ચૌદશના ક્ષયે તેરશે ચૌદશજ કહેવી; 'તેરશ' એમ નામ પણ લેવું નહિ" એમ જણાવવાવડે પૂર્વતિથિનો ક્ષયજ કરવાનું કહ્યું હોવાથી અને અષ્ટમીના ક્ષયે ખરતર પણ સાતમ તિથિને આઠમજ કહે છે, એ પણ સિદ્ધ કરી આપ્યું હોવાથી 'પર્વક્ષયે એક તિથિમાં બંને તિથિનું આરાધન આવીજ જાય છે,' એમ કહેનાર નવો વર્ગ, શાસ્ત્ર ઉપર પગ મૂકીને મૂળમાર્ગ ભૂલે છે, એમ પણ નક્કી કરી આપ્યું છે. એ સાથે 'કાર્તિકી પૂનમ, ચૈત્રી પૂનમ અને આસો શુદ પૂનમના ક્ષયે તે નવો વર્ગ પણ ચૌદશમાં પૂનમનું આરાધન તો કરી બતાવતોજ નથી-બોલે છે તેવું વર્તન કરી બતાવતોજ નથી' એમ પણ નક્કી કરી આપેલ હોવાથી 'આ વખતે ભા. શુ. પાંચમના ક્ષયે ભા. શુ. ૪ માં પાંચમની આરાધના આવીજ જાય છે' એમ લખવા, બોલવા અને પ્રચારવામાં તે વર્ગ અસત્યનીજ ઉપાસના કરી રહેલ છે, એ પણ સ્પષ્ટ થઈ જવા પામેલ છે, આથી તે નવો વર્ગ તે બધું શાસ્ત્ર અને પરંપરા વિરુદ્ધ બોલી રહેલ છે અને પ્રચારી રહેલ છે, એમ કલ્યાણકામી આત્માઓને હવે ફરી સમજાવવાનું રહેતું નથી.

'પર્વની વૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતરતિથિની વૃદ્ધિ કરવાનું **वृद्धौ कार्या तथोत्तरा** પ્રઘોષ કહેતોજ નથી' એ પ્રકારનો તે નવા વર્ગનો પ્રચાર પણ શાસ્ત્ર અને પરંપરાથી સદંતર વિરુદ્ધ છે. એમ સં. ૧૬૬૫ માં ખરતરીયા શ્રી ગુણવિનયકૃત ઉત્સૂત્ર ખંડનમાંના **'अन्यच्च वृद्धौ पाक्षिकं क्रियते इदं किम्'** ઇત્યાદિ વચનોથી તેમજ સં. ૧૯૯૨ સુધીની પોતાની પણ તેવીજ હતી તે આચરણા આદિથી સિદ્ધ કરી આપેલું છે.' [એટલે 'ભા. શુ. ૪×૫ ને ગુરુવારે સંવત્સરી છે' એમ તેઓ પ્રચારે છે, ને શાસ્ત્ર અને પરંપરાથી સદંતર વિરુદ્ધ છે એમ આ પુસ્તિકાનો એ સમસ્ત સાર સ્પષ્ટ કહી આપે છે.]

## આ. શ્રી પ્રેમસૂરિજી મહારાજે મૌન રહેવું ઉચિત હતું.

આ ઉપસંહાર પછીથી આચાર્ય પ્રેમસૂરિજી, (કે-જેઓ સં. ૨૦૦૧ થી મારે નવો મત મૂકી દેવો છે અને મૂળમાર્ગે આવી જવું છે, એમ અનેક વખત આ લેખકને પણ અનેક મારફત કહેવરાવી ચૂકયા છે) અમદાવાદ ગયા પછીથી ફરી ગયા છે. સં. ૨૦૦૧ થી તેમણે જૂઠા તરીકે માનેલ તે નવા મતને સંદેશ તા. ૧-૭-૫૭ માં, મુંબઇ સમાચાર તા. ૪-૭-૫૭ તથા તેમના મહાવીરશાસન (?) માં શ્રી પદ્મવિજયજીના નામે પ્રસિદ્ધ કરાવેલ પોતાના પત્રમાં આજે સાચો કહેવામાં ભયંકર ભૂલ કરી છે, એટલુંજ નહિ પણ એવી અસત્ય જાહેરાત કરવાની સ્થિતિમાંય તેઓએ સમાજમાં ઐકયતા સ્થાપવાના તન, મન અને ધનથી સત્પ્રયાસ આદરનાર સેવાભાવી શ્રી મુંબઇ દેવસૂરસંઘ ઉપર આક્ષેપોની જે ઝડીઓ વરસાવી છે તે મોટામાં મોટી ભૂલ કરી છે, એમ હરકોઇ વિદ્વાન્ અને મધ્યસ્થ વાચકોને લાગ્યા વિના રહે તેમ નથી. એના કરતાં તો તેઓશ્રી મૌન રહ્યા હોત તો લાખના લાગતે, એમ નમ્ર અભિપ્રાય છે.

તે પત્રમાં તેઓ કહે છે કે-'સંવત્સરી ભાદરવા શુદ ચોથે પ્રવર્તેલી છે અને શ્રી સંઘને માન્ય પંચાંગમાં ગુરુવારેજ ભાદરવા શુદ ૪, ઉદયાત્ તિથિ છે, તેથી આ વરસે સંવત્સરી ગુરુવારેજ આરાધવી અને આરાધાવવી એ શાસ્ત્રાનુસારી અને પરંપરાનુસારી શુદ્ધમાર્ગ છે.' આ બદલ તેઓને પ્રશ્ન છે કે-'ભા. શુ. ૫ નો ક્ષય હોય તોપણ ભા. શુ. ૪ ઉદયાત સંવત્સરી કરવી' એવું કયા શાસ્ત્રમાં જણાવ્યું છે? તેમજ તેવી પરંપરા પણ તમે કયાં દીઠી છે? જો 'તેવું કોઇ શાસ્ત્રમાં નથી તેમજ તેવી કોઇ પરંપરા પણ દીઠી નથી' એમજ જવાબ છે તો ગુરુવારે સંવત્સરી કરવામાં પાંચમપર્વી અને ૪-૫ ના જોડીયા પર્વનો પણ લોપ થતો હોવાની દોષો તો ઉઘાડી આંખે દેખીજ રહ્યા છો કે? પછી ભા. શુ. ૪ ને ગુરુવારે સંવત્સરી કરવામાં શાસ્ત્ર અને પરંપરાનુસારીપણું જણાવો છો, તે સાચું શી રીતે? આપના ગુરુજીના ગુરુજી અને તેના પણ ગુરુજી **પૂ. આત્મારામજી મહારાજે, સં. ૧૯૫૨ માં આવેલ આ પ્રકારના ભા. શુ. ૫ ના ક્ષય પ્રસંગે** આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મ૦ ના હાથે પંજાબ ગુજરાંવાળાથી સં. ૧૯૫૨ ના જેઠ શુદ ૫ ને રવિવારે ભરૂચ નિવાસી **શેઠ અનુપચંદ મલુકચંદ ઉપર લખાવેલ** (શાસનસુધાકર તા. ૧૦-૯-૪૯ ના પેજ ૫૦ ઉપર તથા તા. ૨૩-૮-૫૧ ના સિદ્ધચક્રના વધારાના પેજ ૧૭ થી ૧૮ ઉપર બ્લોક બનાવીને પણ છપાવાએલ] **પત્રમાં 'ચોથ પાંચમ ભેળાં ગણીએ તો ચોથને દહાડે તો સંવત્સરીની ક્રિયા કરી પરંતુ પાંચમતિથિની ક્રિયા કયે દહાડે કરવી.?'** એ પ્રમાણે જણાવવાવડે ભા. શુ. ૪ અને ભા. શુ. ૫ બંને ય પર્વતિથિને જોડીયાપર્વ તરીકે જુદી જુદી સ્વતંત્ર ઊભી રાખવાની આવશ્યકતા દર્શાવી છે કે? વિવિધ પ્રશ્નોત્તર ભાગ પહેલાના પેજ ૧૦૬ ઉપર આપના ગુરુશ્રી દાનસૂરિજી મ૦ પણ આ ભા. શુ. પાંચમને ઉદ્દેશીનેજ 'આ પાઠમાં શ્રી જગદ્ગુરુ મહારાજ પંચમીનું જેમ આરાધન થાય તેમજ ફરમાન કરે છે' એમ જણાવે છે કે? છતાં આપ તે ભા. શુ. પાંચમને તો 'ચોથમાં સમાઇ ગઇ-એ દિવસે બંને તિથિનું આરાધન થઇ જાય છે' એવું જૂઠું બોલનારના મતને પુષ્ટિ આપવાવડે ભા. શુ. ૫ ને ઉડાવીજ દો છો કે? આ સ્થિતિમાં તે બબ્બે આપનાજ ગુરુઓનાં પણ તે તે ટંકશાળી વચનોને આપ છડેચોક નિહ્નવતા નથી!

જો નિહ્નવોજ છો તો પછી આપશ્રી આપશ્રીને શાસ્ત્રાનુસારી કે પરંપરાનુસારી લેખાવો છો, તે સાચું શી રીતે? મૃષાવાદનું ખુલ્લે ખુલ્લું સેવન કેમ નહિ? આ પ્રશ્નોનો ખુલાસો જાહેર પત્રોમાં આપશ્રીના નામથી જણાવવા કૃપા કરશો કે-જેથી સં. ૨૦૦૦ ના જેઠ માસે તે નવા મતની આ રીતેજ આપ જે તે શબ્દોથી બીક લઇ રહ્યા છો, તેવી જાણ થતાં આ લેખકે આપશ્રીને ૨૭ પ્રશ્નો (કે-જે શાસનસુધાકર વર્ષ ૪, અંક ૧૪-૧૫ ના પેજ ૧૫૧ થી ૧૫૩ ઉપર પ્રસિદ્ધ છે) પૂછ્યા હતા, અને તે સાથે તે પ્રશ્નોના ઇચ્છા મુજબની સભામાં ખુલાસા આપવા પણ આપશ્રીને જણાવેલ હતું, છતાં આપશ્રી, તે વખતે તેવી સભામાં તે નવા મતને સાચો ઠરાવી આપવાની હિંમત બતાવવામાં નાસીપાસજ નીવડયા હતા, તે વાતની પુનરાવૃત્તિ થવા ન પામે. આ. શ્રી વિજયપ્રેમસૂરિજી મ૦ ને અત્ર એક વાત પૂછી લઉં કે-"આપશ્રીએ છેલ્લા છેલ્લા ચાલુ વર્ષના જેઠ માસે ભાવનગર ખાતે પણ તે નવો મત મૂકી દેવા સંબંધમાં મારી જોડે (શેઠ ખાંતિભાઇના ઘરે એકઠા થઇ) મસલત કરવાની તૈયારી પણ મને જણાવી હતી કે? જો હા, તો અમદાવાદ ગયા અને ત્યાંની સેનાના સકંજામાં સપડાઇ જવા પામ્યા એટલેજ એ બધું ચક્કર ફરી જવા પામ્યું, એ મારી માન્યતામાં હું ભૂલતો તો નથી ને? ભૂલતો હોઉં તો તે પણ જણાવવા કૃપા કરશો.

## ખોટું છોડવું નહિં અને સાચું ગાવું કે પકડવું નહિ.

એ નિરધાર ઉપર આવેલા આ૦ શ્રી રામચંદ્રસૂરિજીએ નવો તિથિ મત કાઢયા પછી તે મતને કોઇજ શાસ્ત્રનો કે પરંપરાનો આધાર નથી, એમ શાસનપક્ષે અનેક વખત શાસ્ત્રોના આધારો આપવાપૂર્વક જગજાહેર રીતે સાબિત કરી આપ્યું છે; છતાં પણ તેઓ પોતાના તે મૃતપ્રાયઃ મતને સમાજમાં ચલાવવાજ માગે છે, એમ તેઓશ્રી તથા તેઓશ્રીના અનુયાયી વર્ગ તરફથી પ્રસંગે પ્રસંગે ચાલુ રહેલા અસત્ય પ્રચારો જોતાં કહી શકીએ. એ પ્રચારો સત્યથી ભારોભાર વેગળા હોય છે. એ પણ આપણે સમાજને અનેક વખત બતાવી આપેલ છે. લવાદ નીમવામાં આવ્યા તો લવાદને પણ ફોડી નાખવાનું તેઓશ્રીએ દાખવેલું પરાક્રમ આપણે ખુદ તેઓશ્રીની પણ અનેક હસ્તલિખિત ભેદી ચીઠ્ઠીઓ પકડી પાડી જાહેર કરીને સમાજને સાક્ષાત્ બતાવી આપ્યું છે. એ પછી જાહેર પ્રચારમાં તેઓશ્રી વર્ષો સુધી ઠંડા પડી ગયા હતા. ૨૦૦૬ અને સં. ૨૦૦૭માં પાલીતાણે અમો અને તેઓ સાથે હતા ત્યારે તો 'હું તો મારા ગુરુજી કહે તેમ કરવા તૈયાર છું' એમ જીવાભાઇના પ્રશ્નના ઉત્તરમાં વ્યાખ્યાનપીઠ ઉપરથી બોલીને રડી પડયા હતા. લવાદને ફોડવાના તેઓએ કરેલા અને કરાવેલા કાવતરામાં પકડાઇ જવા પછીથી તો તેઓ પાંચેક વર્ષ સુધી તો તે પ્રકારે નરમઘેંશ જેવા બનીને રહ્યા હતા, પરંતુ પાલીતાણાથી ગુરૂજીથી છૂટા પડી વિહાર કર્યા બાદ તેઓશ્રી અમદાવાદ આવ્યા, અને પોતાની મંડળીની ઉદીરણાથી પૂ૦ આત્મારામજી મ૦ ની સ્વર્ગતિથિ ઉજવવાને ઓઠે વળી પાછો નવા મતને સાચા તરીકે ગાવાનો ઉભરો આણી બેઠા? એટલુંજ નહિં પરન્તુ તે યદ્વાતદ્વા વર્ણનને તે અરસાના પોતાનાં જૈન પ્રવચન (?) છાપામાં અસત્યના સુવિશેષ પટ આપી પડોળું કરીને પ્રસિદ્ધ કરાવ્યું! કેટલી હિંમત? આથી શાંત સમાજમાં વળી પાછું કલેશનું મોજું ફરી વળ્યું અને તેમના તે ભ્રામક લખાણને હતું તે સ્વરૂપે જાહેરમાં ખુલ્લું કરી દેવાની ફરજ આવી પડવાથી શ્રી સિદ્ધચક્ર તા. ૨૩-૮-૫૧ ના વધારા દ્વારા સજ્જડ પુરાવારપુરઃસરનો જવાબ આપીને તે લખાણને અસત્ય ઓરડારૂપે સમાજને ઓળખાવી આપ્યું.

આ પછી તો તેઓશ્રીને તેવી કૂટ રીતે નવા મતને જાહેરમાં સાચો લેખાવવો અને પ્રચારવો એ રહેલ વાત નથી, એમ ભાન થયું લાગે છે કારણ કે-એ પછી લગભગ પાંચ વર્ષ ચૂપ બની રહ્યા છે. જો કે-તે ચૂપકીદીના ગાળામાં પણ 'મારા મતનું મહાન પુસ્તક રચી રહ્યો છું'. એમ પોતાના છાપામાં છ-છ માસે બાર-બાર માસે જાહેરાત તો કરતાજ રહ્યા છે; પરન્તુ એ પુસ્તકને બહાર પાડવું પાડવું એમ ત્રણ વર્ષથી કહ્યા

કરે છે; છતાં બહાર પાડવાની હિંમત તો હજુ પણ કરી શકતાજ નથી !

તે મુંઝવણના સંયોગોમાં આ વર્ષે ભા. શુ. ૫ નો ક્ષય આવતાં અને ગુરૂવારની સંવત્સરીમાં એકલા ઉઘાડા પડી જતાં અત્યંત મુંઝાવાને લીધે 'ભા. શુ. ૫ ને પર્વ-તિથિમાંથી ઉડાવી દીધા સિવાય નવોમત નીભાવવો મુશ્કેલ છે' એવું ચિંતવીનેજ તાજેતરમાં તેઓએ તા. ૧-૬-૫૭ ના જૈન પ્રવચનમાં તો સં. ૨૦૦૭ ના જેઠ માસના પ્રવચનમાં છાપેલ લખાણને ફરીથી પણ છાપવાની છોકરમત કરી છે. તે લખાણને તા. ૨૩-૮-૫૧ ના સિદ્ધચક્રના વધારા વડે શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ તરીકે સાબિત કરી આપેલ હોઇને તેની ઉપેક્ષા કરવામાં આવે છે. 'ખોટું છોડવું નહિં અને સાચું ગાવું કે પકડવું નહિં,' એજ તેઓશ્રીએ હવે નિર્ણય કર્યો જણાય છે. શાસનદેવ તે વર્ગને સદ્બુદ્ધિ આપે અને શ્રી સંઘમાં ઐક્ય સ્થાપાય, એજ શુભેચ્છા.

---

**ચાલુ વર્ષ એટલે વિ. સં. ૨૦૧૩ માં**

**જૈન શાસ્ત્ર અને પરંપરાનુસારી—**

## શ્રી પર્યુષણા પર્વની આરાધનાનો કાર્યક્રમ

**નીચે પ્રમાણે આરાધન કરાયો હતો.**

**શ્રાવણ વદિ ૧૧ બુધવાર તા. ૨૧-૮-૫૭**
**શ્રી પર્યુષણ પર્વ બેઠાં**

**શ્રાવણ વદ ૧૪ શનિવાર તા. ૨૪-૮-૫૭**
**કલ્પધર-કલ્પસૂત્રવાંચન**

**શ્રાવણ વદ ૦)) રવિવાર તા. ૨૫-૮-૫૭**
**પ્રભુ શ્રી મહાવીર જન્મવાંચન.**

**ભાદરવા શુદ ૪ બુધવાર તા. ૨૮-૮-૫૭**
**શ્રી બારસાસૂત્ર વાંચન-સંવત્સરી પ્રતિક્રમણ,**

---

## (ટાઇટલ પેજ બીજાથી ચાલુ)

અનેક પ્રશ્નોનું સમાધાન સમજવું હોય તો **"નવા મતનું સચોટ અને સરલ નિરસન"** વાંચવાથી તે નવા મતની ભેદી જાલ યથાસ્થિત સમજાશે. એટલુંજ નહિં પણ આખાયે નવા મતનું મૂળ ખોટું છે એ સંબંધિની વિગતવાર બીના સિદ્ધચક્ર વર્ષ દશમાની ફાઇલના બધા અંકો તથા પ્રગટ થતા અંકો વર્તમાનમાં વિવેક પૂર્વક વાંચવા માટે અર્થિઓને એટલે સકળ સંઘને ખાસ ભલામણ છે. સાથે સાથે સકળ સંઘને સૂચના છે કે-અદ્યાપિ પર્યંત નવા મતવાળા તરફથી થયેલા લખાણો કે જે લખાણો અનેક વખત અસત્યરૂપે પુરવાર થયેલા છે, છતાં તેઓ તરફથી (નવા મતવાળા તરફથી) બહાર પડતાં સાહિત્યોમાં નવનવીન સ્વાંગની એટલે લખાણની સજાવટ હોવાથી આ આખોયે અંક ("જૈન સમાજ સાવધાન" નામની પુસ્તિકારૂપ) **"નવા મતના પ્રચારનું સચોટ નિરસન"** રૂપે પ્રગટ કરવા તંત્રીને ભલામણ કરી છે. હવે તે પ્રગટ થવામાં વિલંબ થાય તે હેતુથી પ્રથમ બુક રૂપે **'જૈન સમાજ સાવધાન'** આ હેડીંગથી પુસ્તિકા પ્રસિદ્ધ થઇ ચુકી છે, અને સિદ્ધચક્રને વાંચનારાઓની ઇચ્છા સાચું સમજવાની હોવાથી તે બુકનું લખાણ અક્ષરશઃ ચાલુ અંકમાં પ્રસિદ્ધ થાય છે.

---

# સંયુક્ત-અંક અપાય છે.

**ચાલુ વર્ષ-૨૩ માનો ભાદરવા માસનો અંક ૧૨ મો અને નવીન વર્ષ-૨૪ નો અંક ૧ લો (પ્રથમ)** એમ સંયુકત બે અંક સાથે બહાર પડે છે. કારણ કે "નવા મતના પ્રચારનું સચોટ નિરસન" આ લખાણ સંપૂર્ણ આપવાથી વાંચીને અર્થિજીવો સુદૃઢ બને અને બીજાઓને સુદૃઢ બનાવી શકે એ એક સફળ હેતુ છે.

લિ૦ તન્ત્રી.

# જૈન-સમાચાર.

**સુરત**—અત્ર ગોપીપુરા-નેમુભાઇની વાડીના ઉપાશ્રયે પૂ૦ ગચ્છાધિપતિ **શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજીની** નિશ્રામાં સારી રીતે પર્યુષણા પર્વની આરાધના થઇ છે, અને ભાદરવા સુદ ૪ ને બુધવારની સાંવત્સરિક આરાધના શ્રી ચતુર્વિધ સંઘે કરી છે. વિશેષમાં તેઓશ્રીની આજ્ઞાથી હરિપુરાના ઉપાશ્રયે, નવાપુરા ઉપાશ્રયે, વડાચૌટાના ઉપાશ્રયે, છાપરીયા શેરીના ઉપાશ્રયે, સગરામપુરાના ઉપાશ્રયે અને મોહનલાલજીના ઉપાશ્રયે સાધુઓએ સકળ સંઘને નિર્વિઘ્ને પર્યુષણાની આરાધના કરાવી છે. અને દરેક સ્થળે દેવદ્રવ્યમાં, જ્ઞાનદ્રવ્યમાં તથા ગુરૂદ્રવ્યમાં સારી ઉપજ થઇ છે, અને શાસન-પ્રભાવના પણ સારી થઇ છે.

**પટના**—(બિહાર)-અત્ર **પૂજ્ય આચાર્યદેવ શ્રી ચન્દ્રસાગરસૂરિવર્ય મહારાજજીની નિશ્રામાં** ભાદરવા વદ ૩ (ગુજરાતી શ્રાવણ વદ ૩) તા. ૧૩-૮-૫૭ ને મંગળવાર દિને શ્રી અક્ષયનિધિ તપની આરાધના શરૂ થઇ છે. અને તે તપની ભા. સુદ ૪ ને બુધવારે સંવત્સરી દિને સમાપ્તિ થઇ છે. ભાઇબ્હેનોએ સારી સંખ્યામાં તે તપની આરાધના કરી છે. અને આરાધના કરનારાઓની ભક્તિ (એકાસણાદિ કરાવવા) નો લાભ સામુદાયિક એકજ જગાએ લઇ શકાય તે હેતુથી ૧૬ દિવસની ટોળીઓ પણ નોંધાઇ ગઇ છે. અને શરૂઆતમાં જ્ઞાન ખાતે પરાા મણ ઘીની બોલીની ઉપજ થઇ છે. અને બ્હારગામથી પર્યુષણા પર્વની આરાધના કરનારા શ્રાવક-શ્રાવિકા વિના સંકોચે આવી શકે તેથી શ્રી સંઘે કંકોત્રી કાઢીને દરેક સંઘને નિમંત્રણ કરેલ અને આવનાર ભાઇ-બ્હેનોની ઉચીત સગવડ સાચવવા માટે શ્રી સંઘે પુરતો બંદોબસ્ત કરીને લાભ લીધો છે. સુપનાનું ઘી મણ ૪૬૮) થયેલ છે, સૂત્રની બોલી વિગેરેનું ઘી જ્ઞાન ખાતે પર્યુષણમાં લગભગ ૯૯ મણના આશરે થયેલ છે. ભાદરવા સુદ ૫ ને ગુરૂવારે અક્ષય-નિધિવાળા તપસ્વીઓનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. રથયાત્રામાં દેવદ્રવ્યની બોલી લગભગ ૧૩૫ મણ ઘીની થઇ હતી. અને વરઘોડો ઉતર્યા પછી શહેર બાંકીપુરા-મીઠાપુર વિગેરેના સર્વ શ્રાવક-શ્રાવિકાઓનો શ્રી સંઘ તરફથી સ્વામિવાત્સલ્ય થયો હતો. રથયાત્રા માટે રથ-ઇંદ્રધ્વજ વિગેરે બધો સામાન શ્રી પાવાપુરી તીર્થથી મંગાવવામાં આવ્યો હતો, અને તેથી રથયાત્રાની શોભા અનિર્વચનીય હતી. રથયાત્રામાં ત્રણ હાથી હતા, તે પછી પુનઃ રવિવારે શા ડોસાભાઇ રામજી તરફથી સ્વામિવાત્સલ્ય થયું હતું.

**મુંબાઇ**—અત્ર મુંબાઇમાં અને તેના પરાંઓમાં નીચે મુજબ સ્થળે શ્રાવણ વદ ૧૧ ને બુધવારથી ભાદરવા સુદ ૪ ને બુધવાર તા. ૨૮-૮-૫૭ ના દિને સંવત્સરી પ્રતિક્રમણાદિ કરાવવા પૂર્વક આઠ દિન શ્રી પર્યુષણાપર્વની આરાધના નિર્વિઘ્ને સકળ સંઘે કરી છે. ૧. શ્રી ગોડીજી જૈન દેરાસર ધર્મશાળા, ૨. શ્રી આદિશ્વરજી જૈન ધર્મશાળા પાયધુની, ૩. શ્રી શાંતિનાથજીનું દેરાસર પાયધુની, ૪ શ્રી નમિનાથજીનું દેરાસર, ૫. શ્રી શાંતિનાથજીનું દેરાસર-કોટ, ૬. ગોલવાડ હાઉસ, ૭. સેન્ડહર્સ્ટરોડ શ્રી ચન્દ્રપ્રભુનું દેરાસર, ૮. ચૌપાટી જૈન દેરાસર, ૯ મરીનડ્રાઇવ જૈન દેરાસર, ૧૦. વાલકેશ્વર-જૈન દેરાસર, ૧૧, ભાયખલા જૈન દેરાસર, ૧૨. દાદર જૈન દેરાસર, ૧૩. માટુંગા જૈન દેરાસર, ૧૪ શીવ જૈન દેરાસર, ૧૫. કુર્લા જૈન દેરાસર, ૧૬. ઘાટકોપર જૈન દેરાસર, ૧૭. શીવરી જૈન દેરાસર, ૧૮. ચેમ્બુર જૈન દેરાસર, ૧૯. ભાંડુપ જૈન દેરાસર, ૨૦ મુલુંડ જૈન દેરાસર, ૨૧. ઠાણા જૈન દેરાસર, ૨૨. વાંદરા જૈન દેરાસર, ૨૩ માહીમ જૈન દેરાસર, ૨૪. શાંતાક્રુઝ જૈન દેરાસર, ૨૫. વીલેપાર્લે જૈન દેરાસર, ૨૬, અંધેરી-કરમચંદ પોષધશાળા, ૨૭. અંધેરી ગામ જૈન દેરાસર, ૨૮. ગોરેગાંવ જૈન દેરાસર, ૨૯. મલાડ જૈન દેરાસર, ૩૦. કાંદીવલી જૈન દેરાસર. ૩૧. બોરીવલી (વેસ્ટ) જૈન દેરાસર, ૩૨. દોલતનગર (બોરીવલી-ઇસ્ટ).

**ઉપરના સમાચાર મું. સ. તા. ૧૯-૮-૫૭ ના દિને ગીરધરલાલ જીવણલાલ અને કલ્યાણજી વીરપાળ મહેતાની સહીથી પ્રગટ થયેલા છે.**

વિશેષતઃ ઉપર જણાવેલા સ્થળો પૈકી-મુંબઇમાં અને પરાંઓમાં પૂ વિજયપ્રતાપસૂરિજીના શિષ્ય-પ્રશિષ્યાદિએ નવેક જગાએ, પૂ. સ્વ વિજયનેમિસૂરિજીના

સમુદાયના સાધુઓએ પાંચેક જગાએ, અને પૂ. ૨૪૦ આગમોદ્ધારકશ્રી સાગરાનંદસૂરીશ્વરજીના સાધુ સમુદાયે બે જગાએ પર્યુષણા પર્વની આરાધના નિર્વિઘ્ને કરાવેલ છે. મું. સ. તા. ૨૨-૮-૫૭

**પુછનારને ઉત્તર**—મું. સ. તા ૨૪-૮-૫૭ ના અંકમાં આ સાલમાં ગણેશ-ચતુર્થી ભાદરવા સુદ ૪ ને બુધવાર તા. ૨૮-૮-૫૭ના દિને છે, અને ઋષીપંચમી તા. ૨૯-૮-૫૭ ના ગુરૂવારે છે, તો શું આપણે ત્યાં લૌકિક પર્વ સાથે જોડીયા પર્વ તરીકે મનાતી અને આચરાતી ભા. સુ ૪ ને બુધવારે સંવત્સરી તથા ભા. સુ. ૫ ને ગુરૂવારે પંચમી (જ્ઞાન પંચમી) પર્વ આવે છે તે ક્રમ બરોબર છે? ઉત્તરમાં સમજવાનું કે—પ્રાયઃ આ મેળ ઘણી વખત મળતો આવે છે, પણ તે મેળ સાથેજ (અન્યોની માન્યતા સાથેજ) આપણી આ આચરણા છે એમ નથી. જે વારે બેસતું વર્ષ હોય તેજ વારે સંવત્સરીનો નિયમ પણ નિશ્ચિત નથી, તેથીજ ઉપરનો ઉત્તર પ્રાયઃ શબ્દથી આપેલ છે

લેઃ-સુધાવર્ષી.

**વેજલપુર** (સ્ટે. ખરશાલીયા પંચમહાલ) અત્ર **પૂજ્યપાદ શ્રી ચન્દ્રસાગરસૂરિવર્યના વિદ્વાન શિષ્ય મુનિશ્રી રૈવતસાગરજી પોતાના શિષ્ય શ્રી જયઘોષસાગરજી** સાથનું ચાતુર્માસ છે. શ્રાવણ સુદ ૮ ને દિને શ્રી નવપદજીની સામૂહિક આરાધનામાં ૮૧ આયંબીલ થાય તો સારૂ એ હેતુથી શ્રી સંઘ તરફથી આયંબીલ થયેલ. અને લગભગ દોઢસો ઉપરાંતની સંખ્યામાં વૃદ્ધ-યુવાન ભાઇ બ્હેનોની સાથે સાથે નાના યુવકો તેમજ નાના મોટા બાલક બાલિકાઓએ પણ આયંબીલ કર્યાં હતાં. એક ભાઇ તરફથી દરેક આયંબીલ કરનારને એક આનીની પ્રભાવના આપવામાં આવી હતી. તે દિને સ્નાત્રપૂજા સાથીઆ ખમાસમણા દેવવંદન સમસ્ત સંઘ સાથે થયાં હતાં. બપોરે શેઠ કાંતિલાલ અમૃતલાલના માતુશ્રી તરફથી શ્રી નવપદજીની પૂજા આંગી પ્રભાવના રાખવામાં આવી હતી. વ્યાખ્યાન દરરોજ ચાલુ છે, શ્રોતાની સંખ્યા સારા પ્રમાણમાં રહે છે

**નાગપુર**—અત્ર પૂ. સાધ્વી શ્રી નેમશ્રીજી આદિ ૭ ઠાણાનું ચાતુર્માસ છે. વ્યાખ્યાનમાં શ્રાદ્ધવિધિ અને બીજા વ્યાખ્યાનમાં શ્રી મલયાસુંદરીનું ચારિત્ર ચાલે છે શ્રોતાઓમાં બાઇઓ વધુ પ્રમાણમાં લાભ લે છે. શ્રી યુગપ્રધાન તપોધર્મની આરાધના પુરી કરીને બેનોએ શ્રી મેરૂ મંદિરની ઓળી શરૂ કરેલ છે. પર્યુષણા નિર્વિઘ્ને થયાં છે. ભા. શુ. ૪ ને બુધવારની સંવત્સરી આરાધી છે. દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્યમાં ઉપજ સારી થઇ છે અત્ર ગુજરાતી ભાઇઓના લગભગ ૬૦-૬૩ ઘર છે. બે વર્ષ ઉપર ઉપાશ્રય માટે જગા લીધી છે, પરંતુ બાંધકામ માટે હજુ પૈસાની જરૂર છે. સખી ગૃહસ્થોએ પોતાનો હાથ લંબાવવા જેવો છે.

**ઘાણેરાવ**—અત્ર **પૂ. શ્રી હિમાચલસૂરિજી** મહારાજનું ચાતુર્માસ છે, તેઓશ્રીની નિશ્રામાં શ્રી શાંતિવિજયજી મહારાજે માસખમણ કર્યું છે. તેઓશ્રીને આ બારમું માસખમણ છે બીજી ઘણી તપસ્યા થઇ છે. ભા સુ ૪ બુધવારે સંવત્સરી પર્વ આરાધ્યું છે.

**ઉદયપુર** (મેવાડ-રાજસ્થાન) અત્ર **પૂ. શ્રી ચન્દ્રસાગરસૂરિવર્યના શિષ્ય મુનિશ્રી દૌલતસાગરજી** આદિ ઠા ૨ નું ચાતુર્માસ છે. પંચરંગી તપસ્યામાં ભાઇ બ્હેનો સો ઉપરાંત જોડાયાં હતા. અટ્ઠાઇ કરનારા આઠ, નવ ઉપવાસવાળા બે, અને તે સિવાય સાત છ પાંચ ચાર અને અઠ્ઠમ-છઠ્ઠવાળાની પણ સંખ્યા સારી હતી. એક ઉદાર ગૃહસ્થ તરફથી પારણાં થઇ ગયાં છે, અને નિર્વિઘ્ને તપારાધનની સમાપ્તિ થઇ છે. વ્યાખ્યાનમાં શ્રાદ્ધ પ્રતિક્રમણ અને ધન્યકુમાર ચારિત્ર શ્રવણ કરવાનો લાભ શ્રોતાઓ ઠીક પ્રમાણમાં લે છે.

**જીયાગંજ**-(જીલ્લા મુર્શિદાબાદ)-અત્ર **સ્વ. સાધ્વી શ્રી તિલકશ્રીજી મહારાજના સુશિષ્યા સાધ્વી મનોહરશ્રીજીની સુશિષ્યા સાધ્વી શ્રી ઇન્દુશ્રીજી** આદિ ઠાણા ચાતુર્માસ બિરાજે છે તપસ્યા સોળ, આઠ, છ પાંચ, ચાર અને અક્ષય નિધિની ઉજવણી સાથે પર્યુષણા સારી રીતે થયાં છે. ભાદરવા સુદ ૪ ને બુધવારનો સંવત્સરી પ્રસંગ સારી રીતે ઉજવાયો છે મુખ્ય સાધ્વી શ્રી ઇન્દુશ્રીજીના સદુપદેશથી આયંબીલ ખાતા સાધર્મિક યાત્રાળુ ભક્તિ નિમિત્તે પ્રથમ બે એક લાખનું ટ્રસ્ટ કરેલ હોવા છતાં આવકમાં ત્રુટી રહેતી હતી તેથી શ્રીપતસિંહજીના ધર્મપત્ની શ્રાવિકા

પ્રભાકુમારીએ એક લાખ રૂપીયા ઉપર્યુક્ત ટ્રસ્ટમાં વધુ આપવા જણાવ્યું છે.

**રતલામ**—અત્ર સ્વ૦ સાધ્વી શ્રીતિલકશ્રીજી મહારાજજીના શિષ્ય સાધ્વી શ્રી મનોહરશ્રીજી આદિ ઠાણા આઠ ગુગલીયાના ઉપાશ્રયે બિરાજે છે. અને તેઓશ્રીની શિષ્યા સાધ્વી શ્રી ફલ્ગુશ્રીજી આદિ સાત ઠાણા શ્રી વડનગર મુકામે, અને સુરત મુકામે તેઓ શ્રીના શિષ્યા સાધ્વીશ્રી સુમનશ્રીજી આદિ ઠાણા ચાર સુરત-લીમડાના ઉપાશ્રયે ચાતુર્માસ છે, ઉપરના ત્રણ સ્થળે એટલે રતલામ-વડનગર-સુરત મુકામે સકળસંઘ સાથે ભા. સુ ૪ ને બુધવારે સંવત્સરી પર્વની આરાધના નિર્વિઘ્ને થઇ છે દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્યમાં ઉપજ સારી થઇ છે તપસ્યાઓ પણ સારા પ્રમાણમાં થઇ છે.

**જામનગર**—અત્ર પૂ. મુનિશ્રી બુદ્ધિસાગરજી, પૂ. મુનિશ્રી પ્રબોધસાગરજી, પૂ. મુનિશ્રી વિમળસાગરજી, પૂ. મુનિશ્રી અમીસાગરજી અને તેઓશ્રીના શિષ્ય મુનિશ્રી દિવ્યપ્રભસાગરજી ઠાણા ૫ બિરાજે છે. તે પૈકિ મુનિશ્રી વિમળસાગરજીને શ્રી વર્દ્ધમાન તપની ૪૦ મી ઓળી ચાલે છે, અને મુનિશ્રી અમીસાગરજીએ ૨૧ મી ઓળી (વર્દ્ધમાન તપની) કરીને ઉપર અઠ્ઠાઈ કરી હતી. બંનેને નિર્વિઘ્ને પારણાં થયા છે. અઠ્ઠાઇના પારણે પૂ. મુનિશ્રી અમીસાગરજીએ બાત્રીસમી ત્રેત્રીસમો ઓળી સંલગ્ન કરીને શ્રેણિ તપની આરાધના શરૂ કરી છે, તેની સમાપ્તિ પર્યુષણા પર્વની સમાપ્તિ પછી થશે. એટલે પારણું ભા. સુ. ૧૦ ને થશે પર્યુષણા પર્વની આરાધના સકલ સંઘ સાથે નિર્વિઘ્ને થઇ છે અને ભા. સુ ૪ બુધવારે તા. ૨૮-૯-૫૭ ના દિને સાંવત્સરિક પર્વ આરાધ્યું છે. અત્ર પૂ સાધ્વી શ્રી હેતશ્રીજી આદિ ઠાણા પણ ચાતુર્માસ છે. એકંદર શાસન પ્રભાવના સારી થઇ છે. દેવદ્રવ્ય-જ્ઞાન દ્રવ્યમાં ઉપજ સારી થઇ છે.

**અમદાવાદ**—ઉજમફઇની ધર્મશાળાના ઉપાશ્રયે પૂ૦ આ૦ શ્રી ચન્દ્રસાગરસૂરિજી મહારાજના પૂ૦ પરમવિનેય ઉપાધ્યાય શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ આદિ ઠાણાનું ચાતુર્માસ છે. અને શ્રી નવકાર મંત્રનો મહાપ્રભાવ છે, તે ઉપર વ્યાખ્યાન આપવાનું પૂ૦ ઉપાધ્યાયશ્રીજીની નિશ્રામાં પૂ૦ આચાર્ય મહારાજીના શિષ્ય શ્રી ધર્મસાગરજી ગણિના સુશિષ્ય વ્યાકરણ-સાહિત્ય વિશારદ શ્રી અભયસાગરજી મહારાજજી તરફથી દર રવિવારે ચાલુ છે. તે પછી શ્રાવણ સુદ ૧૪ ને દિને શ્રી નવકાર મંત્રની આરાધના નવ દિવસના એકાસણા સાથે શરૂ થયાં. શ્રી નવકાર મંત્ર આરાધન-મંદિરની રચના કરવામાં આવી હતી. તે મંદિરને વિવિધ ફોટાઓ, પટ્ટકો, ચિત્રો આદિથી સુશોભિત બનાવેલ હતું, જેથી હજારોની મેદની દર્શનાર્થે ઉલટી રહી હતી અને તે નવ દિવસમાં શ્રી નવકાર મહામંત્ર પ્રતિ હાર્દિક શ્રદ્ધા ઉપજાવનાર વિવિધ પ્રસંગોની ફુલગુંથણી સમજાવી હતી. એટલુંજ નહિં પણ નવ દિવસની આરાધનામાં રાત્રિ દિવસ એ નવકાર મંત્રનો અખંડ જાપ પણ ચાલુ હતો. તે આરાધનાની સમાપ્તિ અવસરે શ્રા. વદ ૫ ને ગુરુવારે "સાચી આઝાદી" એ વિષય ઉપર મુનિશ્રી અભયસાગરજીએ, અને શ્રાવણ વદ ૬ ને શુક્રવારે "સાચી આબાદી" એ વિષય ઉપર સ્વ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરના શિષ્ય શ્રી ચન્દ્રોદયસાગરજીએ શ્રી ઉજમફઇની ધર્મશાળાએ વ્યાખ્યાન આપ્યાં હતાં.

શ્રા. વદ ૭ ને શનિવારે તા. ૧૭-૮-૫૭ ના દિને શ્રી નવકાર મહામંત્રનું સૈદ્ધાંતિક મહાપૂજન શ્રીચૌમુખજીના દેરાસરે શરૂ થયું હતું. અને શ્રાવણ વદ ૮ ને રવિવારે નવ વાગે શ્રી નવકાર મહામંત્રનો વરઘોડો શ્રી ઉજમફઇની ધર્મશાળાના સંઘ તરફથી ચઢાવવામાં આવ્યો હતો. તથા તેજ દિને બપોરે શ્રી નવકાર મહામંત્રનું માંત્રિક મહાપૂજન પણ શરૂ થયું હતું. આ આરાધનાના બધા દિવસોમાં માનવ મહાસાગર ઉલટ્યો હતો. શાસન-પ્રભાવના અત્યંત સુંદર થઇ હતી લોકો બોલી રહ્યા હતા કે—

" જિનશાસનનો સાર છે, ચૌદ પૂરવ ઉદ્ધાર;
જસ મન એહની આસના, શું કરે તસ સંસાર."

એટલુંજ નહિ પણ શ્રા. વદ ૮ ને રવિવાર હોવાથી વરઘોડો જોવા ગલીએ ગલીએ સેંકડો માણસોની મેદની ઉભરાતી હતી આ વરઘોડામાં બધા ઉપાશ્રયેથી શ્રમણ

ભગવંતોએ લાભ લીધો હતો. આચાર્યશ્રી હર્ષસૂરિજી, આ. શ્રી મહેન્દ્રસૂરિજી, આ શ્રી પ્રેમસૂરિજી, આ. શ્રી મનોહરસૂરિજી, પં. જીતવિજયજી (પાંજરાપોળથી) મુનિશ્રી પુણ્યવિજયજી, પં. કીર્તિમુનિજી, પં. શ્રી સંપતવિજયજી, મુનિ ભાનુવિજયજી અને સાધુ-સાધ્વીઓ ખૂબ પ્રમાણમાં હતા. શ્રાવક-શ્રાવિકાઓની મોટી સંખ્યા હતી. અમદાવાદના બધા ક્રિયા કરાવનારાઓ અને આરાધક મંડળ સૈદ્ધાન્તિક-માંત્રિક પૂજન વખતે બધાની હાજરી હતી. ઉજમફઇની ધર્મશાળાએ પર્યુષણાના **સવારના વ્યાખ્યાનમાં નગરશેઠ વિમળભાઇ તથા આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલભાઈની રોજ હાજરી ચાલુ હતી** ભા. સુદ ૪ ને બુધવારને દિને સાંવત્સરીક પ્રતિક્રમણમાં ઉપરના બંને શેઠીઆઓ તથા શ્રાવકોની મોટી સંખ્યા હતી. સુપનાની ઉપજ રૂ. બે હજાર ઉપરાંતની તેમજ જ્ઞાન ખાતે સારી ઉપજ થઇ હતી. અને પર્યુષણાના વ્યાખ્યાનો પૂ૦ ઉપાધ્યાયજીએ, શ્રી ધર્મસાગરજી ગણિએ અને તેમના શિષ્ય-પ્રશિષ્ય મુનિશ્રી અભયસાગરજીએ અને શ્રી દર્શનસાગરજીએ વાંચ્યા હતા.

વિશેષમાં **સ્વ૦ તિલકશ્રીજી મહારાજની સાધ્વીઓ** (શિષ્યા-પ્રશિષ્યાદિઓ)ના ચાતુર્માસ ગામ-પરગામ ઘણે સ્થળે છે. રતલામ, જ્યાગંજ, સુરત, વડનગર, જલગાંવ, શીરપુર, બુહારી, બાજીપુરા વિગેરે ઘણે સ્થળે ચાતુર્માસ રહીને ભા. સુદ ૪ ને બુધવારની સંવત્સરી નિર્વિઘ્ને કરાવી છે શાસનપ્રભાવના સુંદર થયેલ છે અને તેમના સમુદાયમાં સાધ્વીશ્રી રેવતીશ્રીજીને ૯૭ મી ઓળી, સંવેગશ્રીજીને ૮૭ મી ઓળી, રાજેન્દ્રશ્રીજીને ૮૫ મી ઓળી, અને રતલામમાં સાધ્વીશ્રી મનોહરશ્રીજીને તથા તેમના શિષ્ય સાધ્વીશ્રી સંયમશ્રીજીના સુમનશ્રીજીને પણ ઓળી વર્દ્ધમાન તપની ચાલુ છે.

**ઉજ્જૈન** -અત્ર પૂ **સાધ્વીશ્રીજી સદ્‌ગુણાશ્રીજી અને તેઓના શિષ્યા સાધ્વીશ્રી કીર્તિલતાશ્રીજી** બે ઠાણાનું ચાતુર્માસ છે. દવા કરાવવાના નિમિત્તથી **સ્વ૦ વિજયવલ્લભસૂરિજીના આજ્ઞાવર્તિ સાધ્વી બે ઠાણા** પણ સાથે રહેલા છે. શ્રાવણ વદ ૦)) ને રવિવારે અત્ર ખારાકુવા શ્રી ઋ છ. ના પેઢી હસ્તકના ઉપાશ્રયમાં સાતસો પચાસ રૂપીઆની સુપનાની બોલીની ઉપજ થઇ છે કલ્પસૂત્ર કમલાબેન ગાંધી (મથુરાલાલ કલકત્તાવાળા)ને ત્યાં લઇ જઇને રાત્રિજાગરણ થયું હતું. ત્રિકમલાલ ડાહ્યાભાઇ અમદાવાદવાળાએ, તથા આમલાવાળાએ કલ્પસૂત્ર વહોરાવવાનું અને દર્શન કરાવવાનું ઘી બોલ્યા હતા પર્યુષણામાં નવનવીન રોચક આંગીઓ બનાવવામાં છ કલાક લગભગ ટાઇમ જેઠમલજી, ઇન્દ્રમલજી અને ઓચ્છવલાલજી લેતા હતા. આથી દેવદ્રવ્યમાં અને જ્ઞાનદ્રવ્યમાં સારી ઉપજ થઇ છે. વિવિધ પ્રભાવનાઓ પણ સુંદર થઇ હતી. અને ભાદરવા સુદ ૪ ને બુધવારે સંવત્સરી પ્રતિક્રમણમાં નવો ઉપાશ્રય ચિકાર ભરાઇ ગયો હતો.

**વઢવાણ સીટી**—અત્ર પૂ. **આ. ચન્દ્રસાગરસૂરિજી મહારાજના સુશિષ્ય મુનિશ્રી હંસસાગરજી** આદિ ઠાણાનું ચાતુર્માસ છે. અત્ર સવાત્રણસો લગભગ જૈનોના ઘર ખુલ્લાં છે. શ્રી સંવેગીના ઉપાશ્રયે અને લીમડાના ઉપાશ્રયે શ્રી સંઘ તરફથી સ્વપ્નોની બોલી બોલવાપૂર્વક સ્વપ્નો ઉતારવામાં આવ્યા હતા. બંને ઉપાશ્રયનું મળીને ઘરત મણ ૨૫૧) થયેલ છે, એટલે એકંદર દેવદ્રવ્યમાં સારી ઉપજ થઇ છે. અને ચાતુર્માસ દરમિયાન શાસનસેવાનું ભગીરથ કાર્ય શાસનકંટકોદ્ધારક મુનિશ્રી હંસસાગરજીએ કર્યું છે તે અતીવ પ્રશંસનીય છે. તે કાર્ય એ છે કે-પોતાના નવા મતમાં આકર્ષવા માટે પર્યુષણા આવવા પહેલાં નવા મતવાળાએ ઘણી જહેમતપૂર્વક અસત્ય વાતોના પ્રચાર જૈન-પ્રવચનમાં, મુંબઇ સમાચારમાં, મહાવીરશાસનમાં, અને જૈન જાગૃતિની લેખમાળાના પાંચે મણકાઓમાં આરંભી દીધો હતો. તે બધા લેખોનું વાસ્તવિક જડબાતોડ નિરસન શાસ્ત્ર-પરંપરાની પદ્ધતિએ આપીને "જૈન-જનતા સાવધાન." એ નામની સદાચાર ફર્માની ચોપડી બહાર પાડી છે-પ્રથમતઃ વાંચનારાઓ તે પુસ્તિકા વાંચીને નવા મતની પોકળતા સમજીને વઢવાણ કેંપમાં પુરૂષવર્ગમાં પોણોસો ટકા અને શ્રાવિ-

કાઓમાં લગભગ ૯૦ ટકા ભા સુ. ૪ ને બુધવારની આરાધનામાં મજબુત થઇ ગયા છે. આ એક શાસનની અપ્રતિમ સેવા કર્યાનો નમુનો છે, અને આ પુસ્તિકાના વાંચનનો આ એક આશ્ચર્યકારિ પ્રભાવ છે. આથીજ અમારી સમિતિએ આ સંયુક્ત અંકમાં તે પુસ્તિકાનું લખાણ સંપૂર્ણ આપ્યું છે.

**જોરાવરનગર** -અત્ર **પૂ. શ્રી હંસસાગરજીના સુશિષ્ય મુનિશ્રી નરેન્દ્રસાગરજી અને મુનિશ્રી ધર્મઘોષસાગરજી** પર્યુષણા કરાવવા પધાર્યા છે શ્રી સંઘે પર્યુષણાની આરાધના માટે કંકોત્રી બહાર પાડીને નીચે મુજબના કાર્યક્રમ પ્રમાણે કાર્ય કર્યાં હતાં પર્યુષણા પર્વના ચાર દિન બાદ શ્રાવણ વદ ૦))ને રવિવારે સુપનાની બોલીમાં ૧૧૨૫) મણ ઘીની બોલી થઇ હતી. અને તે દિવસે પતાસાં તથા પેંડાની પ્રભાવના હતી કંકોત્રીમાં વિશેષતઃ કાર્ય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના મંદિર ઉપર સુવર્ણ કલશારોપણનું મુહુર્ત ભા સુ ૬ નું તા. ૩૦-૮-૫૭ ના દિનનું હતું. તેથી તેની બોલીનું ઘી બોલાશે. અને કલશારોપણ પછી પૂ૦ મુનિશ્રી દેશના આપશે. બપોરે પૂજા ભણાશે, રાત્રે આંગી-ભાવના થશે. આ અવસર ઉપર પૂ. મુનિશ્રી હંસસાગરજી આદિ ઠાણા પધારશે. અને વઢવાણ કેંપથી ભા. સુ. ૪ ને બુધવારની સંવત્સરી કરવાવાળાનો મોટો સમુદાય જોરાવરનગર આવતો હોવાથી પૂ. મુનિશ્રી હંસસાગરજી મહારાજ શ્રા વ. ૧૨ થી વ્યાખ્યાન આપવા અત્ર વઢવાણ સીટીથી આવતા હતા. અને તે માટે જાહેર વિનંતિ પત્ર કાઢવામાં આવ્યા હતા.

વઢવાણકેમ્પ નિવાસી શેઠ ચીમનલાલભાઇ ઘડીઆળીએ સુવર્ણ કલશ સજોડે ચઢાવ્યો હતો.

**કલકત્તા**—અત્ર ડહેલાવાળા પૂ. આ. શ્રી વિજયરામસૂરિજીના શિષ્ય ભુવનવિજયજી આદિ ઠાણા ચાર અને સ્વ૦ આગમોદ્ધારક આચાર્ય દેવેશ શ્રી આનંદસાગરસૂરિજીના પ્રશિષ્ય મુનિશ્રી વિજ્ઞાનસાગરજી આદિ ઠા ૨ એમ બે સમુદાયના સાધુઓ તથા બે સમુદાયની સાધ્વીઓના ચાતુર્માસ છે, સાધુઓ હળીમળીને એક સાથે શ્રાવકોને વ્યાખ્યાન પ્રતિક્રમણ કરાવે છે, અને સાધ્વીઓ પણ શ્રાવિકાઓને પ્રતિક્રમણાદિ આરાધના કરાવે છે આવી એકયતા દેખીને હરકોઇ અનુમોદના કરતા હતા, અને બહારગામથી આવનારા પુછે કે પર્યુષણા પર્વ સંવત્સરી કયારે થશે ? ત્યારે પ્રમુખે તે પૈકિ ઘણાઓને કીધેલ છે કે- "સાધુ-સાધ્વીઓ (અહિં ૯૬-કેનીંગ સ્ટ્રીટના ઉપાશ્રયમાં રહેલા) જ્યારે પર્વારંભ અને સંવત્સરી કરશે ત્યારે થશે." પરંતુ પર્યુષણા શરૂ થયા પહેલાં માંદગીના નિમિત્તે પ્રમુખ પોતાના ગામ ગયા, અને ત્યાંથી પર્યુષણા કરવા પ્રાયઃ વઢવાણ કેમ્પ ગયા એમ સાંભળ્યું છે. હવે બાકી રહેલા કાર્યવાહકો અને થોડા શ્રાવક શ્રાવિકા એટલે લગભગ ૭-સાત ટકા વર્ગ ગુરૂવારની સંવત્સરી કરવામાં હતો. આ ઉપાશ્રયના કાર્યવાહકોના દુર અંદેશીપણાનો એટલે દીર્ઘદર્શિપણાનો વાસ્તવિક અભાવ હોવાથીજ દર વર્ષે સુપનાની બોલી રૂા. નવ-દશ હજારની થતી હતી તે ઘટીને લગભગ રૂપીઆ ત્રણ હજારની થઇ હતી. અને ૯૩-૯૪ ટકા ભા. સુ ૪ ને બુધવારની સંવત્સરી કરનારો વર્ગ (ચતુર્વિધ સંઘ) હતો. અક્ષય નિધિના પણ બે વરઘોડા નીકળ્યા હતા.

**પુના**—અત્ર **પૂ. વિજયવિજ્ઞાનસૂરિશ્વરજી** પોતાના શિષ્ય પ્રશિષ્યાદિ સાધુઓ સાથે ચાતુર્માસ છે. શ્રી સંઘના ઉપાશ્રયમાં છે, અને દેવદ્રવ્યમાં સુપનાની બોલીમાં રૂપીઆ પાંચ હજારની ઉપજ થઇ હતી. અને તેઓશ્રીના આજ્ઞાવર્તી **પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી** આદિ ઠાણાની નિશ્રામાં ગોડીવાળા ધડા તરફથી સોનારની ધર્મશાળામાં, તથા **પૂ. શ્રી ભાનુચન્દ્રવિજયજી** આદિ ઠાણાની નિશ્રામાં પોરવાડ ધડાવાળાઓના સ્થળમાં, તથા **પૂ. પં. શ્રી શુભંકરવિજયજી** આદિ ઠાણાની નિશ્રામાં ખિડકીમાં, તથા **પૂ. શ્રી ચન્દનવિજયજી** આદિ ઠાણાની નિશ્રામાં સોલાપુરી બજારમાં એટલે પાંચ સ્થળે પર્યુષણાની આરાધના થઇ હતી. અને ઉપર જણાવેલા સર્વ સ્થલે ભા. સુ. ૪ ને બુધવારની સંવત્સરી સકળ સંઘે આરાધી હતી એટલે નેવું ટકા ઉપરાંતના ચતુર્વિધ સંઘે ઉપર મુજબની

આરાધના કરી હતી. રથયાત્રા વિગેરે કાર્ય શાસન-પ્રભાવનામાં વૃદ્ધિ કરે તેવાં મનોહર હતા. પૂ. સ્વ૦ વિજયનેમિસૂરિજીના સમુદાયે પાંચ સ્થળે એ નિર્વિઘ્ને આરાધના કરાવી છે.

**કત્રાસગઢ**—અત્ર **વિજયભક્તિસૂરિજીના આજ્ઞાવર્તિ સાધ્વી શ્રી રતનશ્રીજી, ખાંતિશ્રીજી, વિશાલશ્રીજી ત્રણ ઠાણાનું ચાતુર્માસ છે.** ભા. સુદ ૪ ને બુધવારની સંવત્સરી નિર્વિઘ્ને પરિસમાપ્ત થઇ છે. તપસ્યામાં નવ ઉપવાસ, અઠ્ઠાઇ, ચાર, અટ્ઠમ અને છઠ્ઠ સારી સંખ્યામાં થયાં હતાં. રથયાત્રાનો વરઘોડો અને બે નવકારશીઓ થઇ હતી. સ્વપ્નાની અને રથની બોલીમાં ૧૮૦૦) મણ ઉપરાંત ઘીની બોલી અને જ્ઞાન ખાતે રૂ. ૩૦૦) ત્રણસો રૂપીઆની ઉપજ થઇ હતી. વ્યાખ્યાનમાં દરરોજ પ્રભાવના ચાલુ હતી અને સાધ્વીજીઓની પ્રેરણાથી ઉપાશ્રય થઇ જવા આવ્યો છે અને મંદિર (જિનમંદિર) થવાની તૈયારીમાં છે.

**ઝરીયા**—અત્ર ભા. સુદ ૪ ને બુધવારની સંવત્સરી કરનારા ભાઇઓ ૩૬ અને બેનો ૨૭ હતા. અનુક્રમે ભાઇઓએ ટી. એમ શાહના મકાનમાં અને બેનોએ વીરજીભાઇ કાનજીના મકાનમાં પ્રતિક્રમણ કર્યાં હતાં. ઉપરના સમાચાર કત્રાસગઢના પત્રથી પ્રાપ્ત થયાં છે. સાધુ-સાધ્વીઓની ગેરહાજરીમાં ગુરૂવાર કરનારા આગેવાનોની મહેનત ગુરૂવાર બધા કરે તેવી હોવા છતાં પણ અતિ શ્રદ્ધાળુ શ્રાવક-શ્રાવિકાઓએ ઉત્કટ વીર્ય ફોરવીને પણ ઉપર મુજબની આરાધના કરી છે.

**પાલીતાણા**—અત્ર મોટી ટોળીના નવા ઉપાશ્રયે **પૂ૦ શ્રી ચન્દ્રસાગરસૂરિના શિષ્ય શ્રી ચન્દ્રકાન્તસાગરજીએ અને શ્રી ચન્દ્રપ્રભસાગરજીએ** નિર્વિઘ્ને પર્યુષણાની આરાધના સકળ સંઘને કરાવી છે. ભા. સુ. ૪ ને બુધવારે સાંવત્સરિક મહાપર્વની આરાધના પણ સુંદર થઇ છે. **ગામમાં નીચે મુજબની તપશ્યા** થઇ હતી. ૩૧ ઉપવાસવાળા ત્રણ, ૩૦ ઉપવાસવાળા ૧૧, ૨૧ ઉપ૦ વાળા એક, ૧૬ ઉપવાસવાળા વીસ, ૧૫ ઉપવાસવાળા અગીઆર, ૧૧ ઉપવાસવાળા પાંચ, ૧૦ ઉપવાસવાળા તેર, ૯ ઉપવાસવાળા પચીસ, ૮ ઉપવાસ વાળા (અઠ્ઠાઇવાળા) પાંસઠ=૧૫૪ તપસ્યાઓ થઇ. તે અનુમોદનીય છે અને **શત્રુંજય વિહારની ધર્મશાળામાં પૂ૦ આ૦ શ્રી ચન્દ્રસાગરસૂરિના શિષ્ય ઉપાધ્યાય શ્રી દેવેન્દ્રસાગરજીના શિષ્યો** શ્રી નંદનસાગરજી, શ્રી નીતિપ્રભસાગરજી અને શ્રી નરદેવસાગરજીનું ચાતુર્માસ છે. અને ત્યાં પણ ભા. સુ. ૪ ને બુધવારની સાંવત્સરિક પર્વની આરાધના નિર્વિઘ્ને થઇ છે.

**ઈન્દોર**—અત્ર મુનિશ્રી ઇન્દ્રસાગરજીનું અને સાધ્વી શ્રી ઠાણા ત્રણનું ચતુર્માસ છે. પુરૂષમાં પૌષધની સંખ્યા ૧૮૦) ની અને બાઇઓમાં પૌષધની સંખ્યા ૨૩૫)ની હતી. ભા. સુ. ૪ ને બુધવારની સંવત્સરી શ્રી સંઘે નિર્વિઘ્ને ઉજવી હતી. પર્યુષણામાં પ્રભાવના શ્રીફળ લાડુ બદામ પતાસાની ચાલુ હતી, સુપનાની બોલી રૂા ૧૫૦૦) ની અને જ્ઞાનખાતામાં. પાંજરાપોળમાં, સંગીતશાળામાં વિગેરેમાં ઠીક ઠીક આમદાની થઇ હતી. તપસ્યામાં નવ ઉપવાસવાળા બે જણ, આઠ ઉપવાસવાળા પંદરજણ, પાંચ ઉપવાસવાળા વીશજણ, અઠ્ઠમમાં એકસોને આઠ, છઠ્ઠમાં એકસોને આઠ, વિગેરે શાસન પ્રભાવના સારી થયેલ છે.

**ઠલીયા**—અત્ર ભા. સુ. ૪ ને બુધવારની સંવત્સરી નિર્વિઘ્ને આરાધી છે. દોઢસો મણ ઘીની ઉપજ થઇ છે. શ્રાવણ વદ ૧૦, ૧૨, ૦)) અને ભા. સુ. ૨ ના ચાર સ્વામિવાત્સલ્ય થયા હતા. શા. હરજીવન જાદવજીએ ઘોડીયા પારણા લઇ જઇને શ્રીફળની પ્રભાવના, રાત્રિજાગરણ, અને ભા. સુ. ૫ ના દિને સકળ સંઘને પારણા પણ કરાવેલ છે તથા તપસ્યામાં એક પંદર ઉપવાસ એક દશ ઉપવાસ, ત્રણ અઠ્ઠાઈ, સાત પાંચ ઉપવાસવાળા, એક છ ઉપવાસવાળા, વગેરે તપસ્યાઓ થઇ હતી. આઠ દિવસ આંગી- પૂજા-ભાવના હતી.

**અમદાવાદમાં સ્વર્ગવાસ**—અત્ર **સ્વ૦ સાધ્વી શ્રી તિલકશ્રીજી મહારાજના પ્રશિષ્યા સાધ્વીશ્રી પ્રધાનશ્રીજી** ૩૫ પાંત્રીસ વર્ષના દીર્ઘ પર્યાયમાં સંયમ-જ્ઞાન-તપની આરાધના કરીને કાળધર્મ પામ્યા છે. સંસારપક્ષે સ્વ૦ સાધ્વીશ્રી શિવશ્રીજી મહારાજના ભત્રીજી હતા. ઓપરેશન કરાવવાથી સ્વર્ગવાસ-પામનાર સાધ્વીશ્રીજી પચીસ વર્ષથી પાંજરાપોળના ઉપાશ્રયે લગભગ સ્થિરવાસ જેવી સ્થિતિ અનુભવતા હતા.

# સમાલોચના

**ચાલુ વર્ષના (નવામતના) ભીંતીયાં પંચાંગના** ભાદરવા માસના કોઠાના મથાળે **ભા. સુ. ૫ નો** ક્ષય લખ્યો છે. માન્યો છે; અને પ્રચાર્યો છે.

અને તેજ પંચાંગના કોઠામાં ૪+૫ ગુરૂ તા. ૨૯-૮-૫૭ લખે છે, માને છે, અને પ્રચારે છે. **'કેટલાંક પર્વો'** આ હેડીંગ નીચે બધા મહિનાના પર્વ જણાવતાં ભાદરવા માસમાં સુદ **૪+૫ ની** સંવત્સરી મહાપર્વ જણાવે છે. એટલે ક્ષયરૂપ પંચમીપર્વને ૪ ને દિને આરાધવાનું કહેલ છે. ખરેખર! મૃત પામેલ છોકરીને શણગાર સજવા જેવી વાત કરે છે. આ નવા મતવાળાની નવીનતા છે.

હવે પર્યુષણ પર્વની આરાધના માટે કાર્યક્રમ જણાવવારૂપ કંકોત્રી કાનપુરથી નીકળે છે, તેમાં **ભાદરવા સુદ ૪ ને ગુરૂવારે** સંવત્સરી તા. ૨૯-૮-૫૭ની લખે છે. એટલે મત કાઢનાર **પંચમીક્ષય, ૪+૫ ભેગાં અને ચોથની સંવત્સરી લખીને** પંચમી પર્વનો ક્ષય સર્વથા એટલે આરાધવી કે નહિ ? તે પણ માયાપૂર્વકનું ત્રિવિધ રીતિએ લખાણ લખે છે.

નવા મતીય આ૦ શ્રી વિજયસિદ્ધિસૂરિજીના સમુદાયના પં. શ્રી કલ્યાણવિજયજીએ "જિનપૂજા પદ્ધતિ" નામની પુસ્તિકા કાઢીને શાસનના પરમાધાર જિનમૂર્તિ અને જિનપૂજા પ્રત્યે તિરસ્કાર દર્શાવીને શ્રદ્ધારહિત શ્રમણવેષધારિપણાનું સ્પષ્ટ દિગ્દર્શન કરાવ્યું છે. અને તે પુસ્તિકા લખનાર હમારી આજ્ઞામાં નથી એ બીના, અને તે પુસ્તિકા શાસ્ત્રવિરૂદ્ધ છે એમ વિજયસિદ્ધિસૂરિજીના આજ્ઞાવર્તિ સાધુઓ લખે છે (પો. કાર્ડથી) અને સાગરસમુદાયના સાધુ સમક્ષ બોલે છે છતાં "જિનપૂજા પદ્ધતિ" ના પ્રકાશન સામે કાર્યસાધક લખાણ લખીને શાસનસેવા કરવા માટે તે ભીરૂ અગર ડરપોક જણાય છે.

અને નવો મત કાઢનાર વિજયરામચન્દ્રસૂરિને નવામતની પુષ્ટિમાં આડુંઅવળું લખાણ તે પં. કલ્યાણવિજયજી તરફથી મળેલ છે તેથી તેઓનો આખો સમુદાય એટલે વિજયલબ્ધિસૂરિજીનો અને વિજયપ્રેમસૂરિજીનો સમુદાય શાસનસેવામાં આ પુસ્તિકાનો વિરોધ કરવામાં નિષ્ક્રિય છે. કારણકે નવામતવાળાને શાસન પ્રત્યે કંઇપણ લાગતું વળગતું નથી, આથીજ સ્વાર્થપુરતી રમત શાસનસેવાના બ્હાને રમે છે:

એટલુંજ નહિ પણ "જિનપૂજાપદ્ધતિના પ્રત્યાઘાતો" આ હેડીંગથી લખનાર લેખક પાસે પોતાની પુસ્તિકાના બચાવમાં શાસ્ત્રીયઆધારો, દલીલો કે યુક્તિઓનું દેવાળું છે. તેથીજ તે પુસ્તિકાની નિષ્ફળતા માટે લખાયેલ લખાણનો રીતસર જવાબ આપવાને બદલે ક્ષણવારમાં ધર્મસાગરજીગણિને, અને પંડિત પ્રભુદાસ બેચરદાસને વ્યક્તિગત ભાંડણચેષ્ટા 'જૈન'પત્રમાં આદરી છે. આથીજ સાબીત થાય છે કે-લેખકને પોતાનું લખાણ પુરવાર કરવાની તાકાત નહોતી તો શ્રદ્ધાહીનપણાના નમુનારૂપ પુસ્તિકા લખીજ કેમ ? જિનપૂજા પુસ્તિકાની નિષ્ફળતાની માંગ વધી જવાથી હિંદીમાં તે પુસ્તિકા બહાર પડશે.

**'જિનપૂજા પદ્ધતિના પ્રત્યાઘાત' જૈનપત્રના લેખો.**

## માનવંતા શુભેચ્છકોને

આ માસિકના નિભાવ માટે ગત વર્ષમાં જે જે શ્રમણ ભગવંતોએ સદ્ઉપદેશ આપેલ છે, અને તદનુસાર જે જે શ્રમણોપાસકોએ ભેટ રકમ મોકલી છે તેનો સમિતિ આભાર માને છે. અને નવીન વર્ષમાં ભેટ રકમો અને લવાજમ ભરનારા ગ્રાહકો વધારીને ચતુર્વિધ સંઘ મોકલે તેવી સમિતિ આશા રાખે છે. ૧૩૫ ઉપરાંતની સંખ્યામાં સમિતિ તરફથી સાધુ સાધ્વીઓ તેમજ સંસ્થાઓને આ માસિક ભેટ જાય છે.

લિ. સમિતિ.

**ભેટ મોકલવાનું સ્થલ. (મનીઓર્ડરથી)**

સંઘવી નરેશચન્દ્રભાઈ ચીમનલાલ
૦ ગલેમંડી, ગોળશેરી;
મુ૦ સુરત. (W. Rly.)

# હમારાં નૂતન પ્રકાશનો


કિંમત-રૂ. આ. પા.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી જ્ઞાતાસૂત્ર ભાગ ૧-૨ નો સારાંશ, તથા શ્રી સૂત્રકૃતાંગ-ભાગ ૧ નો સારાંશ; બંને સાથે ગુર્જર ભાષામાં બુકાકારે- | ૨-૮-૦ |
| (૨) | શ્રી આનંદચન્દ્ર-સુધાસિન્ધુ ભાગ બીજો | ૩-૦-૦ |
| (૩) | શ્રી આનંદચન્દ્ર સુધાસિન્ધુ ભાગ ત્રીજો | ૨-૮-૦ |
| (૪) | શ્રી આનંદચન્દ્ર-સુધાસિન્ધુ ભાગ ચોથો | ૧-૦-૦ |
| (૫) | શ્રી દેશનાનંદ સુધાસિન્ધુ (શ્રી ભગવતીજીની દેશનાઓ) | ૬-૨-૦ |
| (૬) | શ્રી સિદ્ધચક્ર માસિક વર્ષ ૫ માની ફાઈલ | ૫-૦-૦ |
| (૭) | શ્રી સિદ્ધચક્ર માસિકની ફાઇલો વર્ષ ૧૦-૧૧-૧૨ ૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨ ની બાઈન્ડીંગ કરેલી દરેક વર્ષની ફાઇલના | ૪-૦-૦ |
| (૮) | તિથિ-વિષયક-ચર્ચાનું પુસ્તક (સિદ્ધચક્ર વર્ષ-૧૦ માના ૫ માથી ૧૨ મા અંક સુધીનું) | ૨-૦-૦ |
| (૯) | શ્રી જ્ઞાતાસૂત્ર સટીક ભાગ-૧ લો પ્રતાકારે (સારાંશ સહ) | ૮-૦-૦ |
| (૧૦) | ,, ,, ,, ભાગ-૨ જો ,, ,, | ૭-૦-૦ |
| (૧૧) | સિરિસિરિવાલકહા પ્રાકૃત પ્રતાકારે | ૩-૦-૦ |
| (૧૨) | શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનમ્ ભાગ ૧ લો બુકાકારે આનંદબોધિની—ટીકા-પ્રસ્તાવના સાથે | ૩૦-૦-૦ |
| (૧૩) | શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનમ્ (દશ પાદ પર્યંતની બૃહદ્વૃત્તિ-સ્યાદિ—સમુચ્ચયયુક્ત) | ૯-૦-૦ |
| (૧૪) | શ્રી ચન્દ્રપ્રભાસપાટણ તીર્થ મહાત્મ્યમ્ | ૦-૬-૦ |
| (૧૫) | શ્રી તપ ઉદ્યાપન | ૧-૧૨-૦ |
| (૧૬ | શ્રી આગમોદ્ધારક | ૩-૮-૦ |
| (૧૭) | શ્રી પંચ પ્રતિક્રમણ વિધિ યુક્ત | ૧-૨-૦ |
| (૧૮) | શ્રી વર્ધમાન તપો મહાત્મ્ય | ૩-૦-૦ |
| (૧૯) | શ્રી કુમતાહિ-વિષ-જાંગુલીમંત્ર-તિમિરતરણિ | ૨-૪-૦ |
| (૨૦) | શ્રી પંચાશક શાસ્ત્ર સારાંશ (શ્રમણોપાસક પ્રથમનો) | ૩-૦-૦ |

પ્રાપ્તિસ્થાન—

**શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ.**

C/o **સંઘવી નરેશચન્દ્રભાઇ ચીમનલાલ જરીવાળા-ખજાનચી.**

ગલેમંડી, ગોળશેરી—સુરત.

SURAT (W. R.)

(ટાઇટલ પેજ પહેલાથી ચાલુ)

**ત્રણે પદોને એક અર્થવાળા જણાવ્યા છે.** અને શ્રી ધર્મરત્ન પ્રકરણમાં તો જીત વ્યવહારની એટલી બધી પ્રબળતા જણાવી છે કે-આગમમાં સ્પષ્ટપણે કહેવાયેલા અને મહાપુરૂષોએ આચરેલા વ્યવહાર કરતાં પણ જીત વ્યવહારને આધારેજ ચોથની સંવત્સરી, ચૌદશની ચૌમાસી, ચોલપટ્ટાનું બાંધવું, કપડાંનું ઓઢવું, ઝોલીને બે ગાંઠો, અને તરપણીને દોરા દેવાય છે. આથીજ શ્રીમદ્ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજજી પણ સાડી ત્રણસો ગાથાના સ્તવનમાં આજ વાતને અત્યંત દ્રઢીભૂત કરે છે.-ઢાળ ચૌદમી, ગાથા-પાંચમી "સૂત્રે ભણ્યું પણ અન્યથા, જુદુંજ બહુ ગુણ જાણ; સંવિગ્ન વિબુધે આચર્યું, કંઇ દીસે હો કાલાદિ પ્રમાણ સાહેબજી સાચી તાહરી વાણ"॥ ગાથા.

આથી આ ગાથાના ભાવાર્થમાં સ્પષ્ટ છે કે સૂત્રાદિમાં કથન કરેલું ન હોય છતાં વધુ લાભદાયક દેખીને સંવિગ્ન પુરૂષોએ આચરેલું હોય તે બધું જીત વ્યવહાર અગર જીત આચાર છે એમ સમજવું. અને **આ આચરણાને આગમના કથન જેટલી પ્રધાનપણે પ્રામાણિક માનેલી છે.** આથીજ શાસ્ત્રાનુસારિણીજ પરંપરાને અનુસરવી એજ સકલ શ્રી સંઘને સાચી સૂચના છે=સાચી ભલામણ છે.

## ચોથી પેઢીની પરંપરા.

તે જીત આચારનું સ્પષ્ટીકરણ શ્રી વ્યવહાર ભાષ્યમાં અને શ્રી જીતકલ્પ ભાષ્યમાં નીચે મુજબના ભાવાર્થનું છે-સંવિગ્ન બહુશ્રુતોએ પ્રવર્તાવેલો એક પેઢીનો આચાર તેનું નામ **વૃત્ત** આચાર કહેવાય છે, બીજી પેઢીએ તેજ આચારને પ્રવર્તાવ્યો હોય તેનું નામ **અણુવૃત્ત** આચાર કહેવાય છે; અને તેજ આચારને ત્રીજી પેઢી પ્રવર્તાવે તો તેને **જીત આચાર** કહેવાય છે.

વર્તમાનમાં પર્વતિથિની હાનિ વૃદ્ધિને અંગે જે નવા મતવાળાઓનું જુદું કથન, જુદી માન્યતા, અને જુદી આચરણનું સેવન લગભગ વિ. સં. ૧૯૯૨ થી શરૂ થયેલ છે, તે નવા મતવાળાની ચોથી પેઢીના ગુરૂ કે જેઓ વિજયાનંદસૂરિજી મહારાજ ઉર્ફે આત્મારામજી મહારાજના નામથી પ્રસિદ્ધ છે. તેઓશ્રી પોતાના રચેલા જૈન તત્ત્વાદર્શ નામના પુસ્તકમાં પોતાને શ્રી વિજયદેવસૂરજી મહારાજની પાટપરંપરામાં જણાવે છે. તેઓની ઉત્તરોત્તર ચાર પેઢીવાળાઓએ ટીપ્પણામાંની પર્વતિથિના ક્ષય-વૃદ્ધિ પ્રસંગે આરાધના માટે પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિની કંઇક સદીઓથી ચાલી આવતી પરંપરાના અનુસારેજ હાનિ-વૃદ્ધિ કરી છે. વર્તમાનમાં તે વિજયાનંદસૂરિજી-શ્રી આત્મારામજી મહારાજની ચોથી પેઢીએ થયેલા સાધુઓએ 'પર્વતિથિની હાનિ-વૃદ્ધિના પ્રસંગમાં મનગમતું કથન, મનગમતી માન્યતા, અને મનગમતી આચરણા સેવન કરવાથી પોતાને અનુસરતો સ્વલ્પ વર્ગ જુદો પડયો છે. જેને આપણે હાલમાં "નવા તિથિ મત" તરીકે ઓળખીએ છીએ. કારણકે સ્વ૦ આત્મારામજી મહારાજની પરંપરાને અનુસરનારો સ્વ૦ વિજયનેમિસૂરિજીના સઘળો સમુદાય તથા સ્વ૦ વિજયવલ્લભસૂરિજીનો સર્વ સમુદાયના હિસાબે આ વર્ગ તદ્દન સ્વલ્પ છે.

**આથીજ નવા મતવાળા સ્વ. આત્મારામજીની જુની આચરણારૂપ જીત વ્યવહારને કબુલતા નથી. માટેજ ભાદરવા સુદ ૫ નો ક્ષય કરનાર તે એકજ વર્ગ છે કે જેઓએ પોતાની પરંપરા લોપી છે. આથી નવો તિથિમત પર્વતિથિની આરાધના પ્રસંગે પર્વતિથિનો ક્ષય કરે છે, અને પરંપરાને લોપે છે. આરાધનામાં બે પર્વતિથિ કહેવી, માનવી અને આચરવી તે કોઇપણ પ્રકારે શાસ્ત્ર-પંચાંગ-અને શાસનમાન્ય સામાચારીને પણ સંમત નથી. અને શ્રી ભગવતીજી આદિ સૂત્રોના ભાવાર્થને અનુસરતા નથી એટલે તેઓ શાસ્ત્ર-પરંપરાનો લોપ કરીને એટલે ચોથી પેઢીએ પરંપરાના અને શાસ્ત્રાર્થાદિના લોપક બન્યા છે.**

## ભલામણ સાથે સુચના.

વિ. સં. ૧૯૯૨ થી શરૂ થયેલ નવા મતના સંસ્થાપક વિજયરામચંદ્રસૂરિ પોતાના પ્રવચનમાં (વિ સં. ૧૯૯૦ વર્ષ-૬ શ્રાવણ વદ ૯ તા. ૨-૯-૩૪ના પૃ. ૧૭૭ ઉપર) લખે છે કે—"ભા. શુદ ૪ના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે." એટલુંજ નહિં પણ લગભગ એકવીસ વર્ષના ગાળામાં તે નવા મતવાળા તરફથી પ્રગટ થતા વિવિધ-સાહિત્યમાં એટલે જૈન પ્રવચનમાં, મુંબઇ

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ બીજું)

**નવામતના અદ્યાપિ પર્યંતના પ્રચારનું સચોટ-**

## નિરસન વાંચીને શાસ્ત્રાનુસારિ-પરંપરા મુજબની પર્વાદિ-આરાધનમાં સુદૃઢ બનવા માટે

# 'જૈન સમાજ સાવધાન'

(લેઃ—મુનિ હંસસાગર, ઠે૰ સંવેગીનો ઉપાશ્રય, વઢવાણસીટી)

**એ નામની પુસ્તિકાનું સાદ્યંત-લખાણ આ સંયુક્ત અંકમાંનું જરૂર વાંચો-વંચાવો અને મનન કરો.**

**શાસ્ત્રીય-પરંપરાની સંવત્સરી સર્વત્ર વિ. સંવત ૨૦૧૩ ના**

# ભા. શુ. ૪ ને બુધવારેજ

**આરાધવામાં આવી હતી.**

તા. કઃ—જૈન જાગૃતિ લેખમાળાના મણકા વિગેરે લખાણ શાસ્ત્ર-પરંપરા અને જૈનત્વથી રહિત છે.

મુદ્રકઃ—મૂલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ-તન્ત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, ૨૨૪. શેખમેમણ સ્ટ્રીટ-મુંબઈ.